"શ્રીહરિઃ"
"સા વિદ્યા તન્મતિર્યયા..."

"વિદ્યાનિધિ" (ટ્રસ્ટ) દ્વારા પ્રકાશિત ગ્રંથો

ક્રમ	ગ્રંથ નામ	ન્યોછાવર રૂ. (પોસ્ટેજ અલગ)
(૧)	શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ (પાંચમી આવૃત્તિ) શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રી સુબોધિનીજી આદિના આશય સહિત ગુજરાતી કથાત્મક	300-00
(૨)	સુલભ શાન્તિ (હિન્દી) પુષ્ટિમાર્ગના વિચાર-આચારનું સરલ નિરૂપણ	20-00
(૩)	શ્રીપુરુષોત્તમનામ-સહસ્રસ્તોત્ર શ્રીમહાપ્રભુજીના ગ્રંથનું અર્થ સાથે નિરૂપણ નમસ્કારાત્મક નામનિર્દેશ	25-00
(૪)	વ્રજ-વિહાર વ્રજના લીલા સ્થળોનું સશાસ્ત્ર ઐતિહાસિક નિરૂપણ.	60-00
(૫)	શ્રીમદ્ ભાગવતમાં અદ્‌ભુત-વિજ્ઞાન-વિહાર (સંસ્કૃત-ગુજરાતી-અંગ્રેજી) શ્રીમદ્ ભાગવતમાંના અદ્‌ભુત વિજ્ઞાન પ્રસંગો.	100-00
(૬)	પુષ્ટિ-પુલિન ગાગરમાં સાગરની જેમ પુષ્ટિમાર્ગીય શાસ્ત્ર-આચાર-સ્વરૂપ-સેવાનું નિરૂપણ.	200-00
(૭)	કુર્યાત્ સદા મઙ્ગલમ્ લગ્નનો વિધિ તથા મઙ્ગલાષ્ટક	20-00
(૮)	પુષ્ટિ ત્રિવેણી પુષ્ટિપ્રભુ - પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તના ચરિત.	30-00
(૯)	શ્રીમદ્ ભાગવત - સિંહાવલોકન (અંગ્રેજી - હિન્દી - ગુજરાતી) શ્રીમદ્ ભાગવતનું સામાન્ય રેખાંકન.	20-00

"વાક્યવિનોદિની"



સૌ. વિનોદિની નવનીતપ્રિય શાસ્ત્રી

॥ श्रीहरिः ॥
“सा विद्या तन्मतिर्यया....”

શ્રી તત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રી સુબોધિનીજી આદિના આશય સહિત
ગુજરાતી કથાત્મક
“શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ”
(સાત્વતસંહિતા)
સમાહાત્મ્ય સ્કન્ધ ૧ થી ૧૨
વાક્ય સંગ્રહ

“વાક્યવિનોદિની”

: સંગ્રાહિકા :
સૌ. વિનોદિની નવનીતપ્રિય શાસ્ત્રી
(શુધ્ધાદ્વૈત વિશારદ)

: અંગુલિનિર્દેશક :
બ્રહ્મર્ષિ, ભાગવતભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત,
નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી
વલ્લભવેદાન્તાચાર્ય (પ્રદત્તસુવર્ણચન્દ્રક), કાવ્યતીર્થ,
સિવિલ એન્જીનીઅર

: પ્રકાશક :
“વિદ્યાનિધિ”(ટ્રસ્ટ)
નડિયાદ.

॥ श्रीहरिः ॥

પ્રકાશક :

વિદ્યાનિધિ (ટ્રસ્ટ)
"વ્રજવિહાર", કૃષ્ણદર્શન ફ્લેટ પાછળ,
વાણિયાવડ, કોલેજ રોડ,
નડીઆદ - ૩૮૭૦૦૧.
ફોન નં. ૦૨૬૮-૨૫૨૯૮૧૧
Email:- vrajvihar@gmail.com
www.vrajvihar.com

મુદ્રણ વ્યવસ્થાપક :

સી/ઓ. શ્રી યોગેશભાઈ પરીખ
ગુજરાત ઓફસેટ પ્રા.લી.
વટવા, અમદાવાદ .
ફોન. ૦૭૯-૨૫૮૩૧૯૧૫

: ન્યોછાવર :

નિત્યસેવનથી હૃદયની પ્રસન્નતા

આ ગ્રંથના સર્વાધિકાર અંગુલિ નિર્દેશકને આધીન છે.

પ્રથમાવૃત્તિ : પ્રત ૩૦૦૦ વિ.સં. ૨૦૬૮ ઈ.સ. ૨૦૧૧

: ગ્રંથ પ્રાપ્તિ સ્થાન :

શ્રી નવનીતપ્રિય શાસ્ત્રી
"વ્રજવિહાર", કૃષ્ણદર્શન ફ્લેટ પાછળ,
વાણિયાવડ, કોલેજ રોડ,
નડીઆદ - ૩૮૭૦૦૧. (જિ. ખેડા)
ફોન નં. ૦૨૬૮-૨૫૨૯૮૧૧
Email:- vrajvihar@gmail.com
www.vrajvihar.com

॥ श्रीहरिः ॥
"सा विद्या तन्मतिर्यया...."

"વાક્યવિનોદિની"

અનુક્રમણિકા

પૃષ્ઠ નં.

૧. અંગુલિનિર્દેશક ૧-૪૦
૨. શ્રીમદ્ ભાગવત પરિવારના આચાર-વિચાર ૪૧-૪૨
૩. શ્રીમદ્ ભાગવત પરિવારનું મઙ્ગલાચરણ ૪૩
૪. શ્રીમદ્ ભાગવત પરિવારના મઙ્ગલાચરણનું ભાષાન્તર ૪૪
૫. મારી થોડી વાત ૪૫-૪૯
૬. વાક્યવિનોદિની
  માહાત્મ્ય ૫૦-૫૪
  સ્કન્ધ-૧ ૫૫-૬૨
  સ્કન્ધ-૨ ૬૩-૬૮
  સ્કન્ધ-૩ ૬૯-૭૧
  સ્કન્ધ-૪ ૭૨-૭૩
  સ્કન્ધ-૫ ૭૪-૭૫
  સ્કન્ધ-૬ ૭૬
  સ્કન્ધ-૭ ૭૭-૭૯
  સ્કન્ધ-૮ ૮૦-૮૧
  સ્કન્ધ-૯ ૮૨
  સ્કન્ધ-૧૦ ૮૩-૯૮
  સ્કન્ધ-૧૧ ૯૯-૧૧૦
  સ્કન્ધ-૧૨ ૧૧૧-૧૧૫
૭. પરિશિષ્ટ
  ૧) શ્રીભાગવત પ્રકરણ નિર્દેશ ૧૧૬-૧૩૪

॥ श्रीहरिः ॥

श्रीकृष्णं परमानन्दं दशलीलायुतं सदा ।
सर्वभक्तसमुद्धारे विस्फुरन्तं परं नुमः ॥

॥ શ્રીહરિઃ ॥

"વાક્યવિનોદિની" ગ્રંથનો અંગુલિનિર્દેશ

"बुद्धिप्रेरक कृष्णस्य पादपद्मप्रसादतः ।
यथा स्फुरति चित्ते मे कृष्ण तुष्टयै निवेद्यते ॥"

સાકાર આનંદમય બ્રહ્મની લીલા - જડ - જીવ અન્તર્યામી :

બ્રહ્મ એક અને અદ્વિતીય! સાકાર છતાં તેમાં વિકાર નહિ! "આનંદમય" કહીને શાસ્ત્ર તેનો સ્વીકાર કરે છે! અનંત તેની શક્તિયો! અનંત તેની લીલા! કોઈ પાર પહોંચી ન શકે! સમજી ન શકે! તે જેને જ્યારે જેટલું જેવું સમજાવે તેવું જ સમજાય! સૌની બુદ્ધિથી તે પર! તેણે લીલા માટે અનેકરૂપ થવા ઈચ્છયું! ઉચ્ચનીચ ભાવે પ્રકટ થયા! આ બ્રહ્મ સચ્ચિદાનંદ રૂપ! તેની લીલેચ્છાથી તેના સદંશમાંથી જડ પદાર્થો થયા. તેમાં ચિદ્ અને આનંદ હોવા છતાં અનુભવ ન આપે. ચિદંશમાં અસ્તિત્વ હોવા છતાં આનંદ અનુભવાય નહિ. તેને માટે તે મથ્યા કરે. સચ્ચિદાનંદના અંશરૂપે અન્તર્યામી સૌના હૃદયમાં વિરાજે છે. પોતાની માયાથી સૌને ભટકાવે છે. કૃષ્ણની અનન્ય શરણાગતિ કે ભક્તિથી પવિત્ર થયેલા તે ભટકતાં અટકાવે છે. ભગવાંને લીલા માટે વ્યુચ્ચરિત કરેલા ચેતનના અંશો પ્રદીપ્ત અગ્નિના તણખા જેવા! તેમાં પ્રકાશ અને ઉષ્મા હોય ત્યારે તે આત્મા કહેવાય! પછી ભગવદિચ્છાથી આનંદ અને બ્રહ્મના ઐશ્વર્ય-વીર્ય-યશઃ-શ્રી-જ્ઞાન-વૈરાગ્યના તિરોધાનથી, અવિદ્યાના સંબંધથી, "આત્મા" "જીવ" બની ગયો! તણખીમાં પ્રકાશ-ઉષ્મા હોય તે ન રહ્યાં! કાળી કોલસી થઈ ગયો! પ્રાણધારણના પ્રયત્નવાળો થયો તે "જીવ" કહેવાયો.

જન્મ-જીવન-મરણ ભગવદ્વશ :

આ જીવોને ભગવદિચ્છાથી યથાધિકાર શરીર સંબંધ થયો. જીવન

મળ્યું. તેમાં જન્મ "અવશ" છે. જન્મ સામાન્ય રીતે કોઈના હાથની વાત નથી. મળે તેવો સ્વીકારવો પડે છે. આ મળવાનું પણ વ્યવસ્થિત હોય છે. કર્માનુસાર કાલક્રમે પ્રભુ ફલ દે છે. તેના પરિણામરૂપે જન્મ મળે છે. આ પ્રભુ વાસુદેવ છે-કૃષ્ણ છે. "**अकारः वासुदेवः स्यात्**" (ગીતા ૧૦-૩૩) "અ" શબ્દથી તે સૂચવેલું છે. તેથી જન્મ "અવશ" છે. મરણ "વિવશ" છે. "વિ" એટલે કાલ, કાલરૂપે કૃષ્ણ જ છે. "**कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धः**" (ગીતા ૧૧-૩૨). આમ મરણ પણ પોતાના હાથની વાત નથી. કાલાત્મક કૃષ્ણને વશ છે. જીવન "સ્વવશ" છે, એમ લાગે છે. જન્મ "અ-વાસુદેવ" ને વશ છે. મરણ "વિ-કાલાત્મક કૃષ્ણ" ને વશ છે. જીવન "સ્વવશ" લાગે છે, છતાં "પરવશ" છે. "પર" એટલે મૂલ ભગવાન્! "**पुरुषः स परः पार्थ**" (ગીતા ૮-૨૨) તેમની ઈચ્છાનુસાર જ જીવ કર્મો કરે છે. ઉત્તમકર્મ કરાવીને પ્રભુ ઉત્તમ બનાવે છે. હીન કર્મ કરાવીને પ્રભુ હીન બનાવે છે. "**एषउएव साधुकर्मकारयति....**" (કૌ.ઉ. ૩-૮) આ પણ તેમની લીલા જ છે. આત્મસૃષ્ટિ હોવાથી, પોતે જ બહુરૂપ બન્યા હોવાથી તેમાં પક્ષપાત કે ક્રૂરતાનો દોષ નથી. "**आत्मकृतेः परिणामात्**" (બ્ર.સૂ.૧-૪-૨૬) "**वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात्तथाहिदर्शयति**" (બ્ર.સૂ.૨-૧-૩૪) આ બધી નિર્દોષ ભગવાનની નિર્દોષ લીલા છે. તે સમજાય તો જીવનમાં વન જેવી વિકટતા ન લાગે. શરણાગતિ અને સમર્પણપૂર્વક "પરવશ" રહેતાં જીવનમાં આનંદ ઝલકતો અનુભવાય. ભારતના નાગરિકની સ્વતંત્રતા છતાં કાયદા પાસે પરતંત્રતા છે તેમ! બ્રહ્માંશ હોવાથી જીવની નિયત સ્વતંત્રતા છતાં પર (કૃષ્ણ) તંત્રતા જ છે. ભગવાન્ ઈચ્છે તેને જ સંસારી બનાવે, જ્ઞાની બનાવે કે ભક્ત બનાવે. પોતાની મેળે કાંઈ બનાય નહિ. અંતરમાં સ્ફુરણાઓ જ પ્રભુ તેવી કરાવે છે. અજ્ઞાનવશ "હું કરું છું" તેવા અહમ્‌થી જીવને ફલભોગ કરવો પડે છે, પ્રભુ કરાવે છે. શાસ્ત્રસેવન કે સત્સંગથી કે કૃપાથી પ્રભુ અંતઃસ્ફુરણાઓને સાકાર બનાવે છે, દિશા દે છે, પ્રબલ બનાવે છે. આ પણ છે તો નિર્દોષ ભગવાનની નિર્દોષ લીલા જ!

નિશ્ચિત જીવન-ધ્યેયપૂર્વક જીવનયાત્રા :

જીવનમાર્ગમાં આવતાં પ્રલોભનો કે ભયથી અટકયા વગર, ધ્યેયની દિશામાં આગળ વધ્યે જવું, ધ્યેય વગરતો ક્યાંય જવાય નહિ, ધ્યેયની સ્ફુરણા પણ પ્રભુ જ કરાવે છે. પ્રભુની ઈચ્છાથી જ બધું થાય છે તેથી કોઈ જીવનધ્યેય વગર જીવન વેડફી ન દેવાય. ભગવાને જેવાં બનાવવા ઈચ્છયાં હશે, જેવું બનવાનું ઈચ્છયું હશે તેવી તેની પ્રબલ સ્ફુરણાઓ મનમાં પ્રભુ દે છે. સત્સંગથી સમજ મેળવીને જીવન ધ્યેય સ્પષ્ટ અને દઢ નિશ્ચિત કરવું, તે દિશામાં જીવવાનો પ્રયત્ન કરવો. આવું જીવન તો યાત્રા જેવું પવિત્ર બની જાય. આ જીવનયાત્રા છે. ધ્યેય વગર તો કાંઈ કરી ન શકાય, કયાંય પહોંચી ન શકાય, જીવન વ્યર્થ વેડફાઈ જાય. અંતઃ સ્ફુરણાનુસાર પોતે નક્કી કરેલાં સ્પષ્ટ અને દઢ જીવન ધ્યેય સુધી પહોંચવા માટે પ્રયત્નો કર્યા કરવાના. તેમ જીવતાં, ભણવાનું, કુટુંબ વસાવવાનું, કુટુંબને હસાવવાનું, તે માટે જરૂરી નોકરી-ધંધા વગેરે કરવાના. લૌકિક સંગ-પ્રસંગોમાં જવાનું, મોજશોખ પણ કરવાનાં. આ બધું આવી પડે છતાં તેમાં ખોવાઈ-ખોરવાઈ-ખોટકાઈ નહિ જવાનું, અટકી નહિ પડવાનું. સેવા નિરત-શાસ્ત્રજ્ઞ ગુરૂ, પ્રભુકૃપાએ મળી આવેલાં સત્સંગ, વગેરેનાં માર્ગદર્શન પ્રમાણે સલામત રીતે જીવનયાત્રા ધ્યેય સુધી પહોંચાડવાની.

અજ્ઞાનથી આથડતાં ને સાચી સમજ :

પ્રસિદ્ધોક્તિ પ્રમાણે - "હું કરું હું કરું એ જ અજ્ઞાનતા" છે. તેમાં

આથડતાં જીવને વિકટ સંકટ અનુભવાય છે. નિકટમાં પ્રભુ હોવા છતાં અપ્રકટ હોવાથી, આનંદ મળતો નથી, ઉદ્વેગ મળે છે. પ્રાણીમાત્ર આનંદ માટે પ્રયાસ કરતાં આથડતાં રહે છે. તેમાં અકળામણ-અથડામણ અનુભવે છે. જીવનમાં પરિસ્થિતિ-પરિવાર પ્રતિકૂળતાથી પીસે છે. સુખની આશામાં સંસાર સાગરમાં ડૂબકાં દે છે.તે દુઃખ વધારે છે. કાલક્રમે કર્માનુસાર મળનારાં દુઃખને દૂર કરીને સુખને મેળવવાના પ્રયત્નોમાં માનવ રાચે છે. આમ, બ્રહ્મલોકથી લઈને પાતાળ સુધીમાં આથડતાં જે નથી જ મળતું તે (ભગવાન્ કે ભક્તિ) માટે પ્રયત્નો કરવાનાં હોય. આ વાત તો સમજુ માણસ માટે છે. અણસમજુ તો આથડ્યા કરે!

જીવોની ત્રિવિધતા :

સંસાર-કાલપ્રવાહમાં વહી જનારો જીવ, મરજી મુજબ મ્હાલનારો, જન્મ-મરણમાં આથડ્યા જ કરે છે. ક્યારેક પોતાપૂરતું કાર્ય ન કરતાં પરોપકારમાં રાચે. માનવ હોવા છતાં માનવતા મુરઝાતી લાગે. માનવતા માટે મથે પરંતુ તેનાથી પર પણ કંઈક છે તેની ખબર ન હોય. આ લોક કે પરલોક સાધવા મથે. છેવટે પાછો જ પડે. સંસારમાં ઘૂમ્યા કરે. આ જીવ (કાલ) પ્રવાહ માર્ગનો કહેવાય છે. ભગવદિચ્છાથી મન વડે પ્રકટ કરેલા આ જીવો છે.

પ્રભુએ ઈચ્છાથી વાણી વડે પ્રકટ કરેલા મર્યાદામાર્ગીય જીવ, શાસ્ત્ર અને સત્સંગના સેવનથી, કલ્યાણથી લઈને કૈવલ્ય સુધી, યથાધિકાર મથ્યા કરે છે. કષ્ટ વેઠીને પણ શાસ્ત્ર કે સંતે કહેલાં માર્ગે કલ્યાણથી મોક્ષ સુધીના સાધનોમાં રાચ્યા કરે છે.

પુષ્ટિમાર્ગના જીવ પ્રભુએ પોતાની કાયામાંથી સેવા માટે પ્રકટ કરેલા હોવાથી પ્રભુની સેવામાં જ રાચતા રહે છે. તેમાં નાચતા રહે છે. પોતા માટે

નહિ, પારકા માટે નહિ, આ લોક-પરલોક માટે નહિ, કલ્યાણ કે કૈવલ્ય માટે નહિ, કેવલ કૃષ્ણ માટે મથ્યા કરે છે. આનંદ તેમાં માણ્યા કરે છે.

કેટલાક લોકો મનમોજ પ્રમાણે મ્હાલે, જપપાઠાદિમાં પણ ભાગ લે, સેવાકથામાં પણ દોડી જાય, જેવો સંગ-પ્રસંગ એવો રંગ લાગે, બધામાં ભટકે, અટકે ક્યાંય નહિ. આવા જીવો "ચર્ષણી" ભોગપરાયણ એશારામી હોય. તેમની સ્થિર રુચિ કયાંય ન હોય!

પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન રાખતી વિવિધ સમજ :

આ ત્રણેયને જીવવાનું તો લોકસંપર્કમાં હોય, રહેવું પડે. તેમાં સંતાપ પણ થાય. મન વિકલ પણ થાય. ડગી જવાય, ડરી જવાય, તેમાંથી અચલ રાખનારાં ઉપાયો પ્રસિદ્ધ છે. પરિસ્થિતિ કે પરિવારની પ્રતિકૂળતામાં આથડતાં જીવો જુદાં-જુદાં આશ્વાસનોથી શાંતિ મેળવવા મથે છે. (૧) **"વિવેક"** : હરિએ સઘળું નિજેચ્છાથી કર્યું હતું, કરે છે અને કરશે તેવી તેમની લીલા જ છે. આવી સમજ "વિવેક" છે. નિજેચ્છા એટલે પોતાની ઈચ્છા કે પોતાનાં (નિજ) જનોની ઈચ્છા! આ તો ભક્તિમાર્ગીય વિવેક છે. વેદાંતના કે સાંખ્યના નિત્યાનિત્ય વિવેક કે આત્માનાત્મ વિવેક કરતાં જુદો છે. લોકોનાં યોગ્યાયોગ્યતારૂપ વિવેક કરતાં પણ જુદો છે. (૨) **"ધૈર્ય"** : તન-ધન-જન કે મનનાં કે દૈવનાં બધાં દુઃખો, બધાં તરફથી, જન્મથી મરણ પર્યન્ત સહન કર્યાં કરવાં, ધીરજ રાખવી, ડરવું-ડગવું નહિ, ઉગ્ર-વ્યગ્ર થવું નહિ, પોતાના અચલ ધ્યેય તરફ આગળ વધ્યા કરવું તે છે-"ધૈર્ય" ! બહુ સહન કર્યું મેં એવા અજ્ઞાનથી ભાવનું દહન કરનારા, બોજાનું વહન કરનારા લોકો તો બળતરા અને બડબડાટમાં ડૂબકાં ખાતાં રહે છે. પ્રતિકૂળતામાં પણ શાંત રહેવું, સન્મુખ રહેવું, પ્રસન્ન રહેવું તે સહન કર્યું કહેવાય. પોતાનો કોઈ દોષ દેખાતો ન હોવા છતાં બધાં તરફથી દુઃખો મરણપર્યન્ત સહન કર્યા કરવા. (૩) **"આશ્રય"** : અશક્ય કે સુશક્ય બધી

પરિસ્થિતિમાં મારા પ્રભુ જ મારા રક્ષક છે-પોષક છે-શિક્ષક છે તેવી દૃઢ સમજપૂર્વક, તેવી વાતો અને વિચારો કર્યા કરવા, તે સન્મુખતા સાચવીને આનંદ આપે છે. આમ, વિવેક-ધૈર્ય-આશ્રય, જીવનમાં આનંદ અનુભવ માટે ખૂબ ઉપયોગી છે,- એમ શ્રીમહાપ્રભુજીએ દર્શાવ્યું છે.

ભગવાનની તિજોરીમાં શી ખોટ છે કે આપણને અણગમતી પરિસ્થિતિ કે પરિવાર આપ્યાં ?! આપણી પાત્રતા પ્રમાણે આપ્યાં છે. તેમાં કોઈનો કાંઈ દોષ નથી. ભગવાને આપેલાં હોવાથી તેમનો આદર જ થાય, અભાવ તો ન જ થાય!

પ્રારબ્ધાનુસાર ઋણાનુબંધથી જોડાયા હોવા છતાં તે જોડાણ તો ભગવાને જ કરાવ્યું છે. બધાં ભગવાને જ દીધેલાં છે. તેમના આદરથી ભગવાનનો આદર છે. તેથી ભગવાન્ પ્રસન્ન થાય છે. આપણે ઘેર કોઈ સ્વજન મહેમાનને મોકલે, તે મહેમાન આપણાં અણગમતા હોવા છતાં તેમને આદર-આત્મીયતા અને આનંદથી વધાવી લઈએ, તેમાં મહેમાન પ્રત્યે નહિ પણ મોકલનાર પ્રત્યે આદર છે, અનાદરમાં મોકલનાર પ્રત્યે અનાદર છે, તેમ પ્રતિકૂળ સંયોગો કે સ્વજનોને પ્રેમથી પ્રસન્નતાથી અપનાવી લેવા તે પ્રભુ પ્રત્યેનો આદર છે.

પ્રિય ભગવાને જે ગુજાર્યું હોય તે સુખ-દુ:ખ શરણ ભાવે સહી લેવાં. પ્રિય પ્રભુએ જ દીધેલાં હોવાથી અતિપ્રિય ગણી લેવાં. સંસારનાં સંતાપમાં સપડાવું નહિ.

"ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે;
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે"

આ પંક્તિઓ પ્રસિદ્ધ છે. ભગવાન્ જગતનો નાથ છે. તે જે દે, સુખ કે દુ:ખ, અનુકૂળતાં કે પ્રતિકૂળતા, તે સહન કર્યે જ છૂટકો છે. ભગવાન્ જગતનો નાથ છે તે કર્મફલ દે છે. કર્મ સ્વતંત્રફલ દઈ શકતાં જ નથી. કાલક્રમે પણ કર્માનુસાર ફલ ભગવાન્ પોતાની ઈચ્છાથી જ દે છે, એમાં મર્યાદા છે. સ્વતંત્રરૂપે પણ ભગવાન્ સ્વેચ્છાથી ફલ દઈ શકે છે, તે પુષ્ટિ છે. આ પણ લીલા છે. ભગવાન્ સર્વતંત્ર સ્વતંત્ર છે. તેમનો નિયામક કોઈ નથી. તે ઈચ્છે તેમ કરે! તેમાં કાલ-કર્મ-સ્વભાવ-મંત્ર-તંત્ર-યંત્ર-ગ્રહ-દેવી-દેવતાં વગેરે કોઈ કાંઈ જ ફેરફાર કરી શકતાં નથી. આ મર્યાદા સમજ છે. પુષ્ટિમાં પ્રભુ પ્રિય છે. જે કરે કે દે, તે પ્રિય જ લાગવું જોઈએ! -પોતાને ગમે કે ન ગમે! આ પ્રેમનો સ્વાભાવિક ધર્મ છે - પુષ્ટિ છે.

"હું હરિનો, હરિ છે મમરક્ષક, એહ ભરોસો જાય નહિ;
જે હરિ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ."

આ પદ્ય પણ પ્રસિધ્ધ છે. હરિમાં વિશ્વાસ હોય તેને નિ:શ્વાસ મૂકવાનો સમય ન આવે.

ચારે તરફનાં ઊભરાતાં અનર્થોમાંથી અકળામણ-ગભરામણ થતી હોય, કલહ-કલેશ ઊભરાતાં હોય, શું કરવું એ ન સમજાતું હોય તો સ્પષ્ટ માર્ગદર્શન છે.

"अयं तु युगधर्मो हि वर्तते कस्य दूषणम् ।
अतस्तु पुण्डरीकाक्षः सहते निकटे स्थितः ॥"

(પા.ભા.મા. ૧-૭૭)

કલિ એટલે કલહ અને ક્લેશ. તેમાં કઠિનતા, કઠોરતાં, ક્રૂરતાં, કાળજું કંપાવે તેવા અનુભવાતાં હોય, એ તો સ્વાભાવિક છે. કલિયુગ છે ને! આ તો યુગધર્મ છે. તેમાં કોનો દોષ છે ? કલિયુગ હોવાથી તે એકલો નથી, તેની સાથે છુપાયેલો બીજો પણ છે, તે છે કૃષ્ણ. તેથી કલિયુગ કહ્યો છે. કૃષ્ણ ક્યાંય ગયા નથી. નિકટમાં હોવા છતાં પ્રકટ નથી. તે પણ પાસે

રહીને અનર્થો સહન કરે છે. તો આપણે પણ તેમનાં આશ્રયે રહીને સહન કરવાનું હોય ને?!

चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत्करिष्यति ।
तथैव तस्य लीलेति मत्वा चिंतां द्रुतं त्यजेत् ॥
(નવરત્ન - ૮)

ભગવાન્ આનંદમય છે. તેમની લીલા પણ આનંદમયી છે, છતાં ક્યારેક અદ્‌ભુતકર્મા કૃષ્ણ ઉદ્વેગ પણ કરાવે છે! આ ઉદ્વેગ કરાવીને કરે છે તે પણ તેમની લીલા છે. લીલામાં દાસથી ઉદાસ ન થવાય.

सर्वं सहेत परुषं सर्वेषां कृष्णभावनात् ।
वैराग्यं परितोषं च सर्वथा न परित्यजेत् ॥
(સર્વનિર્ણય - ૨૩૩)

બધાં રૂપે કૃષ્ણ છે. બધામાં કૃષ્ણ છે. એવી ભાવનાથી બધાં તરફથી બધી કઠોરતાં-કર્કશતા-કપટ-ક્લેશ સહન કર્યા કરવાં, સામનો ન કરવો. મન પણ ન બગાડવું, વૈરાગ્ય અને સંતોષ છોડવા નહિ. પોતાનામાં પણ કૃષ્ણ છે કે પોતે કૃષ્ણ છે એવી વિપરીત ભાવનાથી સામા પ્રત્યે કઠોરવાણી - કર્કશ વર્તન ન કરવા આત્મલક્ષી વિચારો ઉન્નતિ આપે છે. પરલક્ષી વિચારો પતન કરાવે છે.

પોતાના મનમાં લોકોના દોષ જોતાં રોષ થતો હોય, સંતોષ ન થતો હોય, તો એ પોતાની બેવકુફી ન કહેવાય?! દોષ બીજાનો છે, આપણો નહિ. તેમાં તેને તો બળતરા થતી નથી અને આપણને બળતરા થાય છે. - શાંતિ આપણી ચાલી જાય છે. આમઆ રીતે પારકાનાં દોષે રોષથી અશાંત થઈ જવું એ પોતાની બેવકુફી નથી?! કોઈ સંતે આ સમજાવ્યુ છે.

માનવ સમાજમાં તો શાસ્ત્ર સેવનથી, સંત સમાગમથી સાચી સમજ સુલભ હોય. સમજવાળો માનવ-સમૂહ એ “સમાજ” કહેવાય. આવી

સમજ વગરનો સમાજ તો “સમજ” કહેવાય. સંસ્કૃત વ્યાકરણમાં પશુનાં ટોળાને “સમજ” કહેલું છે. પ્રલોભનથી આકર્ષાઈને કે ભયથી ભિંસાઈને, લાલચથી લાચાર બનીને, દોડતો માનવ મહેરામણ એ “સમજ” નથી લાગતો?

ભગવાનની થયેલી કૃપાનો વિચાર કરવો, વિશેષ કૃપાની તીવ્ર આતુરતાથી રાહ જોવી, પોતે જ કરેલાં કર્મના ફલરૂપે સુખદુઃખ ને ભોગવ્યે જવાં. અસહ્ય લાગે તો ભગવાનની આતુરતાથી શરણાગતિ કરવી - હૃદય, વાણી અને કાયાથી!

બાવળ પોતે વાવ્યા હોય તો કાંટા જ મળે ને? કેરીની અપેક્ષા શી રીતે રખાય? કોઈને દુઃખી કર્યા હોય તો દુઃખ મળે, સુખી કર્યા હોય તો સુખ મળે, પ્રભુને ભજ્યાં હોય તો આનંદ મળે.

બધાં રૂપે ભગવાન્ છે. જે કરે છે તે ભગવાન્ કરે છે, બને છે તે ભગવાનની લીલા છે. નિર્દોષ ભગવાનની લીલા નિર્દોષ છે. આનંદમય ભગવાનની લીલા આનંદમયી છે. તેવી સમજથી ભગવાનને જાણવા માણવાનો યત્ન કરતાં રહેવું.

સર્વરૂપે ભગવાન્ હોવા છતાં ગુણદોષો તો દેખાય છે! :

ભગવાન્ સ્વેચ્છાથી લીલા માટે સર્વરૂપ બન્યા છે. ભગવાનમાં બધાં ધર્મો છે, છતાં પણ વસ્તુરૂપે કે વ્યક્તિરૂપે જેટલાં ગુણધર્મો તેમાં જરૂરી હોય તેટલા જ પ્રકટ રાખે છે. બાકીનાં તિરોહિત કરે છે-અનુભવ દેતાં નથી. સોનામાં જેટલાં ગુણધર્મો જરૂરી હોય તેટલા તેમાં પ્રકટ રાખે છે. બાકીનાં અનુભવ નથી દેતાં. તેનો અનુભવ કે વ્યવહાર સોના રૂપે જ થાય છે. શાકમાં જે ગુણધર્મો જરૂરી હોય તે તેમાં પ્રકટ રાખે છે. બાકીનાં તિરોહિત કર્યા હોવાથી અનુભવ દેતાં નથી. તેથી, તે સોના કે શાક રૂપે જ કામકરે,

અનુભવ તેવો જ દે, ઉપયોગ તેમજ થાય. સોનાનું કામસોનું કરે, શાકનું કામશાક કરે. ભગવાન્ હોવા છતાં તે બીજું કામન કરે. તેની સાથે વ્યવહાર શાક કે સોના રૂપે જ થાય. તેમવસ્તુ કે વ્યક્તિ રૂપે ભગવાન્ જ છે. છતાં જરૂરી ધર્મો જ પ્રકટ કર્યા હોવાથી તે વસ્તુ કે વ્યક્તિ રૂપે જ ઓળખાય છે-અનુભવાય છે. વ્યવહાર તેની સાથે તેવો જ થાય છે. ગુણદોષો પણ તેમાં અનુભવાય છે. પોતાનાં મનમાં, બધુ ભગવાન્ છે,- તેવો ભદ્રભાવ રાખવાનો અને વ્યવહાર શાસ્ત્ર પ્રમાણે શિષ્ટાચાર હોય તેમ રાખવાનો. ગીતામાં ગોવિંદે ગાયુ છે - "**विद्या विनय संपन्ने ब्राह्मणे गवि हस्तिनी । शुनि चैव श्वपाकेच पण्डिताः समदर्शिनः**"(ગીતા ૫-૧૮) વિદ્યા વિનય સંપન્ન બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં અને ચાંડાલમાં પણ પંડિતો સમદૃષ્ટિવાળા હોય છે. સમાન વ્યવહારવાળા નહિ! બ્રાહ્મણ, ગાય, હાથી વગેરેમાં હાથી, કૂતરું કે ચાંડાલ બધા રૂપે ભગવાન્ જ છે, તે સૌમાં ભગવાન્ છે, પાંચ ભૌતિક દેહ-અંદરનો બ્રહ્માંશ જીવ સાથેનો અંતર્યામી સૌમાં સમાન જ છે તે દૃષ્ટિ રાખવાની. ભગવાન્ રૂપે સૌને ઓળખવાના, અનુભવવાના પરંતુ વ્યવહારતો તેમના અનુભવ પ્રમાણે જ બ્રાહ્મણ-ગાય વગેરે રૂપે રાખવાનો! બ્રાહ્મણ અને કૂતરાને સાથે જમાડાય નહિ. યોગ્ય રીતે જુદાં જ જમાડાય. દૃષ્ટિની સમાનતા છે, ભગવદ્ભાવ છે, પરંતુ વ્યવહાર તો અનુભવ પ્રમાણે શાસ્ત્રાનુસાર જ છે. આમ, સિદ્ધાંત અને વ્યવહારનો સુમેળ સધાઈ જાય. વિસ્મય, વિષમતા કે મૂંઝવણ ન રહે.

જીવન સ્વવશ છે. તેમ માનીને જીવે તો જીવાય. મસ્તીમાં મસ્ત રહેવાય, પણ અવશતા-વિવશતા કે અન્યવશતા ના ભાને અનુભવે, પરવશતાના પરિચયે જીવન જીવવું તો પડે પણ જીરવાય નહિ! આવા બધાં શાસ્ત્રવિચારોથી જીવન જીવાય-જીરવાય, તો તે હળવું આનંદ સભર બને, ઉત્સાહ વધે, અભિમુખતા વધે.

જીવનની સમજ : ત્રણ પ્રકૃતિવાળાં જીવો :

પ્રભુએ આપેલું જીવન તો મહાસાગર જેવું છે. જીવની સમજ તો છીછરાં છલુડાં જેવી છે. છીછરું છલુડું મહાસાગરને શું માપી શકે ?! સૌ પોતપોતાની સમજ પ્રમાણે જીવનને સમજે છે-મૂલવે છે-માપવા મથે છે. યથાધિકાર ઉદ્વેગ કે આનંદમાં ડૂબકાં મારે છે, મૂંઝવણ-મુશ્કેલી-મથામણમાંથી છુટકારો મેળવવા મથે છે. લાચાર બનીને સ્વાચાર કરે છે કે મત્ત બનીને મ્હાલે છે કે શાંત રહીને સન્મુખ રહે છે-સુખ માણે છે. શાસ્ત્ર કે સત્પુરુષોનાં સેવનથી સાચી સમજ મળે. તે પ્રમાણે વિચાર અને આચારથી જીવનમાં આનંદ-લહરી અનુભવાય.

શ્રુતિમાં "**जायस्व म्रियस्वेति...**" (છાં.ઉ.૫-૧૦-૮) જન્મ અને મરણનાં પ્રવાહમાં, અખંડ ઘસડાયા કરતા જીવોને આ જ ફલ છે,-ઘસડાવું તે! જન્મ અને મરણની વચમાં આવતું જીવન અને તેમાં આવતું યૌવન તો વિકટ છે, પશુપ્રકૃતિનો જીવ પેટ ભરવાનાં પ્રયાસોમાં જીભનાં સ્વાદ વગેરે વિષયોમાં બરબાદી વ્હોરે છે. પાંચ ઈન્દ્રિયોથી પાંચ વિષયો (શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધ) ના ભોગમાં પોતે ભીંસાતો રહે છે. આમાંથી બચે શી રીતે ? તેમાં પણ આનંદ ભાસે છે. લારીનાં પાણીપૂરી-હોટેલમાં વિવિધ ભોજન-કપડાં-આભૂષણ-સૌંદર્ય-પ્રસાધનો-સિનેમા-ટી.વી.-નાટક... વગેરેનાં ભોગમાં સપડાય છે. તેની પશુપ્રકૃતિ લાચાર બનાવે છે. દેહ તો માનવનો છે પણ પ્રકૃતિ પશુની છે. રોટલાનું રળતર ન દઈ શકતા ભણતરમાં ઘસડાતાં સાચી સમજ કે સંસ્કાર વગર જીવનમાં કળતર અનુભવાય છે, વળતર કાંઈ મળતું નથી. આવા જીવો લૌકિક કે અલૌકિક માં ચતુર હોતાં નથી. બીજું કાંઈ મેળવી શકતાં નથી. જીવન નિષ્ફળ જાય છે.

પુરુષદેહ હોવા છતાં સ્ત્રીપ્રકૃતિનાં જીવો લૌકિકમાં ચતુર હોય છે, અલૌકિકમાં નહિ. પૈસા-પદ-પ્રતિષ્ઠા-પરિવાર, પૂરતાં પ્રાપ્ત કરવાં છતાં તે વધારવા કે જાળવવા મથામણ કર્યા કરે છે. પ્રભુ માટે કાંઈ કરવાની સમજ હોતી નથી. સમાજના સામાન્ય વર્ગના, મધ્યમવર્ગના કે ઉત્તમવર્ગના, સ્ત્રી-પુરુષ કે બાળક, ઈજનેર-વકીલ-ડૉકટર-ઉદ્યોગપતિ-રાજકારણી વગેરે બધું બની શકવા છતાં વૈભવ અને વિલાસમાં રચ્યા પચ્યા રહેતાં, છેવટે વિનાશ નોતરે છે. પ્રભુનો પ્રકાશ ક્યારેક ઝબકી જાય પણ લાભ લઈ શકાતો નથી. જીવન વિફલ થાય છે.

સ્ત્રી-દેહ હોય કે પુરુષ-દેહ હોય, જે પ્રભુ માટે પ્રયાસ કરે છે, પ્રભુની દિશામાં જવા ઝંખે છે, આગળ વધતો રહે છે તે પુરુષ-પ્રકૃતિનો જીવ છે. તેને પ્રસન્નતા, પ્રભુ પ્રેમથી જીવનમાં મળતી રહે છે, ફળતી રહે છે. જીવન સફલ થાય છે.

જીવન-સરલતાં દેતું માર્ગદર્શન : બ્રાહ્મણ સૌનો ગુરુ! :

પ્રભુએ દેહધારી જીવના જીવન વ્યવહારની સરળતા અને સફળતા માટે વર્ણાશ્રમધર્મો આપ્યાં છે. તે પ્રભુએ પોતાનામાંથી જ પ્રકટ કર્યાં છે. (૧) બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યોપાર્જન (૨) ગૃહસ્થાશ્રમમાં વિત્તોપાર્જન (૩) વાનપ્રસ્થાશ્રમમાં પુણ્યોપાર્જન (૪) સંન્યસ્તાશ્રમમાં મોક્ષોપાર્જન! એ મુખ્ય પ્રવૃત્તિ છે. વર્ણો ચાર છે.

"चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।"

(ગીતા ૪-૧૩)

ब्राह्मणोऽस्य मुखमासीत् । बाहू राजन्यः कृत : ॥
उरु तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥

(પુરુષસૂકત)

ભગવાને પોતાના વિરાડ્ રૂપના મુખમાંથી બ્રાહ્મણ પ્રકટ કર્યા, બાહુમાંથી ક્ષત્રિયો પ્રકટ કર્યા, ઊરુમાંથી વૈશ્ય પ્રકટ કર્યા અને ચરણમાંથી શૂદ્ર પ્રકટ કર્યા. આ જે તે વર્ણના દેવતા સંસ્કારથી પ્રકટ થાય, આચારથી રહે, અનાચાર કે શાપાદિથી તિરોહિત થાય, તો જે તે વર્ણનો વ્યક્તિ ન ગણાય. બ્રાહ્મણનો પુત્ર બ્રાહ્મણ ન કહેવાય, બ્રાહ્મણ-પુત્ર જ કહેવાય. તેને યજ્ઞોપવીત સંસ્કાર થતાં તેમાં બ્રહ્મણ્યદેવતા પ્રકટ થતાં તે બ્રાહ્મણ કહેવાય, નહિ તો નહિ! રાજા વિશ્વરથ ક્ષત્રિય હતા, પ્રસંગવશાત્ તપઃ કર્યુ, બ્રાહ્મણ વિશ્વામિત્ર ઋષિ થયાં. તેમના સો દીકરા થયા. પ્રસંગવશાત્ પચાસ દીકરાને શાપ દીધો. "**म्लेच्छा भवत दुर्जनाः**" (શ્રી ભા. ૯-૧૬-૩૩) તેઓ બ્રાહ્મણ ન રહ્યાં. મલીન ઈચ્છાવાળા તે મ્લેચ્છ થયાં.

બ્રહ્મ-વેદ કે ભગવાનને જાણે તે બ્રાહ્મણ! વિદ્યાથી તે વિપ્ર કહેવાય. બ્રહ્મતેજ તેનામાં સ્વાભાવિક હોય. તેને નિત્ય છ કર્મ કરવાના હોય, સ્નાન-સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, તર્પણ, દેવતાર્ચન!

"**उन्मुखत्वात्तुवर्णानां मुख्योऽभूद्र ब्राह्मणो गुरुः**" (શ્રી ભા. ૩-૬-૩૦) બ્રાહ્મણ તો ભગવાનનું મુખ છે. સમાજને સન્માર્ગનો ઉપદેશ કરવા માટે તેનું મુખ ઊંચુ રહે છે. તેથી તે સર્વવર્ણનો સ્વાભાવિક ગુરુ છે. આવા બ્રાહ્મણ દ્વારા તો વિશ્વની સઘળી પ્રજાઓને પોતપોતાના ધર્મનું શિક્ષણ મળે છે. મનુ મહારાજે કહ્યું છે :

"एतद्देश प्रसूतस्य सकाशादग्र जन्मनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरन्पृथिव्यां सर्वमानवाः ॥"

(મનુસ્મૃતિ ૨-૨૦)

આ દેશમાં ઉત્પન્ન થયેલાં બ્રાહ્મણ પાસેથી પૃથ્વીના સર્વ માનવો પોતાના જીવન વ્યવહાર શીખે. ભારતીય સંસ્કારનો આ વિજય ટંકાર છે. આ દેશમાં જન્મેલા કહીને આર્યો મૂળ ભારતના જ છે. બહારથી આક્રમણ કરીને આવેલી પ્રજા નથી. **અંગ્રેજોની ભ્રષ્ટતા-ભારતની ભવ્યતા :**

હિન્દુઓની સંસ્કાર સમૃદ્ધિ :

ભ્રષ્ટ અંગ્રેજ ઈતિહાસકારોએ ભારતની પ્રજાને હીન બતાવવા માટે તેના સંસ્કારોને હીન બતાવવા માટે, અનેક ભ્રષ્ટ જૂઠાણાનો પ્રચાર કર્યો છે ગુલામીમાં કચડાયેલા આપણાં દબાયેલા ઈતિહાસકારોએ તેનાં ગાણ ગાયા છે. તટસ્થ અંગ્રેજ ઈતિહાસકારોનાં લેખોમાં આ સ્પષ્ટ છે "ભારતમાં અંગ્રેજી રાજ" નામનાં પંડિત સુંદરલાલજીના પુસ્તકમાં અ સ્પષ્ટ છે. નાનપણમાં મેં તે વાંચેલું. સુલતાન ટીપુની ક્રૂરતા, કલકત્તાન કાળીકોટડી વગેરે તેના ઉદાહરણ છે, આવુ કાંઈ જ ન હતું! આર્યો બહારથ સંસ્કૃતિનો સંદેશ અહીં લઈને આવ્યા નથી. અહીંથી સંસ્કૃતિ અ સંસ્કારનો સંદેશ લઈ બહાર ગયા છે. મહારાજ અશોકના કલિંગ વિજ પછી તેમનાં પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રા બૌદ્ધ શ્રમણ થઈને સંસ્કારન સંદેશ લઈને વિદેશમાં વિદાય થયા છે, ઈતિહાસમાં તે સુપ્રસિદ્ધ છે.

આર્યો આક્રમણ કરીને સિંધુ નદીના ખીણ પ્રદેશમાં આવ્યા અને વસ્ય તે અપભ્રંશથી હિન્દુ કહેવાયા. તેમનો ધર્મ હિન્દુધર્મ થયો, આવો પ્રચા પણ પોકળ - ભ્રામક છે. હિન્દુ શબ્દ વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર, ભાગવત પુરાણમાં દેખાતો તો નથી! સિંધુમાં રહેલી મૂળ પ્રજા રૂપ જ આર્યો છે આક્રમણ કરીને આવેલી પ્રજા નથી. હિન્દુ શબ્દનો અર્થ કરવો જ હોય ત "**हिनस्ति दोषान् ईति हिन्दुः**" પોતાનાં અને પારકાના સઘળા દોષોને હણે દૂર કરે, નિર્દોષ બનાવે તે હિન્દુ! નિર્દોષતા નિર્દોષ પ્રભુની પાસે પહોંચાડે નિર્દોષ પ્રભુના નિર્દોષ આનંદના અનુભવથી જીવન હર્યુભર્યુ થઈ જાય "**हीनान् दूषयति ईति हिन्दु**" સંસ્કાર હીનને દૂર રાખે તે હિન્દુ.

આ આર્યો વસતા હતાં તે દેશ આર્યાવર્ત.

"आ समुद्रात्तु वै पूर्वादासमुद्रात्तु पश्चिमात् ।
तयोरेवान्तरं गिरयोरार्यावर्तं विदुर्बुधाः ॥"

(મનુસ્મૃતિ ૨-૨૨)

પૂર્વસમુદ્રથી પશ્ચિમસમુદ્ર સુધી ફેલાયેલી, જેનાં ઉત્તરમાં હિમાલય છે, જેનાં દક્ષિણમાં વિંધ્યાચળ છે, આ ભૂમિ "આર્યાવર્ત" છે. આર્યો અહીંના મૂળવતની છે, આક્રમણ કરીને આવેલા નથી. આ ભૂમિમાં વસીને તેમણે જે પોતાનાં અને બીજાનાં દોષો દૂર કરવાની સંસ્કૃતિ ફેલાવી તે હિન્દુ સંસ્કૃતિ છે. તેમનાં શાસ્ત્રો હિન્દુશાસ્ત્ર છે. તેમાં પ્રબોધાયેલો ધર્મ હિન્દુધર્મ છે.

આપણાં ધર્મગ્રંથોમાં કાંઈ સંકુચિતતા નથી. અમુક જાતિ-વર્ગ કે દેશનાં લોકો માટેનાં આપણાં શાસ્ત્રો નથી. આપણાં શાસ્ત્રો તો વિશાળ દૃષ્ટિએ જીવ માત્ર માટે આલેખાયેલા છે. સૌના દોષો દૂર કરનારાં છે. દોષો દૂર કરનારી સંસ્કૃતિ હિન્દુ સંસ્કૃતિ છે. તેવાં સંસ્કાર હિન્દુ સંસ્કાર છે. આવાં સંસ્કારવાળો હિન્દુ છે. હિન્દુને રહેવાનું સ્થળ હિન્દુસ્તાન છે.

"સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારાં" -આ ગૌરવોક્તિ પ્રસિદ્ધ છે. આખી દુનિયા કરતાં, સંસ્કૃતિ અને સંસ્કારની સમૃદ્ધિથી, સૌને નિર્દોષ કરતો અમારો આ દેશ છે - હિન્દુસ્તાન!

આ હિન્દુ સંસ્કૃતિએ બહારથી આક્રમણ કરીને આવેલાં, ધર્મસ્થાનોનું ખંડન કરનારાંઓને પણ સ્થાન આપ્યું છે અને પોતાનામાં સમાવ્યાં છે. હિન્દુઓએ કયાંય આક્રમણ કર્યું નથી, કોઈનાં ધર્મસ્થાનો તોડ્યાં નથી, સમાદર કર્યો છે સૌનો! -સૌનાં ધર્મોનો! અને અડગ રહ્યાં છે પોતાના ધર્મમાં!

"પોતપોતાનાં ધર્મ પ્રમાણે સર્વ ભજે ભગવાન્
દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ!"

આ સહૃદયોક્તિ પ્રસિદ્ધ છે. આવો સર્વધર્મ સમભાવ હિન્દુ સંસ્કૃતિ સિવાય કયાં જોવા મળે છે?!

સિન્ધુ કિનારે રહેનાર આર્યો જ હિન્દુ:

પ્રાચીનકાલમાં ઉમદા લોકો "આર્ય" કહેવાતા. તેમનો ધર્મ "આર્યધર્મ" કહેવાતો. પાછળથી તે "માનવધર્મ" કહેવાતો. સર્વમાનવોને ઉદ્દેશીને તે પ્રબોધાયેલો છે. તે અમુક સમય (કાલ) માટેનો મર્યાદિત નથી, સર્વસમય માટેનો છે, સર્વ-સામાયિક છે-સનાતન છે-શાશ્વત છે. પ્રાચીન કાલમાં આ આર્યોને સિંધુ નદીના બીજા કિનારે રહેતાં લોકોએ હિન્દુ કહ્યાં. પ્રાચીન પર્સિયન પ્રજાના ઉચ્ચારોમાં "સ"કાર ને બદલે "હ"કાર વાપરતા, તેથી સિન્ધુને હિન્દુ કહેતા. તે પ્રજા આર્યાવર્તને સિન્ધુના કિનારે હોવાથી હિન્દુ શબ્દથી ઓળખતી-ઉચ્ચારની વિલક્ષણતાથી! પ્રાચીન કાલમાં પર્સિયન અને આર્યાવર્ત વચ્ચે સિન્ધુ નદી હોવાથી પર્સિયન લોકો સામે કિનારે વસતી પ્રજાને આર્યોને "સિન્ધુ" શબ્દથી "હિન્દુ" તરીકે ઓળખતા. એ લોકો સિન્ધુના પૂર્વ કિનારે રહેતાં લોકોને "હિન્દુ" તરીકે ઓળખતા. આર્યો જ હિન્દુઓ છે. એમણે આચરેલો ધર્મ હિન્દુ ધર્મ છે. પ્રાચીન ગ્રીક લોકોએ સિન્ધુને "ઈન્ડસ" શબ્દથી ઓળખાવી.તેના કિનારાના દેશને "ઈન્ડીયા" તરીકે ઓળખાવ્યો. પાછળથી સિન્ધુ ગ્રીક લોકોમાં "ઈન્ડસ" શબ્દથી ઓળખાતી. દેશ "ઈન્ડીયા" કહેવાતો. આર્યોનો ધર્મ હિન્દુ ધર્મ, તેનું મૂલ-વેદ! તેથી "વૈદિક" ધર્મ પણ કહેવાય છે. વેદમાં પ્રતિપાદ્ય છે-ભગવાન્ શ્રીકૃષ્ણ! બન્નેની સનાતનતાથી આ ધર્મ "સનાતન" ધર્મ પણ કહેવાય છે.

ભગવાન્ કૃષ્ણમાં તેમનો અસાધારણ ધર્મ હંમેશાં રહેલો છે - કૃપા! - પુષ્ટિ! તેથી ભગવાન્ સનાતન હોવાથી તેમનો ધર્મ પણ "સનાતન" છે.

આમ "પુષ્ટિ" પણ "સનાતન" ધર્મ છે. આ આર્યાવર્ત જ પાછળથી "ભારત" નામે પ્રખ્યાત થયું. આમ, ઈતિહાસ-ગ્રંથોમાં આ પ્રસિદ્ધ છે.

ભારત દેશ:

આ આર્યાવર્ત "ભરત" ના નામથી "ભારત" દેશ કહેવાયો છે. ભરત બે થયાં દેખાય છે. એક ભગવાન્ ઋષભદેવનાં દીકરા ભરત! તે તો મહાભાગવત! "**भरतस्तु महाभागवतः** ....." (શ્રી.ભા. ૫-૭-૧) "**अजनाभं नामैतध्वर्षं भारतमिति यत आरभ्य व्यपदिशन्ति।**" (શ્રી.ભા. ૫-૭-૩) "અજનાભ" નામનો દેશ ત્યારથી "ભારત" કહેવાયો! બીજા થયા રાજા દુષ્યંતના દીકરા ભરત! તે તો ચક્રવર્તી! "**पितर्युपरते सोऽपि चक्रवर्ती महायशाः ।**" (શ્રી.ભા.૯-૨૦-૨૩) "**भरतस्य महत् कर्म न पूर्वे नापरे नृपाः।**" (શ્રી.ભા. ૯-૨૦-૨૯). ભરતના જેવું મહત્ત કર્મ કોઈ રાજાએ કર્યું નથી અને કરશે પણ નહિ! "**दौष्यन्तिरत्यगान्मायां....**" (શ્રી.ભા. ૯-૨૦-૨૭). દુષ્યંતના દીકરાં ભરત માયાને તર્યા. તેમણે અનેક મહાયજ્ઞો કર્યા છે. જ્ઞાનપૂર્વક નિષ્કામયજ્ઞથી યજ્ઞપુરુષ પ્રસન્ન થાય. મોક્ષ મળે! આ ભાગવત મત દેખાય છે. આમ જ્ઞાન, ભક્તિ અને કર્મ (યજ્ઞ) પરંપરા પ્રસિદ્ધ દેખાય છે. બંને ભરતમાં તે ચરિતાર્થ છે. વિષ્ણુપુરાણના મતે વૈવસ્વત મનુ ભરત કહેવાતા હતાં. આ કલ્પાન્તર કથા છે. ભરતખંડ-ભારતદેશ નામે પ્રસિદ્ધ થયો! આ ભારતમાં પરંપરાથી વસનારાં સૌ ભારતીયો છે. આમ, ભક્તિ-જ્ઞાન-કર્મ (યજ્ઞ) ની પરંપરા પ્રસિદ્ધ છે. શાસ્ત્ર અને શસ્ત્ર બંને સમૃદ્ધિ સુલભ છે.

આમ, દેશથી આપણે પરમભક્તિ, જ્ઞાન અને કર્મ તથા શ્રેષ્ઠ શક્તિનાં વારસદારો "ભારતીય" છીએ. સમૃદ્ધ સંસ્કૃતિ અને સંસ્કારની સર્વોત્તમતાથી આપણે હિન્દુ છીએ. પ્રભુ સાથે પ્રેમ કરે તે વૈષ્ણવ! તે તો

મર્યાદા! પરંતુ પ્રભુ જેની સાથે પ્રેમ કરે તે પણ વૈષ્ણવ! તે તો પુષ્ટિ! આમ આપણે દેશથી "ભારતીય"! દેહથી "હિન્દુ"! અને દિલથી "વૈષ્ણવ" છીએ! આથી કોઈથી દબાયા કે ડઘાયા વગર કે ગભરાયાં વગર ગૌરવથી કહો અમે "ભારતીય" છીએ! અમે "હિન્દુ" છીએ! અમે "વૈષ્ણવ" છીએ! આવો ઉન્નત જીવનમાર્ગ દર્શાવનારાં છે-સર્વના ગુરુ-બ્રાહ્મણ!

માયા તરવાનો, માયા જિતવાનો અને માયા દૂર રાખવાનો ઉપાય પ્રસિદ્ધ છે :

માયા તરવાનો ઉપાય :

"दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥"

(ગીતા ૭-૧૪)

ભગવાનની આ દૈવી ગુણમયી માયા તરી ન શકાય તેવી છે. મારે (કૃષ્ણને) જ જે શરણે જાય છે તે લોકો માયાને તરે છે. બીજાં નહિ. અહીં અનન્ય શરણાગતિ કહેલી છે. કૃષ્ણ સિવાય બીજા કોઈ દેવી-દેવતા-મંત્ર-તંત્ર-જપ-પાઠ વગેરેની શરણાગતિ અન્યાશ્રય છે. તે તો મહાબાધક છે. તરવામાં માયામાંથી બહાર નીકળાય, માયા યથાવત્ રહે. ભગવાન્ કે ભક્તની દયાથી, કથાશ્રવણથી, લોકો માયાને તરે છે.

માયા જિતવાનો ઉપાય :

" त्वयोपभुक्तस्रग्गन्धवासोलंकारचर्चिताः ।
उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेमहि ॥"

(શ્રી.ભા. ૧૧-૬-૪૬)

ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણને કહ્યું છે : તમારાં ઉપભુક્ત માલા-ચંદન-વસ્ત્ર-અલંકારથી શોભતાં, ઉચ્છિષ્ટ ભોગ કરનારાં (સમર્પિત જ લેનારાં) (અસમર્પિતનો ત્યાગ કરનારાં) તમારા દાસો તમારી માયાને જિતીએ

છીએ. જિતવામાં માયા દબાઈ જાય, અસર ન કરે. વિજયી ભક્તો તેથી પર બને. ભગવાનના આશ્રયથી માયા તરાય, ભગવાનને સમર્પિત કરેલાં વ્યવહારોથી માયા જિતાય. બંનેમાં ભગવાનનું જ બલ છે. શરણાગતિમાં ભગવાનનું વચનબલ છે. માયા જિતવામાં ભગવાનનું સ્વરૂપબલ છે.

માયા જેનાથી દૂર રહે :

"माया परैत्यभिमुखे च विलज्जमाणा"

(શ્રી.ભા. ૨-૭-૪૭)

માયા ભગવાનની દષ્ટિપથમાં પણ ઊભી રહી શકતી નથી. શરમાઈને દૂર ખસી જાય છે. આ છે જીવોને મોહ કરાવનારી વ્યામોહિકા માયા. ભગવાન્ સચ્ચિદાનંદ છે. તેમાં સદંશની શક્તિ ક્રિયારૂપા છે. ચિદંશની શક્તિ વ્યામોહિકા છે અને આનંદરૂપની શક્તિ જગત્કારણ રૂપા છે. આમ જીવોને મોહ કરાવનારી વ્યામોહિકા માયાને દૂર કરવાના ત્રણ ઉપાયો દર્શાવેલા છે. વૈષ્ણવ માટે તો તે અનન્યાશ્રય, અસમર્પિત ત્યાગ અને ભગવદ્સાક્ષાત્કાર રૂપે પ્રસિદ્ધ છે.

આજની પરિસ્થિતિ : શૂદ્રની મહત્તા :

ધર્મનો ધંધો ધમધોકાર ચલાવનાર તો સર્વત્ર સુલભ છે. યજમાન પાસેથી ઉચ્ચક રકમ લઈને પૂજાની વસ્તુઓ પોતાના ઘેરથી લઈ જઈને, સોદો કરનાર સર્વત્ર સુલભ નથી દેખાતાં ?! ટેપરેકોર્ડરથી યજમાનનાં જપ કરાવીને દક્ષિણા લેનાર પણ સુલભ છે. ભાડૂતી બ્રાહ્મણો દ્વારા યજમાનનાં જપ-પાઠ કરાવી તેમને સ્વલ્પ દક્ષિણા દઈ, વચ્ચેથી પોતાના લાભ કાઢી લેનારા પણ સુલભ છે. કર્મકાંડમાં મંત્રના ઉચ્ચારની શુદ્ધિ બહુ ઓછાની જોવા મળે છે. પૂજામાં સંગીત-ગીત ગવાય છે. મંત્ર અને વિધિ ગૌણ થઈ ગયા છે. છ શુદ્ધિ તો શોધવી ક્યાં ? દેશ-કાલ-કર્તા-મંત્ર-દ્રવ્ય-કર્મ વગેરેની શુદ્ધિ તો છે કયાં ?!

"क्रियमाणं तथाचारं विधिहीनं प्रकुर्वते"

(સર્વનિર્ણય - ૨૧૩)

કથામાં સઘળુ સાહિત્ય પોતાનું લઈ જઈને યજમાન પાસેથી તેની રકમ લઈને, કથામાં ગુરુ દ્વારા પરંપરાગત જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના, હળવું મનોરંજન પીરસનારા, સંગીતના સરોદો રેલાવનારા કયાં દુર્લભ છે? કોઈ નવીન મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે કાઠિયાવાડનાં ભાવભર્યા બે વૈષ્ણવો વ્યંગમાં વાત કરતાં હતાં : "મીઠાઈની નવી દુકાન ખુલી છે"! -વેધક આ ટકોર છે. આવા બધામાંથી ઉગારે, ઉદ્ધાર કરે, ઉપદેશ આપે. અજ્ઞાનનો અંધકાર દૂર કરે તે ઉપદેશક બ્રાહ્મણ ગુરુ છે. તે સુલભ કયાં છે? "**विप्रत्वे सूत्र मेव हि....**" (શ્રી.ભા. ૧૨-૨-૩). શ્રીભાગવતે તો કલિયુગમાં વિપ્રત્વમાં જનોઈ જ રહેવાનું કહેલું છે તે દેખાય છે, મા-બાપ દીકરાને જનોઈ દે પછી જરૂરી સંધ્યા-ગાયત્રી જપ, બાપ કે બાળક બેમાંથી કેટલાં કરતાં હશે? આજના ઘસમસતા પ્રવાહમાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર ઘસડાઈ જઈ રહ્યાં છે. પોતાનું ગૌરવ પુનઃ સ્થાપીને સમાજને દોરવણી દેતાં, જીવન ધ્યેયની દિશા બતાવતા, દઢતાની દીક્ષા દેતા, બ્રાહ્મણો સમાજમાં કેટલાં સુલભ છે ?! મહાકવિ નાનાલાલે તેમના સન્માન સમારંભમાં અમદાવાદમાં કહેલું : "બ્રાહ્મણ! તું ફરી બ્રાહ્મણ બની જાને રે!" -કેવું વેધક છે આ?! અધ્યયન-અધ્યાપન, યજન-યાજન, દાન-પ્રતિગ્રહ આ બ્રાહ્મણની સ્વાભાવિકતા છે. આજના સાંકર્યના જમાનામાં બધું ભેળસેળ થવા છતાં બ્રાહ્મણ તેના કર્મ-જ્ઞાન-ભક્તિથી નિષ્ઠા જગવતો સમાજને જાગૃત કરે-રાખે! સાચી દિશામાં દોરે!

ભગવાનના બાહુમાંથી થયેલા ક્ષત્રિય! આપત્તિમાંથી ઉગારે-રક્ષા કરે - તે ક્ષત્રિય. બ્રાહ્મણની સેવાથી વેદની, રક્ષા કરે! વેદમાં ક્ષત્રિયોનું પ્રદાન પણ પ્રસિદ્ધ છે.

વૈશ્ય તો બ્રાહ્મણ-ક્ષત્રિયની વશમાં રહીને ધનોપાર્જન અને સંચય કરે. સમાજસેવામાં, પ્રભુસેવામાં વિનિયોગ કરાવે, પોતાનો વર્ણધર્મ નિભાવે.

શૂદ્ર તો ત્રિવર્ણની સેવા કરે તે તેનો સ્વાભાવિક ધર્મ છે. બધાં જ ધર્મો સેવામાં પર્યવસાન પામે છે. શૂદ્ર નો તો સ્વધર્મ જ છે સેવા! તેથી શ્રીમહાપ્રભુજી તેની મહત્તા ગણાવે છે. "**अतोऽयं महान्....**" (શ્રી સુબોધિની ૩-૬-૩૩). સત્તાવાળાઓ આજે કોલેજોમાં કે નોકરીઓમાં તેમને માટે આરક્ષણ રાખીને તેમનો વિકાસ રોકે છે. કાર્યની ઉત્તમતા ઘટાડે છે. આ તો અહિત જેવું લાગે છે. તેને બદલે આરક્ષણ કાઢી નાખીને ભણવાની ખૂબ સુવિધાઓ તેમને આપો. સત્ત્વનો વિકાસ કરો. બાપડા-બિચારાં ન બનાવી દો. આ સાચી દિશા છે, -તેમની ઉન્નતિની-તેમની સેવા કરવાની! વેદાંતમાં "**शुचा द्रवति ईति शूद्रः**" શોકથી દ્રવે-દોડે, સંતાપથી પીગળે, દઢ-સ્થિર ન રહે તેને શૂદ્ર કહે છે. ચારે તરફ આજે આ નથી દેખાતું ?! તેથી તો "**कलौ एक एव वर्णः**" કલિયુગમાં એક જ વર્ણ છે-શૂદ્ર! ચારેય તરફ સૌ સંતાપમાં શેકાતા, શાંતિની શોધમાં, ચોતરફ દોડી રહ્યાં છે ને?! માર્ગ હોવા છતાં દેખાતો નથી. મળતો નથી-માર્ગે ચાલતા નથી. પ્રચંડ પ્રવાહમાં પ્રાયઃ સૌ ઘસડાયે જાય છે. આ છે જીવનની પ્રભુએ બતાવેલી શાંતિની, સુખની, ઉન્નતિની દિશા-વર્ણધર્મયુક્ત જીવન!

પુષ્ટિમાર્ગીય - ગૃહસેવા વિવેક : નિષ્ઠા વગર તો નિષ્ફળતાઃ

પુષ્ટિભક્તિમાર્ગીય જીવન ધ્યેય વગેરેનું માર્ગદર્શન શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીએ દીધું છે :

भार्यादिरनुकूलश्चेत् कारयेद् भगवत्क्रियाम् ।
उदासीने स्वयं कुर्यात् प्रतिकूले गृहं त्यजेत् ॥
तत्त्यागे दूषणं नास्ति यतः विष्णु-पराङ्मुखाः ।

(પંચશ્લોકી)

કૃષ્ણસેવા તો ગૃહસ્થનો સ્વધર્મ છે. તેનું જીવન-ધન-સ્વજન-ઘર વગેરે સર્વકાંઈ કૃષ્ણસેવા માટે જ છે. ગૃહસ્થ પોતાનો સ્વધર્મ-કૃષ્ણસેવા કરે. પત્ની-પુત્રાદિ જો અનુકૂળ હોય તો તેમની પાસે સેવા વગેરે કરાવે. ઉદાસીન હોય તો પોતે કરે. ક્લેશ, દ્વેષ થી કલહ ન કરે. પ્રભુને કલેશ ગમતો નથી. સેવા પોતે કરવાની. સ્વજન ઉદાસીન હોય તો પણ પ્રસાદ તો આપવાનો. જો એ સેવામાં વિઘ્ન કરતાં હોય તો તેમનો ત્યાગ કરવાનો! ઘર વગેરે તો સેવા માટે જ છે. કૃષ્ણથી બહિર્મુખ હોય તેવાઓનો ત્યાગ કરવામાં કોઈ દૂષણ નથી. આ સુરેખ, સરલ, સફળ જીવન રાજમાર્ગ શ્રી મહાપ્રભુજીએ સુસ્પષ્ટ દર્શાવેલો છે. અધિકાર વગર ઉત્તમવસ્તુ મળે તો પણ લાભ શો થાય ? "અધિકાર વિના ઉત્તમવસ્તુ મળે તદપિ અર્થ કાંઈ નવસરે!" - આ પ્રસિદ્ધોક્તિ છે. માર્ગદર્શન મળે તો પણ માર્ગે ચાલવાનું કેટલાને મન થાય ?! માર્ગે ચાલવાની દઢતા કેટલામાં આવે છે! દઢતા આવે તો નિષ્ઠા ગણાય. નિષ્ઠા હોય ત્યાં નિષ્ફળતા ન હોય. નિષ્ઠા ન હોય તો નિષ્ફળતા નિશ્ચિત છે.

"निष्ठाऽभावे फलं तस्मानास्त्येवेति विनिश्चयः ।
निष्ठा च साधनैरेव न मनोरथवार्तया ॥"

(શા.પ્ર. ૧૫)

આજે ધાર્મિકતાનો જુવાળ ઉમડતો લાગે છે. ઠેરઠેર લોકો ધાર્મિક સ્થળોમાં દર્શન-શ્રવણ માટે દોડે છે. તેમાંય જે દેવી-દેવતાં કે સ્થાન ચમત્કારિત લાગતાં હોય, ઈચ્છેલું કામસાધી દેતાં લાગતાં હોય ત્યાં લોકો વધારે દોડે છે. ચમત્કાર દેખાય ત્યાં લોકો નમસ્કાર કરતાં ઉમંગથી ઉમટે છે. આવા લોકોમાં શ્રધ્ધા, જ્ઞાન કે ભક્તિ નહિવત્ હોય છે. મોટે ભાગે લાલચું લોકોની લંઘાર લાગે છે.

જો શ્રધ્ધા હોય તો સત્ય મળે - સ્થિરતા આવે. "**श्रद्धयासत्य माप्यते**...." (શ્રુતિ) શ્રધ્ધાથી સત્ય મળે છે. સત્ય સ્થિરતા આપે છે.

શ્રધ્ધાનું સ્વરૂપ : નિષ્ઠાનું ઘડતર :

આજે તો લોકોમાં પાર્ટીનું બહુ મહત્ત્વ દેખાય છે. ટી-પાર્ટી-ડીનર-પાર્ટી-ડાન્સ-પાર્ટી-બર્થ-ડે પાર્ટી,... આવું ઘણું બધુ ઊજવાય છે. રાજકીય પાર્ટીઓ પણ અનેક પ્રસિદ્ધ છે. પોતાની રુચિ પ્રમાણે લોકો તેમાં જોડાય છે. લૌકિક લાભ મેળવવા મથે છે. આ બધી પાર્ટીઓનાં પ્રસંગોમાં વહેતા પ્રવાહમાંથી ધર્મની પાર્ટીમાં કેટલાં ? ભગવાનની પાર્ટીમાં કેટલાં ? પ્રાસંગિક રીતે ધર્મસ્થાનમાં કે કાર્યક્રમમાં જનારાં ઘણાં હશે, તેમાંથી નિષ્ઠાવાળા કેટલાં ?

સાચી સમજ વગર પહોંચાય ક્યાં ? સૌ પોતપોતાની શ્રધ્ધા પ્રમાણે માર્ગ શોધે છે. તે માર્ગે ચાલવા પ્રયત્ન કરે છે પરંતુ શ્રધ્ધા તો સત્ય દેતી હોય તે શાસ્ત્રના પાયા ઉપર ઊભેલી હોય, સ્થિર હોય, ડગમગતી ન હોય, પ્રલોભન કે ભયથી આથડતાં અટકાવતી હોય. આવી શ્રધ્ધા તો ભગવાન્ પણ સ્વીકારી લે છે. ભક્તને મનગમતો આકાર લઈને ભગવાન્ પ્રકટ થઈ જાય છે.

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥

(ગીતા ૭-૨૧)

આવી શ્રધ્ધા બને, મળે, ફળે, તેનો સન્માર્ગ સ્પષ્ટ છે. તે માનવ માત્રનો "પરમધર્મ" છે.

स वै पुंसां परो धर्मो यतो भक्तिरधोक्षजे ।
अहैतुक्यप्रतिहता ययाऽऽत्मा सुप्रसीदति ॥

(શ્રી.ભા. ૧-૨-૬)

ભગવાનમાં નિષ્ઠાવાળા હોય તે જ પુરુષો છે. તેમનાં વર્ણાશ્રમધર્મો યથાધિકાર જુદાં જુદાં હોય. "પરમધર્મ" તો એક જ છે, જેનાથી ભગવાનમાં ભક્તિ થાય! આ ભગવાન્ પણ ઈન્દ્રિયોથી પર, ન જાણેલા - ન જોયેલાં, છતાં તેમાં ભક્તિ થાય! આ ભક્તિ પણ કોઈ કારણ વગરની હોય!

કોઈ ફલની લાલચ વગરની, હેતુ વગરની હોય, કોઈ કારણથી અટકી ન જાય તેવી, વિકૃતિ ન થાય તેવી સુદઢ ભક્તિ તે હોય! લાલચથી કે ભયથી થતી હોય તે ભક્તિ નથી. અટકી પડતી હોય, વિકૃત બની જતી હોય, બદલાઈ જતી હોય તો પણ તે ભક્તિ નથી. આ ભક્તિ કોઈ કારણ વગરની સ્વાભાવિક હોય. અટકે નહિ તેવી દઢ હોય. આવી ભક્તિથી આત્મા પ્રસન્ન થાય. આત્મા એટલે અંતઃકરણ અને પરમાત્મા! આવી ભક્તિ કરે તેનું હૃદય ભક્તિથી જ રાજી રહે. પરમાત્મા પણ તેનાથી પ્રસન્ન થાય. આ ભક્તિ, શ્રધ્ધા જેનું લક્ષણ છે-તેવી છે. શ્રધ્ધાની સ્થિરતા કે તેનું ભક્તિસ્વરૂપ, શાસ્ત્ર સેવનથી સિદ્ધ થાય. શાસ્ત્રસેવનથી ભગવાનમાં થતી શ્રદ્ધા સ્વાભાવિક અને સુદઢ હોય.

શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ કહ્યું છે : "**शास्त्रमवगत्य मनोवाग्देहैः कृष्णः सेव्यः ।**" (શા.પ્ર.પ્ર. ૪). શ્રી ભાગવત શાસ્ત્રને સરખી રીતે સમજીને મન-વાણી-દેહથી કૃષ્ણને સેવવા જરૂરી છે. આવા શાસ્ત્રસેવનથી પ્રેમ થાય. તેનાથી પ્રભુની સેવા થાય. માત્ર પ્રભુ ગણીને નહિ, પોતાના છે તેમ અનુભવીને તેની સેવા થાય. લોકો જુદાં જુદાં દેવી-દેવતાને ભજતાં તો દેખાય છે. આવા દેવતાઓ તો સાત્ત્વિક-રાજસ-તામસ હોય. તેવાને ભજવાનું પણ સાત્ત્વિક-રાજસ-તામસ સ્વભાવવાળાને સાનુકૂલ હોય.

બધાં દેવોનું મૂળ નારાયણ! : નારાયણનું મૂળ કૃષ્ણ !: કૃષ્ણ તો સ્વયં ભગવાન્! બધા અવતારો પણ શ્રીકૃષ્ણની વિભૂતિરૂપ છે. :

શ્રી ભાગવતમાં સુસ્પષ્ટ છે : "**देवा नारायणाऽङ्गजाः**" (શ્રી.ભા. ૨-૫-૧૫). બધાં દેવો નારાયણનાં અંગમાંથી ઉત્પન્ન થયેલાં છે. તેથી નારાયણને વશ છે. નારાયણ અનિરુધ્ધાંશ છે. "**नारायणो अनिरुध्धांशः**" (શ્રીસુબોધિની) આ નારાયણ અનિરુદ્ધનાં અંશ છે. ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચાર વ્યૂહ છે, ક્રિયાશક્તિરૂપ છે. (૧) વાસુદેવ-જ્ઞાન અને મોક્ષ દે છે. (૨) સંકર્ષણ-દુષ્ટોનો સંહાર કરે છે. (૩) પ્રદ્યુમ્ન-વંશવર્ધન કરે છે. (૪) અનિરુદ્ધ-ધર્મ સંસ્થાપન કરે છે. તેનાં દ્વારા પણ કૃષ્ણ લીલા કરે છે. કૃષ્ણ તો રસાત્મક હોવાથી કેવલ રસરૂપ લીલાઓ જ કરે છે.

"**एते चांऽशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् ।**"

(શ્રી.ભા. ૧-૩-૨૮)

(૧) સનત્કુમારો (૨) વરાહનારાયણ (૩) દેવર્ષિનારદજી (૪) નર-નારાયણ (૫) કપિલદેવજી (૬) દત્તાત્રેયજી (૭) સુયજ્ઞ નારાયણ (૮) ઋષભદેવજી (૯) પૃથુ (૧૦) મત્સ્યનારાયણ (૧૧) કૂર્મનારાયણ (૧૨)-(૧૩) ધન્વન્તરિજી-મોહિનીજી (૧૪) નૃસિંહ ભગવાન્ (૧૫) વામનજી (૧૬) પરશુરામજી (૧૭) કૃષ્ણદ્વૈપાયન વ્યાસજી (૧૮) શ્રીરામચંદ્ર (૧૯)-(૨૦) બલરામ-કૃષ્ણ (૨૧) બુધ્ધ (૨૨) કલ્કિ -આ સૃષ્ટિમાં યેલાં અવતારો છે. સૃષ્ટિ પહેલાં આદિનારાયણ-પુરુષ અને બ્રહ્મા બે અવતારો છે. તે મળીને ૨૪ અવતારો થયાં. આ બધામાં કૃષ્ણ ગણાઈ યેલાં હોવાથી તેમને "તુ" શબ્દથી જુદા કરીને, કૃષ્ણને તો સ્વયં ગવાન્ કહેલાં છે. ૨૨ અવતારો પુરુષમાંથી થયેલાં છે. આ પુરુષ ષ્ણમાંથી થયેલાં છે. આ કૃષ્ણ તો સ્વયં ભગવાન્ છે.

દેવો - ભગવાનનાં ગુણાવતાર :

सत्त्वं रजस्तम इति प्रकृतेर्गुणास्तै-
र्युक्तः परः पुरुष एक इहाऽस्य धत्ते ।

स्थित्यादये हरिविरच्चिहरेति संज्ञाः
श्रेयांसि तत्र खलु सत्त्वतनोर्नृणां स्युः ॥
(શ્રી.ભા. ૧-૨-૨૩)

ભગવાન્ કૃષ્ણ પોતાની વિશ્વલીલા કરવાની ઈચ્છાથી એકાંશથી જ્યારે સત્ત્વ ગુણને ગ્રહણ કરે છે, ત્યારે તે વિષ્ણુ કહેવાય છે. તે રજોગુણને ગ્રહણ કરે છે, ત્યારે બ્રહ્મા કહેવાય છે. તે તમોગુણને ગ્રહણ કરે છે, ત્યારે શંકર (રુદ્ર-મહેશ) કહેવાય છે. બ્રહ્મા દ્વારા ભગવાન્ વિશ્વને ઉત્પન્ન કરે છે, વિષ્ણુ દ્વારા વિશ્વનું પાલન કરે છે, મહેશ દ્વારા વિશ્વનો લય કરે છે. આ ત્રણેય દેવો ભગવાનનાં ગુણાવતારો છે, -બ્રહ્મા- વિષ્ણુ-મહેશ! ભગવાને સોંપેલા કાર્યો, ઉત્પિત્ત-સ્થિતિ-લય, ભગવાને સોંપેલા હોવાથી સેવા બુદ્ધિથી કરે છે. પોતાનાં અહંતા કે આસક્તિ વચ્ચે આવતાં નથી. તેથ તેમને દોષ લાગતો નથી, બંધન થતું નથી. તેમાં માનવોનું કલ્યાણ તો સત્ત્વ શરીરવાળાં વિષ્ણુથી થાય છે. આમ, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ત્રણેય ભગવાનનાં ગુણાવતારો છે. તેમનું મૂળ તો ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે.

પંચાયતન - દેવો પણ શ્રીકૃષ્ણની વિભૂતિરૂપ છે :

“रविर्विनायकश्चंडी ईशो विष्णुस्तु पंचमः ।
अनुक्रमेण पूज्यंते व्युत्क्रमे तु महद्भयम् ॥”

સૂર્ય, ગણપતિ, ચંડી (દુર્ગા-દેવી), શંકર અને પાંચમા વિષ્ણુ, પંચાયતન-પૂજામાં આ પાંચ ક્રમશઃ પૂજાય છે. વ્યુત્ક્રમથી તો મોટો ભય થાય છે. આવા બધાં દેવ-દેવી રૂપે પણ વાસ્તવમાં તો કૃષ્ણ જ લીલા ક છે. આયાતન તે રૂપે (કૃષ્ણ)-સ્થાન છે, (કૃષ્ણ)-વિસ્તાર છે. (૧) સૂર્ય

“यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि भामकम् ॥”
(ગીતા ૧૫-૧૨

સૂર્યમાં રહેલું જે તેજ આખા જગતને ઊજાળે છે, જે ચન્દ્રમાં, જે અગ્નિમાં છે, તે તેજને મારું અલ્પાંશ જાણ! આમ સૂર્ય પણ કૃષ્ણ-પ્રકાશ છે.

(૨) ગણપતિ - “**त्वमेव प्रत्यक्षं ब्रह्मासि**” -ગણપત્યઅથર્વશીષમાં ગણપતિને “તમે જ પ્રત્યક્ષ બ્રહ્મ છો” - કહેલ છે, બ્રહ્માંશ રૂપ હોવાથી બ્રહ્મ કહ્યા છે, તેથી પૂજ્યત્વ છે, માત્ર ગણપતિ રૂપે નહિ. સર્વ શુભકર્મોમાં ગણપતિનું પ્રથમપૂજન થાય, તેવું તેમને વરદાન છે. વરદાનથી પૂજાનાર છે, સ્વતઃ નહિ. મહત્તા તો તેમાં વરદાન દેનારની વધુ ગણાયને? -દેવરૂપે શંકરના પુત્ર છે. બ્રહ્માંશ હોવાથી કૃષ્ણાંશદ.

(૩) ચંડી-(દેવી)-“**मम योनिरप्स्वन्तः समुद्रे**”- ઋગ્વેદના દેવી સૂકતમાં દેવી કહે છે-“મારું જન્મસ્થાન (કારણ) સમુદ્ર-જલમાં (શેષશાયી વિષ્ણુ) છે. “સપ્તશતી” માં પ્રસિદ્ધ છે.-“**या देवी सर्वभूतेषु विष्णुमायेति शब्दिता ।**” જે દેવી વિષ્ણુની માયા (શક્તિ) રૂપે કહેવાય છે. શક્તિ તો શક્તિમાનને વશ હોય છે. શ્રી ભાગવતમાં પણ પ્રસિદ્ધ છે. ભગવાને યોગમાયાને ગર્ભ - સંકર્ષણની આજ્ઞા કરીને, મનુષ્યો તે દેવીને પૂજશે - તેમ કહેલું છે. તેનાં જુદાં-જુદાં નામ પણ ભગવાને કહેલાં છે.

“दुर्गेति भद्रकालीति विजया वैष्णवीति च ॥
कुमुदा चंडिका कृष्णा माधवी कन्यकेति च ।
माया नारायणीशानी शारदेत्यम्बिकेति च ॥”
(શ્રી.ભા. ૧૦-૨-૧૧,૧૨)

દુર્ગા, ભદ્રકાલી, વિજયા, વૈષ્ણવી, કુમુદા, ચંડિકા, કૃષ્ણા, માધવી, કન્યકા, માયા, નારાયણી, ઈશાની, શારદા અને અંબિકા,- આ બધાં ભગવાનની આજ્ઞા પાળનારી યોગમાયાનાં જ નામ છે. શક્તિ-શક્તિમાન ના અભેદથી તે રૂપે પણ કૃષ્ણ જ વિલસે છે.”

(૪)-(૫) ઈશ (શંકર) અને વિષ્ણુ-બંને બ્રહ્મના ગુણાવતારો છે.

"रजस्तमः प्रकृतयः समशीलान् भजन्ति वै ।"

(શ્રી.ભા. ૧-૨-૨૭)

સાત્ત્વિક જીવ સાત્ત્વિક દેવતાને ભજે, રાજસ રાજસને ભજે, તામસ તામસને ભજે, તો મન માને-આનંદ લાગે! જુદાં સ્વભાવવાળા સાથે મનમેળ થાય નહિ, આનંદ આવે નહિ. "અધોક્ષજ" ભગવાન્ તો ઈન્દ્રિયોથી પર છે. ઈન્દ્રિયો તેમને પોતાનો વિષય બનાવી શક્તી નથી, પણ તે ભગવાન્ ઈન્દ્રિયોનો વિષય સ્વેચ્છાથી બને છે. આંખ પોતાના સામર્થ્યથી ભગવાનને ન દેખી શકે, પરંતુ ભગવાન્ પોતાના સામર્થ્યથી આંખને દેખાય. આવા ભગવાન્ તો ત્રણેય ગુણોથી પર નિર્ગુણ છે. તેમાં નિષ્ઠા થાય તો નિષ્ફળતા ન રહે.

આજે પ્રાયઃ આછી પાતળી શ્રધ્ધા કે ભક્તિ દેખાય છે. પરંતુ નિષ્ઠા પ્રાયઃ નથી દેખાતી. તે તો શાસ્ત્ર સેવનથી મળે. તે તો ગુરુ કૃપાથી સંભવે. આજે સમાજમાં આવી નિષ્ઠા કેળવવી ખૂબ અનિવાર્ય છે. નિષ્ઠા વાતો કરવાથી કે મનોરથો કરવાથી ન મળે. તે તો સાધનોથી સુલભ થાય. આવું સાધન છે -ગુરુનો ઉપદેશ! - ગુરુ મુખેથી પોતપોતાના મૂળ શાસ્ત્રો-ગ્રંથોનું અધ્યયન-શ્રવણ! પ્રાચીન કાળમાં ઋષિયો, આચાર્યો, સંતો આ કરતાં જ હતાં. આજે પણ ક્યાંક આમચાલતું જ હશે. ચાલતું હોય ત્યાં વિનમ્ર વંદન! આજે પૂ. સંતો, પૂ. મહંતો, પૂ. સ્વામીજીઓ, પૂ. મહારાજશ્રીઓ આવી નિષ્ઠાનું સર્જન કરતી, પોતાનાં શાસ્ત્રોનાં અધ્યયન-શ્રવણ વગેરેની પરંપરા, પોતાના સ્થાનોમાં શ્રદ્ધાથી દર્શને આવેલાં અનુયાયીઓમાં ચલાવે તો કેવું સારું ?! એવી નમ્ર વિનંતી! પ્રાચીનકાળમાં ઉપનિષદ ના ઋષિયો, શ્રીશંકરાચાર્યજી, શ્રીનિમ્બાર્કાચાર્યજી, શ્રીરામાનુજાચાર્યજી, શ્રીમધ્વાચાર્યજી, શ્રીવલ્લભાચાર્યજી, શ્રીગુંસાઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી વગેરેની આ પરંપરા તો દેખાય છે. પુનઃ તે જાગૃત અને જીવંત થાય તો કેવું સારું! ગરીબડાં બનીને લૌકિક લાલસાથી બધે ભટકનારા, દયાપાત્રોને બદલે દઢતાવાળા, દિવ્યતાવાળા સન્નિષ્ઠ લોકો સમાજમાં સુલભ થાય! શાંતિ-સુખ સુલભતાથી અનુભવાય! રોટલાનાં રળતર માટે આજે પોતે ભણીએ છીએ, છોકરાંઓને ભણાવીએ છીએ, મથીએ છીએ, તો કલ્યાણ માટે પોતે શાસ્ત્ર (ભાગવત) ભણીએ અને પોતાનાં સંતાનોને ભણાવીએ તો કેવું સારું?!

ભક્તિની દઢતા અને દિવ્યતાથી ભરેલા અનન્ય સન્નિષ્ઠ ભક્તે તો કહી દીધું છે : "ઔર કોઉ સમજે સો સમજે, હમકો ઈતની સમજ ભઈ, ઠાકુર હમારે નન્દદુલારે, ઔર ઠકુરાની વૃષભાનલલી!"

"प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।
कृतार्थोऽहं कृतार्थोऽहं कृतार्थोऽहं न संशयः ॥"

મારાં પ્રભુ શ્રી ગોપીજનવલ્લભ નંદરાજકુમાર છે, સ્વામિની વૃષભાનજીનાં પુત્રી શ્રીરાધાજી છે. આટલા થી જ હું કૃતાર્થ છું, હું કૃતાર્થ છું, હું કૃતાર્થ છું. આધિભૌતિક, આધ્યાત્મિક , આધિદૈવિક, બધામાં હું કૃતાર્થ છું. લૌકિક, અલૌકિક, વૈદિક સાધન કે ફલની મારે જરૂર નથી. આ ગૌરવ છે ભક્તિમાર્ગનું, ગર્જના છે-પુષ્ટિ ભક્તિની!

કોઈપણ રૂપે કૃષ્ણસંબંધ ફલ છે :

રસની ખાણરૂપ, કૃષ્ણની ઓળખાણવાળા "રસખાનજી" એ યવન જાતિનાં હોવા છતાં ભક્તિ ગૌરવથી કહી દીધું-"માનુસ હોં તો વહી રસખાની બસોં નિત્ય નંદગોકુલ ગાઁવ કે ગ્વારન! જો પશુ હોં તો કહાં બસુ મેરો ચરોં નિત્ય નન્દકી ધેનુ મંઝારન! જો ખગ હોં તો બસેરો કરો મીલી કાલિન્દી કુલ કદંબકી ડારન જો પાહન હોં તો વહી ગીરી કો, જો ધાર્યો કરછત્ર પૂરન્દર હારન!"

સર્વતંત્ર સ્વતંત્ર છતાં પ્રેમપરતંત્ર પ્રભુ કૃષ્ણ :

"सेस महेश गनेस दीनेस सुरेश जाहु निरंतर गावै
नारदसे शुकव्यास रटे हारे पचि तोउ पुनि पार न पावै ।
जाहे अनादि अगम अनंत अखंड सुवेद बतावै
ताहे अहिरकी छोहरियाँ छछीआ भर छाछपे नाच नचावै ॥"

આ છે કૃષ્ણની અદ્ભુત લીલા!

વિરુદ્ધ ધર્માશ્રય ભગવાન્ પ્રેમપરવશતાથી નિજજનાનુયાયી કૃષ્ણ :

મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ અદ્ભુત કૃષ્ણલીલાનું દર્શન કરાવ દીધું.

"हिहीहीहीङ्कारान् प्रतिपशु वने कुर्वति सदा
नमद् - ब्रह्मेशेन्द्र - प्रभृतिषु च मौनं धृतवति ।
मृगाक्षीभिः स्वेक्षा - नव - कुवलयैरर्चित - पदे
रति - प्रादुर्भावो भवतु सततं श्रीपरिवृढे ॥"

(શ્રીપરિવૃઢાષ્ટકમ-૩)

પ્રભુ ગોચારણ માટે પધાર્યા છે. વેદના પ્રતિપાદ્ય વિષયરૂપ અ ભગવાન્! ઉપનિષદ તેમની ગાયો! ભગવાન્ તેમને ચરાવે છે! ગાય ભગવાનની! ઘાસનાં લોભે ભગવાનથી દૂર જાય! ભગવાન્ તેમનાથી દૂ ન જાય! તેમની પાછળ પાછળ ફરે! પ્રત્યેક પશુને ગોવાળોની ભાષામ હિંકારે! હિંકારથી અહીં-અહીં-અહીં કરે! દૂર શા માટે જાવ છો ? અહ આવો! ઉપનિષદનો વિષય તો ભગવાન્ છે. બીજું કાંઈ નથી. મોહથ બીજે રસ્તે દૂર દોરાતી ગાયોને પોતાની પાસે પાછી બોલાવે છે! વેદન શબ્દોનાં "કૃષ્ણ" સિવાયના બીજા અર્થો કરનારને ચેતવે છે. દેવભાષ સંસ્કૃતમાં નહિ, ગાયો સમજે તેવી ગોવાળોની ભાષામાં! હી હી હી હ કરીને ઉપનિષદનો અર્થ મારાં (કૃષ્ણ) સિવાય બીજો કોઈ નથી-કાંઈ નથી

બીજો અર્થ કરનાર-દૂર લઈ જનારથી દોરવાઈ ના જશો! પાછા આવો! મારાં છો, મારી પાસે આવો! અબોલ પશુ ઘાસનાં લોભે દૂર જનારાં! છતાં પોતાના! ભક્તોને ભગવાન્ દૂર કેમ જવા દે ?! ભક્તોની પાછળ ભગવાન્ ફરે! - આ પુષ્ટિ છે! ભગવાન્ કે ગુરુના અનુયાયી અનેક હોય, અહીં તો પ્રેમપરવશ ભગવાન્ નિજજનોના અનુયાયી છે! ભગવાનની પાછળ ભક્તો ફરે - તે તો મર્યાદા છે! બ્રહ્મા, શંકર, ઈન્દ્ર વગેરે દેવતાઓ સામે ચાલીને પાસે આવે, સ્તુતિ કરે, વિનવે છતાં ભગવાન્ તેમની સાથે મૌન રહે! આવાં ભગવાન્ પોતાનાથી દૂર જતાં, મૌન રહેતાં, ઘાસના લોભે લલચાઈ ગયેલા, પશુઓ છે પણ પોતાનાં છે તેમને પોતાની પાસે બોલાવે છે! મૃગાક્ષી શી ગોપીજન, પ્રભુનાં પથની પ્રતિક્ષા, નયનકમલ થી દૃષ્ટિ બિછાવીને કરી રહ્યા છે! આવા છે શ્રીગોપીજનવલ્લભ! આવા પરિવૃઢપ્રભુમાં મારી રતિનો પ્રાદુર્ભાવ સતત થાવ! સપ્રેમવંદન, આ શ્રીગોપીજનવલ્લભને! તેમને ઓળખાવનારાં શ્રીવલ્લભાચાર્યચરણોને!

આવા ભગવાનથી બહિર્મુખ થતાં બળતરાં થાય :

"यदा बहिर्मुखा यूयं भविष्यथ कथञ्चन ।
तदा काल-प्रवाहस्था देह - चित्तादयोऽप्युत ॥
सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम ॥"

(શિક્ષાશ્લોકી ૧$\frac{૧}{૨}$)

જ્યારે કોઈ પણ રીતે તમે "બહિર્મુખ" (ભગવદ્વિમુખ) થશો ત્યારે કાલ અને પ્રવાહમાં રહેલાં દેહ અને ચિત્ત વગેરે તમને સંપૂર્ણ રીતે ખાઈ જશે, આમ મારી (શ્રીમહાપ્રભુજીની) સમજ છે.

સેવાથી સર્વસિદ્ધ થઈ જશે, બહિર્મુખતાનો ભય નહિ રહે - એમ માનવું નહિ, તેમાં કારણ કહે છે-

न लौकिक : प्रभुः कृष्णः मनुते नैव लौकिकम् ।
भावस्तत्राप्यस्मदीयः सर्वस्वश्चैहिकश्च सः ॥

(શિક્ષાશ્લોકી - ૨$^{૧}/_{૨}$)

(સર્વસમર્થ) સ્વામી શ્રીકૃષ્ણ લૌકિક નથી, લૌકિક (સેવા)ને માનતા નથી, તે (સેવા)માં આપણો ભાવ (સાધન) છે, (કે) તે (શ્રીકૃષ્ણ) સર્વસ્વ છે, આ લોક (પરલોક) સંબંધી સઘળું છે.

परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा ।
सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः ॥

(શિક્ષાશ્લોકી ૩$^{૧}/_{૨}$)

પરલોક અને (આ લોક) તે (ફલરૂપ ભગવાન્) થી સિદ્ધ થાય છે. આ (પ્રકટ) વ્રજાધિપ જ સર્વભાવથી સર્વથા સેવવા જરૂરી છે, (તે) (શ્રીગોપીજનવલ્લભ), આપણું સઘળું (લૌકિક-અલૌકિક, સાધનફલ), (સ્વતઃ સ્વેચ્છાથી) કરશે, (આ) નિશ્ચિત (છે).

આમ, ચાર શિક્ષા કહી છે,-(૧) ક્યારેય બહિર્મુખ ન થવું, સદૈવ ભગવત્સંમુખ રહેવું (૨) પ્રભુ શ્રીકૃષ્ણમાં લૌકિક-ભાવ ન કરવો, (૩) (શ્રીગોપીજનનો ભાવિત) અલૌકિક ભાવ રાખવો. (ભાવના અને ગુણગાન કર્યા કરવાં) (૪) સર્વભાવે સર્વથા ગોપીશની સેવા કરવી.

બહારની (સંસાર-વ્યવહારની) મુખ્યતાવાળા તે બહિર્મુખ! તેમને બળતરાં અને બબડાટ હોય. અંતઃકરણમાં દષ્ટિવાળાં તે અન્તર્મુખ! તેમને શાંતિ મળે.ભગવાનમાં દષ્ટિવાળા (મુખ્યતાવાળા) તે ભગવદભિમુખ- તેમને આનંદ મળે. જીવન કૃતાર્થ થાય. આ વાત શ્રીમહાપ્રભુજીએ પોતાનાં પુત્રોને-શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી (શ્રી ગુંસાઈજી) ને સમજાવી છે. તેમનાં નિમિત્તે પોતાનાં સૌ સેવકોને સાવધ કર્યાં છે.

શ્રી ગોપીજનવલ્લભમાં વિશ્વાસમાત્રથી કૃતાર્થતા :

मयि चेदस्ति विश्वासः श्रीगोपीजनवल्लभे ।
तदा कृतार्था यूयं हि शोचनीयं न कर्हिचित् ॥
मुक्तिर्हित्वाऽन्यथा रुपं स्वरुपेण व्यवस्थितिः ॥

(શિક્ષાશ્લોકી ૧$^{૧}/_{૨}$)

મારામાં-શ્રીગોપીજન વલ્લભમાં - જો વિશ્વાસ છે, (તો) ત્યારે નિશ્ચિતપણે તમે કૃતાર્થ (સફલ) (છો), (કોઈ પ્રકારનો) શોક કરવા જેવું ક્યાંય નથી. મુક્તિ (તો) અન્યથા રૂપ છોડીને પોતાના (રસ લીલાનુરૂપ) દાસ-વગેરે-રૂપથી વિશેષ-સ્થિતિ (છે.) આ વાક્ય શ્રીગોપીજનવલ્લભે પોતે પ્રકટ થઈને કહેલું છે.

સફળ જીવન વ્યવહાર માટે ત્રણ છોડવાં જેવાં, ત્રણ ન છોડવાં જેવાં :

છોડવાં જેવાં ત્રણ :

"वृथालाप क्रियाध्यानं सर्वथातद् त्यजेत् त्रयम्"

વગર જોઈતી વાતો, વગર જોઈતા વ્યવહારો (ક્રિયા), વગર જોઈતા વિચારો તદ્દન છોડી દેવાં - તે જીવનને વ્યર્થ બનાવે છે, તેથી!

ન છોડવાં જેવાં ત્રણ :

स्वधर्माचरणं शक्त्या विधर्माचनिर्वतनम् ।
इन्द्रियाश्वविनिग्रह सर्वथा न त्यजेत् त्रयम् ॥

(૧) શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ (૨) વિરુદ્ધ ધર્મથી અટકવું તે (૩) ઈન્દ્રિયોરૂપ અશ્વોનો સંયમ. આ ત્રણેય ક્યારેય ન છોડવાં.

કલિયુગની બધી જ પ્રતિકૂળ પરિસ્થિતિમાં કૃષ્ણ જ આશ્રય છે (ગતિ છે) :

"सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।
पाषंड प्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥"

(કૃષ્ણાશ્રય-૧)

જ્યારે કલિયુગ અંદરથી દોષ સહિતના ધર્મવાળો છે (ત્યારે), (તેનાથી) લોકો પાખંડ જેમાં સૌથી અધિક છે તેવા (થયા છે ત્યારે), (તેથી) બધા જ માર્ગો (પુરુષાર્થ સાધનો ઉપાયો) નાશ પામ્યા (છે ત્યારે), અને (મહાદેવાદિ કલિયુગાનુરૂપ થયા છે ત્યારે) (સદાનન્દ) કૃષ્ણ જ મારા આશ્રય (છે) (થાવ). શ્રી મહાપ્રભુજીએ શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રમાં કલિયુગની બધી પ્રતિકૂળતામાં શ્રીકૃષ્ણને પોતાનાં આશ્રય (ગતિ)-ફલ રૂપ સમજાવ્યાં છે.

“શ્રી ભાગવત પરિવાર” :

આ મંગલ માર્ગદર્શન મહાપ્રભુજીએ સ્વજન હિત માટે પ્રકટ કરેલાં શ્રીભાગવતનાં સપ્તાર્થમાં દર્શાવેલું છે. ભગવાનને “જાણવા” અને “માણવા” માટે આ દિશામાં અમારાં “શ્રીભાગવત પરિવારો” દેશ-વિદેશમાં જાગૃતિપૂર્વક પ્રયત્ન કરે છે. ઉદ્યોગપતિઓ-ઈજનેરો-ડૉક્ટરો-વકીલો-વિવિધક્ષેત્રનાં સહૃદયી લોકો-આબાલ વૃદ્ધ-સૌ સ્ત્રી-પુરુષો-ઓછું ભણેલાં કે ખૂબ ભણેલાં-પ્રોફેસરો કે પંડિતો બધાં જ યત્નશીલ છે. પ્રભુની પ્રસન્નતાની વર્ષાનો આહ્લાદ માણે છે. આ “શ્રી ભાગવત પરિવાર” ના નિયમોનું તથા તેમાં થતી સ્તુતિનું નિરૂપણ આ ગ્રંથમાં જુદું આપ્યું છે. અનુસરવા વિનંતિ.

સેવાકૃતિ-ઉપકૃતિ-સ્મૃતિ :

વાત્સલ્યવર્ષણશીલ પ.ભ. પૂજ્યપાદ દાદાજી (શ્રી વ્રજવલ્લભભાઈ શાસ્ત્રીજી), પ.ભ.પૂ.પા.શ્રીનાગરદાસકાકા તથા પ.ભ.મુ. મોહનકાકાના કૃપાયોગે જીવનપથ લાધ્યો. પ્રભુ સુધી પહોંચ્યો કે પ્રભુ મારાં સુધી પહોંચ્યા તેમાં સહયોગ મારા સહધર્મચારિણી સૌ. વિનોદિનીનો પ્રભુકૃપાથી સુલભ થયો. હું તો કથામાં શ્રોતાના હૃદયમાં રહેલાં “સર્વાત્માને” કથા સંભળાવું! ગુણગાનથી પ્રભુ પ્રસન્નતા અને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોના સ્પષ્ટ પ્રચારનું ધ્યેય તેમાં રહે. સૌ. વિનોદિની એ તો ઘરમાં બિરાજતાં “પરમાત્મા” ને કથા સંભળાવી! શ્રી શુકદેવજીના કથાના દિવસોમાં આ સેવા કરી. “શ્રીભાગવતરસાસ્વાદ”માં હૃદયસ્પર્શી વાક્યોનું રેખાંકન કર્યું. છેવટે પોતાની દઢતા અને સૌના લાભ માટે આ વાક્યોનું સંકલન પ્રસિદ્ધ કરીને કૃષ્ણસેવામાં મૂકવાનું સૂચન તેણે સ્વીકાર્યું. મારા પત્ની છે માટે નહિ, તેમની પ્રસિદ્ધિ માટે નહિ, પરંતુ વર્ણાશ્રમધર્મપૂર્વક, ઘરમાં કૃષ્ણસેવાનો નિર્વાહ કરતાં, સન્મુખમાં તારવેલા આ વાક્યો યથાર્થ ગૃહસ્થ જીવનનાં આદર્શરૂપ હોવાથી સૌના યથાર્હ ઉપયોગ માટે પ્રસિદ્ધ કર્યા છે. વિનિયોગ કરાવ્યો છે.

ગ્રંથનું નામ “વાક્યવિનોદ” (લીલા) રાખવું હતું. પરંતુ ભગવદિચ્છાવશ “વાક્યવિનોદિની” રખાયું!

બદરીકાશ્રમમાં તપ કરતાં ભગવાન્ નર-નારાયણની સેવામાં લક્ષ્મીજી બદરી (બોરડી) રૂપે બહાર સેવા કરતાં બિરાજ્યાં. લોકહિત માટે ભગવાન્ તપ કરે, લીલા માટે આચાર કરે, કમલકોમલ લક્ષ્મીજી બોરડીરૂપે કાંટા સહન કરીને પણ તપ કરતાં પ્રભુની સેવા કરે છે. આ તો પ્રસિદ્ધ છે.

તપોનિરત ભગવાન્ ભવની સેવા ભવાની કાયાનું કષ્ટ વેઠીને પણ કરે છે.

સમાધિનિરત કર્દમઋષિનાં કઠોર તપમાં, લૌકિકલાલસાઓ છોડીને, કોમલકાયાને કસીને, કૃશ કરીને દેવહૂતિજી સેવા કરતાં રહ્યાં! ભગવાન્ શુક્લનારાયણ પાસે કર્દમઋષિએ “ગૃહમેધધેનુ” જેવાં પત્ની માંગેલા. ઘર આશ્રમ બને, શ્રમ સૌનો દૂર કરે, તેમાં ઉપયોગી દૂધ દે, સેવા સૌની કરે તે “ધેનુ”! તે ઘાસ ખાય, સ્વલ્પમાં સંતોષ પામે! અનલ્પ સેવા દે-તે

"ગૃહમેધધેનુ"! કથામાં આ કથા કરતાં વારંવાર મને પ્રભુએ કરેલી કૃપા સમજાતી. તન-મનને કસીને-ઘસીને, પ્રેમથી આગળ ધસીને મારા લાલન અને મારા વૈષ્ણવોના સુખનું સંપાદન કરતાં મારાં સહધર્મચારિણી યાદ આવી જતાં!

બાદશાહ શાહજહાંએ બેગમમુમતાઝની સુંદરતા અને સ્નેહના સંતાપ સંસ્મરણમાં "તાજમહાલ" રચાવ્યો. ભવ્ય પ્રેમાંજલિ દીધી!

સમર્થ વિદ્વાન પંડિત વાચસ્પતિ મિશ્ર! "શારીરક" ભાષ્ય પર વિવેચન લખતાં હતાં. દેહદુનિયાની દરકાર વગર મગ્ન થઈ ગયેલાં! એક સાંજે દેખાતું બંધ થયું! આંખ ગઈ લાગી! ત્યાં તો કોઈ આવ્યું! દીવો લાવ્યું! પુનઃ દેખાયું! વિદ્વાને ઊંચું જોયું! "કોણ" ? - પૂછ્યું. વર્ષોથી સેવાપરાયણ પત્નીએ પોતાને ભૂલેલાં પતિને નામમાત્રથી સૂચન કર્યું "ભામતી"! પત્નીએ પોતાનું નામ કહ્યું. સંવેદનશીલ પતિને પત્નીની સેવા સંનિષ્ઠા સમજાઈ. પત્નીને સ્નેહાંજલિ દેતાં ગ્રંથને નામ આપ્યું -"ભામતી"!

મારાં સહધર્મચારિણી સૌ. વિનોદિનીને તન-મન કસીને-ઘસીને-ભાવથી આગળ ધસીને, માર્ગમાં વસીને, પ્રેમથી હસીને સેવા દેતાં જોયા. પ્રસંગવશાત્ લૌકિક વ્યવહારમાં કદાચિત્ ખિન્નતા આવી જાય પરંતુ ઘરમાં બિરાજતાં શ્રીલાલનની સેવાથી ભિન્નતા ન રહે. પ્રસન્નતા વર્ષે. પ્રસન્નતા વહે!

કૃષ્ણકૃપાની કમનીયતા-નમનીયતા અને રમણીયતા તો જીવનમાં પ્રતિપલ માણતો રહ્યો છું. ભગવદિચ્છા હશે તો જુદું નિરૂપણ થશે. નાનપણમાં સેવા-કથાની રમત રમતો હતો. ભણવામાં આવડત પ્રભુએ આપેલી. સાથેવાળા સૌ ભણનારા ઈજનેર કે ડૉક્ટર થવા મથે. મને ડૉક્ટરી ગમે નહિ. ઈજનેર પ્રભુએ બનાવી દીધો. સરકારી નોકરી મળી. કરવી તો પડે! પરંતુ મન માને નહિ. રોજ નોકરીએ જતાં પ્રભુને વિનવતો "હા નાથ! ક્યાં સુધી નોકરી કૂટાવશો ?! આપના સેવાકથા ક્યારે કરાવશો?!" હૃદય દ્રવે! નોકરી તો ચાલે! અનુભવો અનુકૂળ ન થાય! આદર તો અધિકારીઓ પણ દે! છતાં મન માને નહિ! સેવા-કથા માટે તલસે! પ્રભુએ કૃપા કરી! પિતાજી નડિઆદમાં કથા કરે. કંઠાવરોધ થયો. મને બોલાવ્યો. કથા કરવા જવા કહ્યું. મેં વિનંતી કરી : "હું વ્યાસાસને બેસું પછી નોકરી કોઈની ન કરું!" પ્રભુની કૃપા! પિતાજી સંમત થયા! ઉપરી અધિકારીએ જાણ્યું! મને લઈને જ્યોતિષીને ઘેર ગયા! તેમણે પૂછ્યું. "હું કયા જપપાઠ કરું કે જેથી આ મારી પાસે નોકરીમાં રહે ?!" કૃષ્ણ આકર્ષે તેને કોણ અટકાવી શકે ?! પ્રભુએ સેવા કથામાં સ્વીકાર કર્યો! પરીક્ષાઓ કાવ્યતીર્થ, વલ્લભવેદાંત વગેરે આપી. વયોવૃદ્ધ નિરીક્ષક પણ છેલ્લે આવીને પગે લાગ્યા - "આપને ચોરી-ચપાટી કર્યા વગર લખતાં જોઈને જીવનમાં પહેલી વાર હું સાચા અર્થમાં નિરીક્ષક તરીકે સફળ થયો!" પ્રભુએ જ હાથ પકડયો. પોતાના નિજજનોનો સંગ કરાવ્યો. પોતાની પાસે લીધો. મંદિરમાં સેવા હતી. સિદ્ધાંતવશાત્ મંદિર તો છોડ્યું. સેવા તો મારા લાલને પધારીને સ્વીકારી. પિતાજી તો પૈસા આપે. મારાથી લેવાય નહિ. તેમણે તો મને ઈજનેરી ભણાવ્યો. તેમનું કર્તવ્ય પૂરું થયું. મારી રુચિએ કથા કરાવી. પૈસા કોઈના લેવાય નહિ. આ બધાં દિવસો તો અદ્‌ભુત પ્રભુએ વીતાવ્યા, કૃષ્ણ તો અકિલષ્ટ કર્મા છે. કલેશ તેમને લેશ ગમે નહિ. સંસારમાં સંપત્તિ સંઘર્ષ કરાવે, કુટુંબમાં કલેશ, કડવાશ થાય. મારા પ્રભુને તે ન ગમે એ ભાવનાએ, એ વિચારે, વારસામાં મળતા વડીલોપાર્જિત ઘર, ઘરેણાં, પૈસા વગેરે અને સંયુક્ત કુટુંબમાં રહ્યા ત્યાં સુધી સ્વોપાર્જિત ઘરેણાં, કપડાં, પૈસા વગેરે પરથી અધિકાર મનથી ઉઠાવી લીધો. મારો આ મનોરથ પ્રભુપ્રસન્નતાના વિચારે હતો. તેમાં સ્વલ્પ પણ અચકાયા વગર સહયોગ મારા સહધર્મચારિણીએ દીધો. બધું છોડ્યું-સર્વાત્માના સંતોષ

માટે! -પરમાત્માની પ્રસન્નતા માટે! પ્રભુએ અપનાવી લીધા. પોતાના બનાવ્યા. ઘરમાં પોતાના બની વિહરી રહ્યાં છે. આવો સદ્ભાવભર્યો સહયોગ કૃષ્ણકૃપા વિના ન સંભવે. વંદુ છું એ કૃષ્ણકૃપાને!

આ ગ્રંથનાં વાક્યો મૂલ ભાગવતના! તેનું રસાસ્વાદન ભાગવત રસાસ્વાદનું. તેના ગૂંફનને ભાવાંજલિ દેતાં પૂર્વસ્મરણે નામ અપાઈ ગયું "વાક્યવિનોદિની"!

લખવું હતું તો ઘણું બધું. "જીવનવિનોદ" (લીલા) ગ્રંથ. તેમાં શ્રીમહાપ્રભુજીના "સર્વનિર્ણય" પ્રકરણના, ફલસાધન પ્રકરણના મૂલ શ્લોકો પણ આશય સાથે આપવા હતા. "સાધનદીપિકા" પણ દેવી હતી. પરંતુ ભગવદિચ્છાથી પરિસ્થિતિ પરવશતાથી "વાક્યવિનોદિની" ગ્રંથ સાકાર થયો. જૂદો જ રચાયો! લીલા છે અદ્ભુતકર્મા કૃષ્ણની! તે તો અકિલષ્ટ કર્મા છે! -સદૈન્ય વંદન તેમને!

આનું આમુખ "વાક્યવિનોદિની ગ્રંથનો અંગુલિનિર્દેશ" મારી પૌત્રીકલ્પ ચિ. પ્રિય કુ. પ્રાચી (M.Sc.)(પ્રકૃષ્ટ બુદ્ધિવાળી પ્ર.બુ.) ભૂપેન્દ્રભાઈ પટેલે પરીક્ષાની વિકટ પરિસ્થિતિમાં પણ સમય આપીને ધૈર્યથી લિપિબદ્ધ કર્યું છે. મારાં નેત્રની દૃષ્ટિ દુર્બલતાથી હું લખાવતો ગયો અને એ લખતી ગઈ. તેને હાર્દિક મંગલાશીર્વાદ-સદા પ્રભુ સન્મુખતા માટે!

કાર્યભારનિર્વાહ કરતાં મારાં સન્નિષ્ઠ પુત્ર ચિ. કીર્તન તથા યથાસંભવ સહયોગ દેતી પુત્રવધૂ સરલતરલ હૃદય ચિ. સૌ. મોનાને પ્રભુપંથે આગળ વધવા માટે મંગલાશીર્વાદ! પૌત્ર સ્નિગ્ધમુગ્ધ ચિ. ભર્ગને વૈષ્ણવતા વૈદૂષ્ય વૈભવને વધારવાના મંગલાશીર્વાદ!

આ "વાક્યવિનોદિની"માં પહેલાં ૧૪૨ વાક્યોનું મુદ્રણયોગ્ય લિપિમાં આલેખન નડિઆદ ભાગવત પરિવારના સન્નિષ્ઠ સદસ્ય શ્રી

રોહિતભાઈ દરજીએ કર્યું. તેમને ભાગવતના સઘન અભ્યાસ ની વૃદ્ધિ માટે મંગલાશીર્વાદ!

મારી પુત્રીકલ્પ સુભદ્ર હૃદય ચિ. સૌ. નીરૂ (નિરંજના) ભૂપેન્દ્રભાઈ પટેલે સૌહાર્દપૂર્ણ સહયોગ દીધો છે. તેણે પૂજ્ય બા ના વાક્યોને પુનઃ લિપિબદ્ધ કર્યા છે. આ તો તેની સેવાની સ્વાભાવિકતા છે. કંઈ કહું તે તેને ગમે નહિ, છતાં તેના ભગવદ્ભાવભર્યા જીવનની સફલતા પ્રભુકૃપાથી કરે - તેવા મંગલાશીર્વાદ!

આ આમુખને મુદ્રણયોગ્ય રીતે આલેખન કરવા માટે અમારાં નડિઆદ ભાગવત પરિવારનાં સહૃદય સદસ્ય શ્રી પ્રવિણકુમાર નટવરલાલ શાહે (M.Sc.) સુયોગ્ય સહયોગ દીધો છે. તેમને ભાગવતના અધ્યયનમાં આગળ ને આગળ વધવા માટે મંગલાશીર્વાદ!

આ ગ્રંથનું પ્રુફ શોધન અમદાવાદ ભાગવત પરિવારના મારા સ્વજન શિષ્યા પ્રિય ચિ. સૌ. અશ્વિનાબેન પીયૂષભાઈ શાહે (B.A.) ખૂબ ખંતથી કર્યું છે. તેમને પ્રભુ સન્મુખતા માટે હાર્દિક મંગલાશીર્વાદ! તેમાં પ્રુફ શોધનમાં સહયોગ અમારા નડિઆદ ભાગવત પરિવારના સદસ્ય યૌવનથી અદ્યાવધિ સેવા-સહયોગ દેતાં રહેલા ચિ. સૌ. લતા જયેશભાઈ પરીખ (B.A.) સસ્નેહ દીધો છે. તેમને હાર્દિક મંગલાશીર્વાદ !

આ ગ્રંથના મુદ્રણકાર્યમાં સૌહાર્દસભર ચિ. આલાપ સુનીલભાઈ શેઠ (અમદાવાદ) તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ. (અમદાવાદ)ના વ્યવસ્થાપક ભાઈશ્રી યોગેશભાઈ પરીખને તેમને દીધેલાં સુચારુ સહયોગ માટે હાર્દિક મંગલાશીર્વાદ. આ ગ્રંથને મુદ્રણ માટે કોમ્પ્યુટર પર ઉતારવાનું કાર્ય શ્રી ચિરાગભાઈ ગાંધી એ સહૃદયતાથી કર્યું છે. તેમને ખૂબ ધન્યવાદ !

જાણે અજાણ્યે ઉપયોગી થયેલાં સૌ સદ્ભાગી સહભાગીઓને હાર્દિક મંગલકામના! "વિદ્યાનિધિ ટ્રસ્ટ"નો વિશ્વસ્તગણ આવા ભગવત્કાર્યમાં

સદા તત્પર રહે છે તેમને પણ હાર્દિક મંગલાશીર્વાદ! વિશેષ પ્રભુ પ્રેરણાં દેતાં રહે - તેવી મંગલકામનાં!

શનિવાર,સંવત ૨૦૬૮,
જેઠ સુદ ૧૦,
તા. ૧૧-૬-૨૦૧૧,

"વ્રજવિહાર"
કૃષ્ણ દર્શન ફ્લેટ પાછળ,
વાણીયાવડ, કોલેજ રોડ,
નડીઆદ - ૩૮૭૦૦૧
ફોન નં. ૦૨૬૮-૨૫૨૯૮૧૧

લિ.
પ્રભુપથ પરિચારક
વિનીત,
નવનીતપ્રિય શાસ્ત્રીનાં
સભગવત્સ્મરણ પ્રભુવંદન

"શ્રીહરિઃ"

"सा विद्या तन्मतिर्यया..."

શ્રીમદ્ ભાગવત પરિવારના આચાર-વિચાર

આજથી લગભગ પચ્ચીસેક વર્ષ પહેલાં પૂ.શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીને પ્રેરણા થઈ "શ્રીભાગવત પરિવાર"ની સ્થાપના કરવાની ! તેમાં ઉદ્દેશ અને આચાર મર્યાદાઓ નીચે પ્રમાણે સાચવવા પ્રયત્ન કરવો તે હિતાવહ લાગે છે.

ઉદ્દેશ :-

શ્રીમદ્ભાગવત દ્વારા શ્રીમહાપ્રભુજીએ બતાવેલ સપ્તાર્થ પદ્ધતિથી પ્રભુને જાણવા અને માણવા. પ્રભુને પ્રેમ અને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરવો.

આચાર વિચાર:-

(૧) મૂળ (સંસ્કૃત) નિબંધ-સુબોધિનીમાં પ્રવેશ (સ્પષ્ટ સમજ) ન હોય તો વિદ્યાનિધિ ટ્રસ્ટ પ્રકાશિત શ્રીમદ્ભાગવત રસાસ્વાદનું તથા પુષ્ટિપુલિનનું જ સેવન કરવું.

(૨) ભાગવત પરિવારમાં બીજી વાતો કે વિચારો કે વ્યવહારો ન જ કરવા.

(૩) ભાગવત પરિવારમાં રોકડ કે વસ્તુ રૂપમાં કશી લેવડ દેવડ ન જ કરવી.

(૪) ભાગવત પરિવારમાં અન્ય વાતો ન જ કરવી, સપ્તાર્થ પદ્ધતિને સાનુકૂલ હોય તે જ વાંચવું અને વિચારવું.

(૫) ભાગવત પરિવારમાં પોતાના જીવન વ્યવહારનું નિરીક્ષણ પોતે જ કરવું, બીજાની પંચાત ન જ કરવી.

૬) ભાગવત પરિવારમાં બધા જ વૈષ્ણવો છે. કોઈ પ્રમુખ નથી કે કોઈ મંત્રી નથી.

૭) ભાગવત પરિવારમાં આવનારને સત્સંગને અંતે પુષ્ટિપ્રભુની

પ્રસાદી મિશ્રીના બે કણ અને જરુર હોય તો જળ આપવું. અન્
પ્રસાદ, વસ્તુ કે પીણાં નહીં.

(૮) ભાગવત પરિવારમાં નિયત સમય જાળવવાનો પ્રયત્ન કરવો ભાગવત પરિવારમાં છેલ્લા સત્સંગનું સરળ પુનરાવર્તન કરી પછી આગળનો ક્રમકરવો.

(૯) દેશ, કાલ અને અધિકારની મર્યાદા સમજીને વર્તવું.

(૧૦) ભાગવત પરિવારમાં પોતાના પ્રભુમાં પોતાનો પ્રેમ કેટલો વધ્યો તે પોતે જ તપાસવું.

(૧૧) સત્સંગની શરૂઆતમાં મંગલાચરણ કરવું અને સત્સંગને અં આશ્રયનું પદ "દ્રઢ ઈન ચરણન કેરો...." સામાન્ય રીતે કરવું આ સાથે મંગલાચરણ આપેલ છે. તે પ્રમાણે જ કરવું. સાથે તે ભાષાન્તર પણ આપેલું છે.

(૧૨) ભાગવત પરિવારમાં દરેક ભાગવત પરિવારના સદસ્યોનાં નામ સરનામું, ફોન નં. અને વ્યવસાય વગેરેની નોંધ રાખવી.

(૧૩) ભાગવત પરિવારમાં પ્રસંગવસાત્ ભાગવત પરિવારનાં સ્થળ સમય વગેરે બદલવાના હોય તો તેની જાણ નડીઆદ કરવી.

(૧૪) લૌકિક પ્રસંગોમાં ભાગવત પરિવારનાં સદસ્યોને ભાગવ પરિવારનાં નામથી જોડવાં નહિ.

(૧૫) ભાગવત પરિવારમાં મૂલ(સંસ્કૃત) ભાગવત અથવ શ્રીમદ્ભાગવત રસાસ્વાદ સાથે લઈને આવવું લિ.

વિનીત
નવનીતપ્રિય શાસ્ત્રીનાં
પ્રભુવંદન પૂર્વક ભગવત્સ્મરણ
આજ્ઞાથી
કીર્તન શાસ્ત્રી

મઙ્ગલાચરણ

સ્ફુરતકૃષ્ણ-પ્રેમામૃત-રસ ભરેણાતિ-ભરિતા
વિહારાન્કુર્વાણા વ્રજ-પતિવિહારાબ્ધિષુ સદા ।
પ્રિયા-ગોપી-ભર્તુઃ સ્ફુરતુ સતતં વલ્લભ ઈતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગ-મુર્તિઃ સકરુણા ॥ ૧ ॥
આચાર્ય ચરણદ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જભાસ્કરમ્ ।
નમસ્યામિ મનઃકર્મવાગ્ભિરન્તસ્તમોડપહમ ॥ ૨ ॥
દાસ્યં પ્રયચ્છતાં મહ્યં સમસ્તફલમૂર્ધગમ્ ।
સ્વામિનૌ વલ્લભાધીશવિઠ્ઠલેશાભિધૌ સદા ॥ ૩ ॥
શ્રીકૃષ્ણં પરમાનન્દં દશલીલાયુતં સદા ।
સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ ॥ ૪ ॥
શ્રીમદ્-ભાગવતં નૌમિ યસ્યૈકસ્ય પ્રસાદતઃ ।
અજ્ઞાતાનપિ જાનાતિ સર્વઃ સર્વાગમાનિહ ॥ ૫ ॥
બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।
ધ્યાનાસમર્થજીવાનામસ્માકં સર્વદા સ્વતઃ ॥ ૬ ॥
વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમભીક્ષ્ણશઃ ।
યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ॥ ૭ ॥
સુલભ્ય હૃદિ સર્વેશં શ્રીગોપીજનવલ્લભમ્ ।
ગુણગાનં સદા કુર્વે તસ્ય તુષ્ટ્યૈ સ્વભાવતઃ ॥ ૮ ॥

“श्रीहरिः”

“सा विद्या तन्मतिर्यया...”

શ્રીભાગવત પરિવારના મઙ્ગલાચરણના શ્લોકોનું સરલ ભાષાન્તરઃ

સ્ફુરતા કૃષ્ણપ્રેમરૂપ અમૃત-રસની અતિશયતા વડે અત્યંત ભરેલું, વ્રજપતિ (શ્રીકૃષ્ણ)ના વિહાર-સમુદ્રોમાં સદા વિહરતું, ગોપીભર્તાનું પ્રિય, “વલ્લભ” - નામે પ્રસિદ્ધ, કરુણાયુક્ત, સુભગ-સ્વરૂપ અમારા હૃદયમાં સતત સ્ફુરો !॥૧॥

અંતઃકરણના અંધકારને દૂર કરનાર, ભક્તિથી પ્રાપ્ત થતા ભગવજ્જ્ઞાન રૂપ કમલને ખીલવનાર સૂર્ય રૂપ, શ્રીમદ્-વલ્લભાચાર્યજીનાં બે ચરણોને હું મન-કર્મ અને વાણીથી નમસ્કાર કરું છું.॥૨॥

શ્રીવલ્લભાધીશ અને શ્રીવિઠ્ઠલેશ નામવાળા બે સ્વામી, સઘળાં ફલોમાં શ્રેષ્ઠ દાસપણું મને હંમેશાં આપો.॥૩॥

સદા દશલીલાઓ સહિત, સર્વભક્તોના સમુદ્ધાર નિમિત્તે વિશેષ-રીતે સ્ફુરાયમાન થતા, સર્વશ્રેષ્ઠ, પરમાનન્દ, શ્રીકૃષ્ણને અમે સ્તવીએ છીએ.॥૪॥

શ્રીમદ્ ભાગવતની હું સ્તુતિ કરું છું ! (નમન કરું છું. !) જે એકની જ કૃપાથી અજાણ્યા શાસ્ત્રોને પણ સૌ અહીં સરખી રીતે સમજે છે.॥૫॥

અમારી, ધ્યાન કરવા અસમર્થ જીવોની, બુદ્ધિને પ્રેરનારા શ્રીકૃષ્ણનાં ચરણકમલ સર્વદા પોતાની મેળે પ્રસન્ન થાવ!॥૬॥

શ્રીનન્દરાયજીના વ્રજનાં સ્ત્રીઓ (શ્રીગોપીજનો)ના એક ચરણરજને વારંવાર હું વંદન કરું છું. જેમનાં હરિકથા કરતાં ગાયેલાં ઊચ્ચગીત ત્રિભુવનને પાવન કરે છે.॥૭॥

સર્વના સ્વામી શ્રીગોપીજનવલ્લભ (શ્રીકૃષ્ણને)ને હૃદયમાં પધરાવીને, તેમનાં સ્વભાવતઃ સંતોષ માટે હું ગુણગાન સદા કરું છું.॥૮॥

“श्रीहरिः”

મારી થોડી વાત

નાનપણથી પ્રભુમાં મને શ્રધ્ધા હતી. હવે તે વધી છે. નાનપણમાં હું સેવા અને કથાની રમત રમતી હતી. તેમાં આનંદ આવતો હતો. બ્રાહ્મણો મોટે ભાગે માતાજી-મહાદેવજીની પૂજા કરતાં હોય. મહાદેવજી મર્યાદામાં ઉત્તમવૈષ્ણવ છે. માતાજી ભગવાનની શક્તિ છે. એક વખત ઋષિ પાંચમે, મહેમદાવાદ મારાં ફોઈને ત્યાંથી, સિંહુજ વીરેશ્વરદાદા-મહાદેવજીના-દર્શને ગયેલાં. ત્યાં મારી બા શંકરદાદાને કહે : “દીકરી મોટી થઈ છે!” દાદાએ એ જ વર્ષે મારો વિવાહ સિંહુજ ગામના “જેઠાલાલ શાસ્ત્રીજી” ને ત્યાં કરાવ્યો. શંકરદાદાએ પોતાનાં જ ગામમાં મને લીધી, એ આશાએ કે કોક દિવસ તો મારાં દર્શન કરવા આવશે! મારો વિવાહ ચારેક વર્ષ રહ્યો. પછી લગ્ન થયું. એ દરમ્યાન તે વખતે મારે “લક્ષ્મીનારાયણ” નું વ્રત ચાલતું, તેમનું નામ દઈને જ ખાવા-પીવાનું અને એ અરસામાં લક્ષ્મીનારાયણે નડીઆદમાં મને લીધી. મારા ફોઈનો છોકરો કહેઃ “હવે તો લક્ષ્મીનારાયણ મળ્યાં છે, તો તેમનો છાલ છોડ!” તો પણ એકાદ વર્ષ તો તે વ્રત ચાલુ રહ્યું હશે. તેવામાં એક વખત સપનામાં મને લક્ષ્મીનારાયણે દર્શન આપ્યા! અત્યારે જે લક્ષ્મીનારાયણ છે તેવા જ. પરણીને આવીને દર્શન કર્યા તો મને રડવું આવ્યું કે “પ્રભો! મને સાચવવા આપ અહીં આગળ છો!” ત્યારથી મંદિરવાળી પોળ સાસરું! ને મંદિર મારાં માટે પિયર બની ગયું! ભાદરવામાં મંદિરમાં એક કોઈ કાકા ગુજરાતી ભાગવત વાંચતા હતાં, તે હરિશરણ થયા. તેથી ભાગવત વાંચવાનું બંધ હતું, મને થયું-“લાવને ભગવાન્ ગુજરાતી સાંભળે છે તો હું સંભળાવું.” તો તે ક્રમમેં ચાલુ કર્યો. કોઈ વાર સાત દિવસમાં કામને લીધે પૂરું ના થાય તો કીર્તનના

બાપુજીએ સંસ્કૃતગ્રંથ સાથે રાખેલો, એનાથી તો તે પૂરું કરવા લાગતા હતાં. મંદિરવાળી પોળમાં હતી ત્યારે બધાં પોળનાં છોકરાંઓને બોલાવીને "યમુનાષ્ટક" શીખવતી. તિલક કરાવતી. એમ કરતાં આપણાં "શ્રીમદ્ ભાગવત-રસાસ્વાદ" ની પ્રથમ આવૃત્તિ છપાઈને પ્રસિદ્ધ થઈ, ને તે ભાગવત સાત દિવસમાં "લક્ષ્મીનારાયણ" ને સંભળાવ્યું, શુકદેવજીની કથાનાં દિવસોમાં! તે (કીર્તનનાં બાપુજી) કથામાં જતા, લોકોમાં રહેલા ભગવાનને તે સંભળાવતાં ને હું ભગવાનને ઘરમાં પ્રત્યક્ષ સંભળાવતી! ચાર-પાંચ વર્ષો સુધી આમ સંભળાવ્યું હશે! શ્રી શુકદેવજીની સાત દિવસની કથામાં વૈષ્ણવોની અવર-જવર વધી જવાથી કથાક્રમ બંધ પડ્યો - મારો તે ક્રમશિથિલ થયો. પારાયણ કરતાં કરતાં હું પેન્સિલથી અંડરલાઈન કરતી હતી અને મને ગમતાં ફકરામાંથી વાક્યો ઉતાર્યા. એમને (કીર્તનનાં બાપુજીને) થયું કે છપાવીએ.

વર્ષો સુધી ઘરનું કામકાજ કરતી અને શ્રીમદ્ ભાગવત પ્રભુને સંભળાવતી હતી. નાનપણમાં છ ભાઈ-બહેનોમાં સૌથી મોટી હું! બા-બાપુજી પ્રેમથી ઉછેરે. તેઓ બહાર જાય તો બધાની જવાબદારી મારે માથે આવે. પ્રભુએ મારું એમ ઘડતર કર્યું. એ બધું મને સેવામાં બહુ ઉપયોગી થયું. કીર્તનનાં બાપુજી નોકરી કરવા જાય ઈજનેરીમાં! ત્યારે સેવાનો લાભ મને મળે. જે કરું તે પ્રભુ સ્વીકારી લેતા. મંદિરે અમારા લાલન પધાર્યા. પાંચ-સાત વર્ષ શ્રીલક્ષ્મીનારાયણ જોડે બિરાજ્યાં. ઘરમાં પુષ્ટિમાર્ગનો ક્રમ ધીરે-ધીરે આવતો ગયો. કોઈ સિદ્ધાંત બાબતે મન ન માન્યું. મંદિરવાળાને અમે કહ્યું કે પૈસાનો વહીવટ તમે કરો, સેવાની જવાબદારી અમારી છે. તે લોકો ન માન્યા. સિદ્ધાંત માટે અમે મંદિર છોડ્યું. મંદિરવાળી પોળમાં અમારા ઘરમાં અમારા શ્રીલાલન (શ્રીનવનીતપ્રિયાજી) બિરાજ્યાં. ઘરમાં ઉપર મુ. મોહનકાકાનાં આપેલા હિંચકા પર બિરાજે ને ઝાંપીજીમાં પોઢે! તેલના ડબા પર પાટલો મૂકીને મારી બાજુમાં પણ લાલન પોઢતા હતા! આવડે તેવી અપરસ પાળતાં હતાં. કીર્તન નાનપણથી અપરસમાં જ ન્હાતો. હું કે તેના બાપુજી નવડાવીએ. એના બાપુજીને મારે અડવાનું ન હોય ત્યારે રસોઈમાં મોડું થાય. સેવામાં મોડું થાય તો પણ પ્રસાદ જ લેતો હતો. બહાર બીજે ખાતો ન હતો. મંદિરવાળી પોળમાં જ હતાં ત્યારે "શ્રીમદ્ ભાગવત-રસાસ્વાદ" લખાયું. ઘરકામ, સેવા, ભાગવત પાઠ સાથે ચાલતાં. તેઓ બહાર જાય તો બા-બાપુજીને ચિંતા ન થાય! અને હું જાઉં તો ચિંતા થાય! એવો પ્રેમ અને વિશ્વાસ હતો. મંદિરે અને ઘરમાં શ્રીલાલનને પણ "શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ" સંભળાવ્યું. ભગવાનની ઈચ્છા થઈ મોદીસાંથમાં "વ્રજવિહાર" ઘરમાં પધારવાની. પોળમાં વસાવેલો સેવાનો સાજ પડી રહ્યો હતો તે મોદીસાંથમાં બરાબર ઉપયોગમાં લઈ લીધો. પોળમાં મોટો પડતો હતો! અહીં બરાબર અંગીકાર થઈ ગયો! ઘેર વૈષ્ણવો, વિદ્વાનો, ગોસ્વામી બાળકો અવારનવાર પધારતાં રહેતાં, ઉત્સવો થતા, મનોરથો થતા, અદ્‌ભુત આનંદ મળતો. સાજી-માંદી રહેતી તોય ઠાકોરજી સન્મુખ રાખતાં! થોડાં વર્ષોમાં મોકળાશ માટે બાજુનું ઘર લીધું. સગવડ વધી. ગામ-પરગામ તેમની કથા ચાલે. વિદેશમાં પણ ખરી. ઘરમાં સેવા અને સત્સંગ બંને ચાલે. પ્રભુ પ્રેમથી અપનાવી લે! જાત-જાતનાં પોતાપણાનાં અનુભવ દે! ત્યાં સંસ્કૃત ભાગવત, પુષ્ટિપુલિન, વિજ્ઞાનવિહાર, વ્રજવિહાર વગેરે ગ્રંથો પ્રભુએ તેમની પાસે લખાવ્યા.

અનાયાસે, અણધારે, ગામબહાર કોલેજ રોડ, વાણિયાવડ આગળ જમીન મળી. સાનુકૂળ "વ્રજવિહાર" રચાયું. પ્રભુ તેમાં પ્રેમથી વાજતેગાજતે પધાર્યા. પ્રેમ વરસાવતા બિરાજી રહ્યા છે. નાનપણમાં મા-

બાપે વરસાવેલુ વ્હાલ, સાસરે બા-બાપુજીએ મૂકેલો વિશ્વાસ, મને બળ દેતાં રહ્યાં છે. તેમણે (કીર્તનના બાપુજીએ) આપેલો સ્નેહ, માર્ગદર્શન, સેવાનો લાભ, મારાં જીવનનું બલ અને ફલ છે. નાગરદાસકાકા, મોહનકાકાને ઘેર તેમને (કીર્તનના બાપુજીને) ભણાવવા પધારતાં, તે મને પણ ઘેર આવીને માર્ગદર્શન આપતાં. મુ.મોહનકાકા, તેઓ બહારગામ હોય ત્યારે પણ મારી પાસે આવે, સમજાવીને સાન્ત્વન દે, માર્ગદર્શન દેતાં. તેઓ કહેતાં, “વિનોદિનીબેન! શ્રીલાલન આપને માટે જ પધાર્યા છે!” પૂ. દાદાજી (પુ. પા. શ્રીવ્રજવલ્લભભાઈ શાસ્ત્રીજી)ના વરસતા વાત્સલ્યની તો વાત જ શી થાય! મને પુત્રવધૂ અને ધર્મની દીકરી બંને રીતે જાણતાં. જીવનમાં સાચુ સમજાવતાં, સન્મુખતા દેતાં, સ્થિરતા દેતાં. તેમને ઘેર તો અમે ગમે તેમ કરીને પણ વર્ષમાં ત્રણ-ચાર વખત વ્રજમાં જતાં. પ્રેમની હૂંફ મળતી. પ્રભુની વાતો કરતાં પ્રભુને યોગ્ય જીવન ઘડતર બનાવતાં. સમજાય નહિ તેવી કૃપા છે. તેમને (કીર્તનનાં બાપુજી) આંખે ઝાંખ થઈ, શરીરે શિથિલતા વધી, સેવામાં પૂરતું પહોંચાય નહિ, કાળજું કપાઈ જાય છતાં સેવામાં સંક્ષેપ કર્યો. અપરસ ઓછી થઈ ગઈ. ઉત્સવોની જેમ બડી અપરસ થઈ. મનોરથો ને ઉત્સવો પ્રભુએ ચાલુ રાખ્યાં છે. ચિ. કીર્તન નાનપણથી સેવાના વાતાવરણમાં ઉછરેલો, તેનાથી બને તેવો સહયોગ પ્રેમથી દે છે. તેની પત્ની (મારી પુત્રવધૂ) સૌ.મોના તેની ટેવ ન હોવા છતાં સહયોગ દેવા મથી રહી છે. નાનકડો ભર્ગ, મારો રાજા બેટો, નાનકડી બાલલીલા યાદ કરાવે છે. તેમની સાથે ખેલે છે. અમારા ઘરમાં અમારાં લાલન ખેલતાં જ રહે તેવી વિનંતી!

આ બધાંને તો પ્રેમથી પ્રણામ અને ભગવદ્ સ્મરણ સિવાય કશું કરી શકતી નથી. મારા “શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ”માંથી પસંદ કરેલાં

વાક્યો મને ઉતારી લેવા કીર્તનના બાપુજીએ કહ્યું. સૌને લાભ મળે, આનંદ મળે, માટે તેનું પુસ્તક છપાવવાનું નક્કી કર્યું. ખૂબ પ્રેમથી ગ્રંથનું નામ“વાક્યવિનોદિની” રાખ્યું. પ્રભુ પ્રસન્ન થાય, પ્રકટ થાય, પાસે રાખે તેવી હૃદયની ઈચ્છાને દબાવી શકતી નથી. જીવનમાં મને લૌકિક કરતાં પ્રભુમય જીવન કેમપસાર થાય તે જ વિચારતા શિખવતા. હું કેમ આનંદમાં રહુ તેમ મને સહકાર આપ્યો છે-કીર્તનનાં બાપુજીએ!

૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં માધુરીદાસ માળીનો પ્રસંગ પ્રસિદ્ધ છે. તે માળી હતાં. ફૂલ લાવતાં. શ્રીનાથજી તેમને માલાજી ગૂંથવાનું શિખવતા. શ્રીગુંસાઈજીના હાથે તે માલાજી અંગીકાર થઈ. શ્રીનાથજીએ ફૂલોની માલા જેવી રત્નની માલા સિદ્ધ કરવાં કહ્યું. ગુંસાઈજીએ તેનો વિનિયોગ કરાવ્યો શ્રીનાથજીને! તેમ મને વાક્યો જડ્યા રસાસ્વાદમાંથી, ત્યાં તે શ્રીનાથજીની માલા રૂપે ગૂંથાયા. કીર્તનના બાપુજી દ્વારા “વાક્યવિનોદિની” રૂપે અમારા લાલનને તે નિવેદન થાય છે. અમારાં લાલન - મહાપ્રભુજી - વૈષ્ણવો તેનાથી પ્રસન્ન થાય. વૈષ્ણવ પ્રસન્ન થાય તેવી હૃદયની આતુર ભાવના સાથે મારા લાલનને દંડવત્ પ્રણામ!

અષાઢ વદ - ૧૦, સંવત ૨૦૬૮,
સોમવાર, તા. ૨૫-૭-૨૦૧૧

“વ્રજવિહાર”, કૃષ્ણદર્શન ફલેટ પાછળ,
વાણિયાવડ, કોલેજ રોડ,
નડીઆદ - ૩૮૭૦૦૧. (જિ. ખેડા)
ફોન નં. ૦૨૬૮-૨૫૨૯૮૧૧
Email:- vrajvihar@gmail.com
www.vrajvihar.com

॥ શ્રીહરિઃ ॥

"શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ"

"વાક્ય-વિનોદિની"

માહાત્મ્ય (પદ્મપુરાણીય) અધ્યાય ૧ થી ૬

૧. શ્રીમદ્ ભાગવત ભગવાનની, ભગવાનના ભક્તોની, ભગવાનના ધર્મોની અને ભગવાનની લીલાઓની ઓળખ કરાવે છે.

૨. શ્રીમદ્ભાગવત જીવનને વૃન્દાવન બનાવે છે, મધુવન બનાવે છે, મનને વશ કરે છે, ભક્તોનું તે જીવન ધન છે.

૩. માનવને ભાગવતના સેવનથી સુખ અને શાન્તિ જડે, સુખમય ભગવાન્ ભાગવતમાંથી જડે.

૪. ભગવાન્ ઓળખાય પછી બીજું કશું ઓળખવાનું બાકી ન રહે.

૫. ક્યારેક પોતાની પ્રબલ પ્રકૃતિ પરેશાન કરે છે.

૬. કવચિત દુઃખની પરંપરા ડરાવે છે, ક્યારેક પોતાના હોય તે પારકા બનીને પીડે છે.

૭. ભયમાંથી અભય આપનાર બિરાજે છે, - શ્રીમદ્ ભાગવત!

૮. કોઈ પણ રીતે મન શ્રીમદ્ભાગવતમાં જોડી દઈએ તો મનને શાંતિ મળશે.

૯. ભગવાનના નામનું પ્રકટ સ્વરૂપ એટલે શ્રીમદ્ ભાગવત!

૧૦. ભગવાનના માહાત્મ્યનું તથા લીલાનું જ્ઞાન થાય, પ્રભુની સેવાની રીતિ સમજાય, પ્રભુમાં પ્રીતિ થાય.

૧૧. જીવો ત્રણ પ્રકારના છે : (૧) પુષ્ટિ સૃષ્ટિ (૨) મર્યાદા સૃષ્ટિ (૩) પ્રવાહ સૃષ્ટિ.

૧૨. (૧) પ્રભુ સાથે પ્રેમ કરે - પુષ્ટિ સૃષ્ટિ
(૨) શાસ્ત્ર અને સત્પુરુષને સાનુકૂલ થઈને જીવે - મર્યાદા સૃષ્ટિ.
(૩) જેને માત્ર જીવવુંજ છે, મરજી મુજબ મન માને તેમજ જીવે - પ્રવાહ સૃષ્ટિ.

૧૩. સર્વ રીતે દુઃખી થયેલો, નસીબનો નબળો, ગમે તેવો હોય તે પણ જો શ્રીકૃષ્ણને શરણે ચરણે જાયતો સર્વત્ર સુખી બને છે.

૧૪. ભગવાન્ પોતે જે દુઃખોને દૂર કરે છે તે ફરી ક્યારેય આવતાં નથી, કોઈપણ સ્વરૂપમાં દુઃખ ભક્તને દુઃખી કરી શકતાં નથી.

૧૫. ભગવાને આપેલા સુખને માણતાં શ્રીગોપીજનને પણ જગતના કોઈ સુખમાં સાર દેખાયો નથી. એ તો માત્ર ભગવાનની જ સ્પૃહા કરતાં હતાં.

૧૬. કાંઈક લૌકિક લાભ મેળવવાની આશાએ ભગવાનના કે વ્યક્તિના ગુણોનું વર્ણન કરવું કે માંગવું તેનું નામ-પ્રાર્થના !

૧૭. ભગવાન્ પોતાની કૃપા સિવાય અને ભક્તોના ભાવ સિવાય કોઈ ઉપાયથી મળતા નથી.

૧૮. શરણાગતિ કે ભક્તિમાર્ગ પ્રભુપ્રાપ્તિનો સરલ માર્ગ છે.

૧૯. ભગવાન્ પુરુષોત્તમ બત્રીસ લક્ષણવાળા છે. તે ભગવાન્ ભાગવતથી મળે છે.

૨૦. તાવમાં ભોજનનો સ્વાદ આવે નહિ, તેમ ભગવાનની સેવામાં અને કથામાં લોકાસક્તિ હોય કે સંસારમાં આસક્તિ હોય ત્યાં સુધી રસનો અનુભવ થાય નહિ, પ્રીતિ થાય નહિ.

૨૧. જીવનમાં કોના તરફથી કયે વખતે કયા પ્રકારની આપત્તિ આવશે તે જાણતા નથી, પ્રાયઃ સૌ સંપત્તિને શોધવા પ્રયત્ન કરે છે.

૨૨. સર્વ દુઃખ હરનારા એક માત્ર હરિ છે. શ્રીહરિની શરણાગતિ કરનારને કોઈપણ પ્રકારનો ભય રહેતો નથી, અભય તેને અવશ્ય મળે છે.

૨૩. હું એક માત્ર પ્રભુનો છું, પ્રભુ મારા સર્વસમર્થ સ્વામી છે. તે સર્વદા-સર્વથા અને સર્વત્ર મારી રક્ષા કરે છે, મને સંભાળે છે.

૨૪. શુકદેવજીમાં દઢ વૈરાગ્ય છે, તેથી ઉત્તમઅધિકારી છે. શ્રોતા અને વક્તામાં જેમ વૈરાગ્ય વધારે તેમ શ્રીમદ્‌ભાગવતમાં અધિકાર વધારે હોય.

૨૫. શ્રીશુકદેવજી સંગના ભયથી પિતાનો આશ્રમ છોડીને ચાલ્યા જાય છે, આશ્રમમાં રહીને મને કોઈનો સંગ થાય તો ? વિરક્ત જ્ઞાની શુકદેવજીને સંગ ડરાવે છે.

૨૬. પરદુઃખ દેખીને દાઝે તે વૈષ્ણવ! પોતાના દુઃખે દુઃખી ન બને, પણ પારકાના દુઃખે દુઃખી થાય, પારકાના દુઃખને દૂર કરવા માટે મથામણ કરે તે વૈષ્ણવ !

૨૭. શુકદેવજીને ક્રોધ ક્યારેય આવતો નથી. તેઓ બ્રહ્માત્મભાવ ચિંતન પરાયણ મુનિ છે.

૨૮. પરિસ્થિતિ ઉપર પક્વ વિચાર કરે એ જ્ઞાનની સ્વાભાવિકતા છે. ઉત્તમતા કોઈપણ રીતે મળી આવતી હોય તો એને સ્વીકારી લે અને એ ઉત્તમતાનો આદર કરે એમાં જ્ઞાનનું ગૌરવ છે.

૨૯. કથા જીવનમાં નીતિ અને રીતિ શીખવે છે. ભગવાનમાં પ્રીતિ કરાવે જીવનની ભીતિ બધી દૂર કરે. ભગવાનમાં પ્રીતિ થતાં નીતિ અને રીતિ સ્વાભાવિક પણે આવે, શોધવા સમજવાં પણ ન પડે.

૩૦. ચિંતામણી મળેતો ચિંતવેલા બધા લૌકિક સુખ તેનાથી મળે, જો કલ્પવૃક્ષ મળી જાય તો સ્વર્ગનાં સુખ આપે, પણ ગુરુ પ્રસન્ન થાયતો યોગીને દુર્લભ એવો વૈકુંઠ લોક મેળવી આપે - ભગવાન્ મળે !

૩૧. પ્રભુની કથા સાંભળવા ઈચ્છનારના હૃદયમાં પ્રીતિ હોય તો જ કથા અંદર સ્થિર થાય. પ્રીતિવાળાને જ પૂર્ણ વાતો સંભળાવાય. જેને પ્રભુમાં પ્રીતિ ના હોય અને સાંભળે તે સાંભળેલું ભૂલી જાય. પ્રીતિપૂર્વક સાંભળે તે ભૂલી ન જાય, પ્રીતિનું સામર્થ્ય યાદ રખાવે, ભૂલી જતાં અટકાવે, પ્રીતિ વધે.

૩૨. અનેક જન્મનાં પુણ્ય એકત્રિત થતાં ભાગ્યોદય થાય ત્યારે સત્સંગ મળે, સુખ મળે, શાંતિ તેમજ સન્મતિ મળે.

૩૩. મુખની ત્રણ દશા દેખાય છે. (૧) ચઢી જવું (૨) મધુર કે મલકતું હોવું અને (૩) પડી જવું. કોઈને કારણે મોં ચડે છે, પોતાને કારણે મોં પડે છે! અને પ્રભુને કારણે મોં મલકે છે. સ્વાર્થલાભે મોંનો મલકાટ ક્ષણિક હોય. ભક્ત હોય તેનું મોં ક્યારેય ચઢે નહિ, પડે નહિ. ભક્ત અને જ્ઞાની હોય તેના હૃદયમાં ચિંતન ભગવાનનું હોય, બીજી કોઈ ચિંતા ન હોય.

૩૪. કલિયુગ સૌને કલહ કરાવનારો છે અને તે અધર્મનો મિત્ર છે. મિત્ર મિત્રનું પોષણ કરે, એટલે આ કલિયુગ અધર્મનું પોષણ કરનારો છે. તે અધર્મનું પોષણ કરી-કરાવી સૌને કલહ કરાવે છે.

૩૫. પોતાનો પ્રાણ દઈને પણ પારકાનું કામ સિદ્ધ કરી આપે તે સાધુ, પોતાનો સ્વાર્થ જતો કરીને પણ પરમાર્થ કરે તેનુ નામ સાધુ.

૩૬. જ્ઞાન-વૈરાગ્ય ચિત્તને કઠિન બનાવે છે, ભક્તિ સુકુમાર કોમલ બનાવે છે.

૩૭. સૌની સાથે વ્યવહારમાં પણ આ વણી લેવા જેવું છે. જેનામાં અનેક દુર્ગુણ ભરેલા હોય તેનામાંથી પણ કોઈ એકાદ પણ સારો ગુણ શોધી કાઢવો. એ ગુણનો વિચાર કરીને તેની સાથે વ્યવહાર કરીએ તો આપણી શાન્તિ તો ટકી રહે જ.

૩૮. પારકાનું ભલું કરવા પ્રવૃત્ત થયેલા સાધુપુરુષમાં અહંકાર આવેતો સાચો માર્ગ જડે નહિ. અહંકાર અંધકાર જેવો છે.

૩૯. શાસ્ત્ર જેનું સૂચન કરતું હોય, અને સાધુ પુરુષ જેમાં સંમત હોય એવું કર્મ સત્કર્મ છે.

૪૦. ભગવાન્ કાલના ય કાલ છે. ભગવાનને શરણે જનારને કાલ કદાપિ કનડતો નથી.

૪૧. ધર્મનું સતત સેવન કરો, લોકધર્મોનો સતત ત્યાગ કરો,.. સાધુપુરુષોનું સેવન કરો, કામતૃષ્ણાદિનો ત્યાગ કરો, બીજાના ગુણદોષનો વિચાર જલદીથી છોડી દઈને સેવા અને કથારસનું પાન કરો.

૪૨. ધર્મ જીવનમાં હંમેશના માટે વણાઈ જવો જોઈએ. ધર્મ અમુક સમયે, અમુક કારણે આચરવાની કોઈ આગંતુક વસ્તુ નથી, વાણી, વિચાર, વ્યવહાર વગેરેમાં તે વણાઈ જવો જોઈએ, સ્વાભાવિક થઈ જવો જોઈએ.

૪૩. માણસ લોકોમાં પોતાનું સારું દેખાય એવા પ્રયત્નમાં એટલો બધો ડૂબી જાય છે કે ભગવાન્ સાથે સારા થવાનો વખત રહેતો જ નથી.

૪૪. સારા દેખાવા મથવું એ દંભ છે, સારા થવા મથવું એ કર્તવ્ય છે.

૪૫. લોકધર્મ લોકોમાં સારા દેખાવાનો છે અને સદ્ધર્મ તો સારા થવાનો છે.

૪૬. સદ્ધર્મનું સેવન અને લોકધર્મનો ત્યાગ કઠિન છે, તે સરલ કરવા માટે સાધુપુરુષોનું સેવન કરો-સંગ કરો.

૪૭. સંતોનો સંગ કરીને હૃદયમાંથી કામનાઓ અને તૃષ્ણાઓ બન્નેનો ત્યાગ કરવો.

॥ શ્રીહરિઃ ॥

પ્રથમ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો ચરણકમલ-અધિકારલીલા-અંતઃકરણની સ્થિતિ-કુલ પ્રકરણ ૩-સામાન્ય, અસામાન્ય અને ગુણાતીત અધ્યાય ૯+૯+૧ (હીન, મધ્યમ, ઉત્તમ, મતાન્તર પ્રમાણે - અધ્યાય ૩+૩+૧૩) - કુલ અધ્યાય ૧૯

૪૮. શ્રીમદ્ ભાગવતના પરંપરાગત સાત અર્થ શ્રી વલ્લભાચાર્યજી બતાવે છે.

(૧) શાસ્ત્રાર્થ (૨) સ્કંધાર્થ (૩) પ્રકરણાર્થ (૪) અધ્યાયાર્થ (૫) શ્લોકાર્થ (૬) શબ્દાર્થ (૭) અક્ષરાર્થ

૪૯. શ્રીમદ્ ભાગવતનું પાન કરતાં પ્રભુમાં પ્રીતિ થાય, પ્રભુ પ્રકટ થાય, પ્રભુમાં પ્રવેશ મળે ત્યાં સુધી પાન કરવું, જીવનની છેલ્લી ક્ષણ સુધી અથવા મોક્ષની ઈચ્છાને પણ છોડીને આ રસનું પાન કરવું જોઈએ.

૫૦. ભગવાન્ કે ભગવાનનો શરણાગત જ વેદના સાચા અર્થો સમજી શકે છે, નહિ તો ભગવાનની માયા જ્ઞાનીઓને પણ મોહ કરે છે, માત્ર શરણાગત જ માયાને તરે છે.

૫૧. ભગવાનનું માહાત્મ્યજ્ઞાન જીવને અપરાધ કરતાં અટકાવે છે, પ્રભુમાં પ્રીતિ કરાવે છે અને આત્મારૂપે ભગવાનનું જ્ઞાન સ્નેહને સુદૃઢ અને સર્વથી અધિક બનાવે છે. તેવો સ્નેહ ભક્તિ કહેવાય છે. ભક્તિથી ભગવાન્ કૃતાર્થ કરે છે.

૫૨. ભગવાન્ પોતાને મન ગમે તેનું પોતાના દાસ તરીકે, આત્મીય તરીકે વરણ કરે છે. પછી અન્યત્ર તેનો વિનિયોગ થતો નથી. ભગવાનનો તે જીવ અનન્ય બની જાય છે.

૫૩. ભગવાનનો આશ્રય કરનાર પાપી, સ્ત્રી, શુદ્રને પણ પરમગતિ-સાક્ષાત પ્રભુ પ્રાપ્ત થાય છે.

૫૪. પ્રભુની કથા પ્રભુમાં પ્રીતિ થાય તે માટે સંભળાય; અથવા પ્રીતિપૂર્વક સંભળાવાય, વ્યવહાર, પરીક્ષા, કુતૂહલ ઉપેક્ષા વગેરે હેતુથી ન સંભળાય.

૫૫. ભાગવતજી માત્ર લૌકિક કે પારલૌકિક ફલ આપે એવો ધર્મ નહિ, પણ પ્રભુ પ્રસન્ન થાય, પ્રાપ્ત થાય તેવો ધર્મ કહ્યો છે, માટે પરમધર્મ છે.

૫૬. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ એ છ ધર્મના અંગ છે. કલિયુગમાં તે છ એ અશુદ્ધ છે. માટે ભગવાનના યશનું શ્રવણ કરવું જરૂરી છે.

૫૭. ભગવાનનું કીર્તન - યશોગાન કરનારની કીર્તિ પણ સૌને પાવન કરે છે.

૫૮. કથા વગર કલિ તરી ન શકાય, દોષો દૂર ન થાય.

૫૯. કલિયુગ વિવેક, ધૈર્ય અને જ્ઞાનને હરી લેનારો છે.

૬૦. મંગલ મનોરથથી જીવન મંગલ બને, પ્રભુ તે પૂર્ણ કરે, ઉધ્ધાર થાય.

૬૧. આપણે જેના વિચારો કર્યા કરતાં હોઈએ તેની અસર આપણામાં આવ્યા વિના રહે નહિ. દોષવાળાના વિચારો કરીએ તો આપણામાં દોષ આવે જ અને સદ્‌ગુણવાળાના વિચારો કરીએ તો સદ્‌ગુણોની અસર આપણા પર પડયા વિના રહે નહિ.

૬૨. શ્રીમદ્ ભાગવત દ્વારા શ્રીશુકદેવજી સામાન્ય મુનિમાંથી મુનિયોના ગુરૂ બન્યા.

૬૩. જેને અંધકાર દૂર કરવાની ઈચ્છા હોય તે દીવડો સળગાવે છે તેમ

અભય કે અંતઃકરણની ઉજ્જવલતા મેળવવાની જેને ઈચ્છા હોય તેને માટે ભાગવત જ સરલ ઉપાય છે.

૬૪. વ્યગ્રતા વગરના મનથી સર્વધર્મો છોડીને શરણાગતના પતિ ભગવાન્ શ્રીકૃષ્ણનું શ્રવણ, કીર્તન, ધ્યાન, પૂજન હંમેશા કરવું જોઈએ.

૬૫. ભગવાનની કથા નિત્ય સાંભળે, ભગવાનના ભક્તોની સેવા કરે ત્યારે ભગવાનની અચલ ભક્તિની પ્રાપ્તિ થાય.

૬૬. પ્રભુ અને ગુરૂમાં પરમપ્રીતિથી જ મહાત્મા થવાય.

૬૭. શ્રીમદ્ ભાગવત ભગવદ્રૂપ છે. ભગવાનનો પોતાનો સ્વતંત્ર પ્રભાવ છે! અને તે તેના ભક્તોમાં આવે છે, તેમ શ્રીમદ્ ભાગવતનો પણ સ્વતંત્ર પ્રભાવ છે. ભાગવતનું ચિંતન કરનારમાં એનો પ્રભાવ આવે છે.

૬૮. જેમ બ્રહ્મ એક અને અદ્વિતીય છે તેમ ભાગવત પણ એક જ છે અને અદ્વિતીય છે. બીજુ કોઈ ભાગવત આવુ નથી.

૬૯. બહાર દીવો કરીએ અને બધી વસ્તુ દેખાય, તેમ ભાગવતજી હૃદયમાં વિરાજે તો અંતઃકરણમાં સઘળી વાતો સ્પષ્ટ થઈ જાય.

૭૦. ભક્ત ભગવાનમાં રત બને તો ભગવાન્ ભક્તમાં અનુરત બને, ભગવાન્ ભક્ત સિવાય રહી ન શકે. ભક્તનાં દુઃખ સહી ના શકે ત્યારે ભગવાન્ ભક્ત પાસે પધારે.

૭૧. સત્તા, સંપત્તિની પરવા કર્યા વિના દુઃખથી ડર્યા કે ડગ્યા વગર કોઈની કુથલી કર્યા વિના પ્રભુને ભજનાર, શરણે રહેનારની રક્ષા પ્રભુ કરે છે.

૭૨. ભગવાનની ચરણસેવા કપટ વગર સતત કરે તે લીલાનું રહસ્ય સમજી શકે છે.

૭૩. પોતાની અધુરપને ઓળખે તે આગળ વધે, આવડતને ઓળખે તે અટકી પડે.

૭૪. પારકાના દોષ શોધવામાં પડે તેને પોતાના દોષ શોધવાની નવરાશ આવે જ નહિ.

૭૫. ધર્મોપદેશકમાં આ પાંચ લક્ષણ જરૂરી છે.
(૧) ઉપદેશનો અધિકાર (૨) વ્યર્થ વિચારનો અભાવ (૩) પવિત્ર યશ (૪) સત્યવ્રતપણુ (૫) સ્વાધ્યાયાદિ

૭૬. ભગવાનનું નામ મોટેથી બોલવું. સાથે તે તે નામથી સૂચવાતી પ્રભુની લીલાઓનું સ્મરણ મનથી કર્યા કરવું. ભગવાને કુંજ-નિકુંજમાં કરેલી ગુપ્ત-રસાત્મક-લીલાઓ અને લોકપ્રસિદ્ધ લીલાઓનું સ્મરણ કરવું તો ચિત્ત એમાં રહે.

૭૭. ભગવાનના ગુણોથી વશ થયેલી બુધ્ધિમાં કોઈ જ અશુધ્ધિ ના રહે. વિષય અને ઈન્દ્રિયનો સંયોગ થવા છતાં કોઈ વિકાર ન થાય.

૭૮. દીકરાના દુઃખે દુઃખી, દીકરા માટે રડતી મા ઘણી હશે, દીકરા માટે દયા યાચતી, શોકથી, પોકમૂકતી મા ઘણી હશે. પણ દીકરાની સન્મતિ કે સદ્ગતિ માટે પ્રભુની દયા યાચતી મા અને તેના દીકરા ધન્ય બને !

૭૯. કોઈએ અપકાર કર્યો હોય, કોઈએ આપણું બગાડ્યું હોય તો પણ એણે કરેલો થોડો પણ ઉપકાર યાદ કરવો, એટલે અભાવ આવ્યો હશે એ શાંત થઈ જશે.

૮૦. કાલ ભગવાનની આજ્ઞાનુસાર સઘળું કરે છે. ભગવદિચ્છા ન હોય તો કાલ કાંઈ કરી શકે નહિ. કોઈ પ્રસંગ બન્યા પહેલાં ભગવદિચ્છા સમજાતી નથી પણ પ્રસંગ બન્યા પછી તે ઉપરથી ભગવદિચ્છા આવો પ્રસંગ બને તેવી હશે તેમ અનુમાન થઈ શકે, તેમ ભગવાન્ જ કાલરૂપ છે.

૮૧. અંતકાળે તો સઘળું છોડી દઈને ભગવાનનું ચિંતન કરવું જોઈએ.

૮૨. આપણી બધાની પાસે પણ પ્રભુ છે. ઘરમાં ભગવાન્ છે. હૃદયમાં ભગવાન્ છે. સર્વત્ર ભગવાન્ વિરાજે છે, પણ આપણું ધ્યાન આપણા શરીરમાં, સ્વાર્થમાં, સ્વજનમાં, સુખમાં અને સંપત્તિમાં છે,- પરિણામે, આપણું ધ્યાન ભગવાનમાં જતું નથી, રહેતું પણ નથી, તેથી ભગવાનની કૃપાદૃષ્ટિ થતી નથી. આપણી વ્યથાઓ દૂર થતી નથી.

૮૩. અંતઃકરણમાં વિરાજેલા અંતર્યામી સર્વને સર્વત્ર ભટકાવનારા છે. ભગવાન્ બે સ્વરૂપે બિરાજે છે. (૧) ભટકાવનારા સ્વરૂપે (૨) અટકાવનારા સ્વરૂપે. અંતર્યામી તરીકે ભટકાવે છે અને ભાવાત્મા તરીકે ભટકતા અટકાવે છે. અટકાવનારા પ્રભુનું આ સ્તવન છે.

૮૪. અંતઃકરણમાં ઉદ્ભવતી ઈચ્છા, તૃષ્ણા કે કામના મતિને મલીન બનાવે છે, બુદ્ધિને બગાડે છે. મતિ શુદ્ધ હોય, તૃષ્ણા રહિત હોય તો જ ભગવાન્ એનો સ્વીકાર કરે છે.

૮૫. તૃષ્ણા તૃણ જેવા બનાવી સર્વત્ર ભટકાવે છે. લૌકિક કે પારલૌકિક તૃષ્ણા જેમાંથી નીકળી ગઈ છે- તેવી મતિ વિતૃષ્ણા છે, પણ તેમાં વિશિષ્ટ તૃષ્ણા છે,-પ્રભુના બની જવાની, પ્રભુને પ્રાપ્ત કરવાની !- તેથી તે મતિ વિતૃષ્ણા છે. ભગવાન્ સંબંધી તૃષ્ણાવાળી મતિમાં કોઈ લૌકિક તૃષ્ણા ન સંભવે. તેવી મતિ જ પ્રભુને દેવાય અને પ્રભુ તે સ્વીકારે.

૮૬. ગમે તેટલો લૌકિક અથવા વૈદિક વિરોધ હોય છતાં, પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એ સન્મતિ.

૮૭. ભગવદ્ ભક્તને પોતાની કાંઈ સ્વતંત્ર ઈચ્છા ન હોય.

ભગવાનની ઈચ્છાને જ અનુકૂલ હોય.

૮૮. ભગવાનની ઈચ્છામાં જ ભક્તની ઈચ્છા સમાઈ જાય.

૮૯. ભગવાનમાં ચિત્તવાળાઓની વાતો પણ સ્વાભાવિક પણે ભગવાનની જ હોય.

૯૦. મા-બાપ પોતાના સંતાનનાં ભાવી સંબંધમાં જાણવાની ઈચ્છા રાખતા હોય તો આટલી જ ઈચ્છા રાખવી દીકરો યશસ્વી થશે? સાધુપુરુષો એ દીકરાને માન આપશે?

૯૧. ભક્તોની અલ્પ પણ ચિંતા ભગવાન્ સહન ન કરી શકે.

૯૨. "બધું ભગવાનને વશ છે. પ્રભુ જે કરશે તે થશે. કેવલ તેના આશ્રયે રહેવું. તે જેમ પ્રેરે તેમ તે કરે છે- તેમ સમજીને કરવું."

૯૩. ભગવાનના ભક્તો તો સ્વયં તીર્થરૂપ છે. તીર્થમાં જઈને સામાન્ય લોકો પાવન થાય. તેમના પાપ તીર્થમાં એકઠાં થાય. ભક્તોના આવતાં તેમના હૃદયમાં વિરાજતા ભગવાન્ તે પાપો દૂર કરે, ત્યારે તીર્થ પુનઃ તીર્થરૂપ બને.

૯૪. સાચું પ્રિય બોલવું, પણ સત્ય હોય છતાંય અપ્રિય હોય તેવું બોલવું નહિં, પણ પ્રિય બોલવું છતાં અસત્ય ન બોલવું એ નીતિ છે.

૯૫. સંપત્તિ કે સ્વજન ગયાનું દુઃખ સંસારીને થાય. ભગવાન્ ગયાનું દુઃખ ભક્તોને થાય.

૯૬. સત્તા સંપત્તિનો મોહ અને ભોગ પ્રભુનું ભજન પણ ભૂલાવે છે.

૯૭. ભગવાનની ઈચ્છાનો આદર કરવો અને નિત્ય ભગવાનને અનુકૂલ રહેવું.

૯૮. માનવ જ્યારે સુજન સંગ અને સ્વધર્મ રહિત બને ત્યારે કાન્તિ શાન્તિ ગુમાવે છે.

૯૯. સંસારીઓ નિષ્ફળતાનો વિચાર કરીને ઉગ્ર, વ્યગ્ર કે નિરાશ બને છે. ભક્તો નિષ્ફળતાના કારણોનો વિચાર કરે છે, પ્રભુને સ્મરે છે.

૧૦૦. આપણે આપણી સફળતા વગેરે આપણા સાધન સામર્થ્યથી મેળવી છે તેવી સમજ મોહ છે. તે પ્રભુથી વિમુખ બનાવે છે, ભગવાનનો ઉપકાર માનવાને બદલે પોતાનું જ અભિમાન પોષે છે.

૧૦૧. ભગવાનની કૃપાથી જ પોતાની ભૂલ સમજાય, દુઃખ થાય, દીનતા આવે, પ્રભુમાં પ્રીતિ વધે.

૧૦૨. વગર જોઈતી વાતો વગર જોઈતા વિચારો અને વગર જરૂરના વ્યવહારો તદ્દ્ન છોડી દેવા.

૧૦૩. વૃથા-વાતો-વિચારો-વ્યવહારો નો જીવનને માત્ર ખરાબ દેખાડતાં નથી, પણ ખરાબ કરે છે, વ્યર્થ બનાવે છે, છતાં આપણે અંતર્મુખ ન હોવાથી, તેનાથી ચેતતા નથી, પરાણે પંપાળીને પોષીએ છીએ.

૧૦૪. માણસોમાં અલ્પ પણ કલહ કે અધર્મ સંભળાય તો પણ તેને કાઢવાની તત્પરતા મુખ્ય જવાબદાર વ્યક્તિમાં જોઈએ. રોગ અને દોષ બંને ઊગતાં જ દાબી દેવાય.

૧૦૫. ધર્મમાં અધર્મ આવે છે એવી ખબર ઘણા ઓછા ને પડે છે.

૧૦૬. સ્વચ્છતાએ બહારની વસ્તુ છે, આંખથી દેખાય. પવિત્રતા એ સૂક્ષ્મવસ્તુ છે અંદર થી અનુભવાય.

૧૦૭. અધર્મ સ્પષ્ટ હોય તો ઓળખાય પણ ધર્મને ઓથે આવેલો અધર્મ ઓળખવો અતિકઠિન છે.

૧૦૮. પવિત્રતા સચવાતી નથી, સંગનો રંગ અંતઃકરણને લાગતો જાય છે પરિણામે સ્વચ્છતા કે શુધ્ધિ સચવાય પણ પવિત્રતા તો જાય.

૧૦૯. ભગવાનના અનંત ગુણો છે. કુલ ગુણો અનંત છે, અને પ્રત્યે ગુણ અંત રહિત અનંત છે. ભગવાનની સમાન કોઈ નથી; અધિ પણ નથી.

૧૧૦. કોઈના ગુણ જોઈને માન દેવું, તે સજ્જનનો સ્વભાવ છે.

૧૧૧. ક્ષમા આપવી અને માગવી તે સાધુ પુરુષોનો સ્વભાવ છે.

૧૧૨. સજા કરનાર કરતાં ક્ષમા કરનારના અંતઃકરણનું સામર્થ્ય ઘ વધારે હોય છે.

૧૧૩. જે માનવને કરેલા પાપનો પસ્તાવો થાય, તેને માટે હરિનું પ્રેમ સ્મરણ એ શ્રેષ્ઠ પ્રાયશ્ચિત છે.

૧૧૪. હરિ સ્મરણ શીતલ-ભાવે થાય અને સંસ્મરણ સંતપ્ત ભાવે થાય અંતઃકરણમાં દુઃખ સાથે ભગવાનનું સ્મરણ એ સંસ્મરણ છે.

૧૧૫. ભગવાનનાં ભક્તો દોષમાંથી પણ ગુણ શોધી કાઢે છે, શાપમાં પણ આશીર્વાદ શોધે છે.

૧૧૬. સંયમના અભાવે શિથિલતા આવે છે જે સંયમરાખતો નથી, પોતાના દેહને બગાડે છે, જેનો દેહ બગડે એનું દિલ પ અજાણતાં બગડતું જાય છે. તનને બગાડનારો આહાર મનને પ બગાડે, આહારના સૂક્ષ્મભાગમાંથી મન બને છે.

૧૧૭. મન બગડે તેનું જીવન બગડે.

૧૧૮. સંગ બે પ્રકારનો તનનો અને મનનો. ત્યાગથી તનનો સંગ છૂ વૈરાગ્યથી મનનો સંગ છૂટે.

॥ શ્રીહરિઃ ॥

દ્વિતીય સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો ચરણકમલ-સાધનલીલા-અધિકારીના કર્તવ્યનો નિર્ધાર-કુલ પ્રકરણ ૩-તત્ત્વધ્યાન, હતપ્રસાદ અને મનન-અધ્યાય ૨+૨+૬ - કુલ અધ્યાય ૧૦

૧૧૯. શ્રી ભાગવતકથામૃત પણ મનના મરેલાને જીવાડે, જીવતાને સ્વાન્તઃની સ્વસ્થતા દે, સ્વસ્થને સર્વત્ર સુરક્ષણ દે-સુલક્ષણ દે, સુરક્ષિતને ઉલ્લાસ દે-ઉત્સાહ દે, સૌને ભગવદભિમુખ કરી કૃતાર્થ કરે.

૧૨૦. ગમે ત્યાંથી, ગમે તે રીતે, પૈસો મેળવો, પ્રતિષ્ઠા મેળવો આ વ્યાપક ઝંઝાવાત કે ચેપીરોગ જેવા પ્રલોભનમાંથી બચવું કઠિન છે. હિત, રીત કે પ્રીતનો તેમાં વિચાર રહેતો નથી.

૧૨૧. ઘર ચલાવવાની ભ્રમણામાં આથડનારને સાચું સમજવાનો સમય જ નથી. રાત્રિ નિદ્રામાં, અઝંપામાં કે વિષયસુખમાં વીતે છે. દિવસ કુટુંબનો ભાર વહેવામાં વેડફાય છે.

૧૨૨. યુવાનીમાં માયા અને ઘડપણમાં કાયા કાંઈ કલ્યાણ માટે સૂઝવા ન દે.

૧૨૩. જેના પ્રત્યે સ્નેહ હોય એ જ સ્વાભાવિકપણે યાદ આવે સાચો સ્નેહ જ સ્મરણ કરાવે, શ્રવણથી પ્રભુ કાન દ્વારા હૃદયમાં પધારે અને કીર્તન થી હૃદયમાંથી મુખ દ્વારા બહાર પધારીને પુનઃ કાન દ્વારા હૃદયમાં પધારે, સુસ્થિર બને.

૧૨૪. ગાફેલ દશામાં અનેક વર્ષ જીવી જીવન વ્યર્થ વેડફવા કરતાં, બે ક્ષણનું સાવધજીવન શ્રેષ્ઠ છે.

૧૨૫. જીવની આતુરતા અને પ્રભુની કૃપા બંને જોઈએ. "મારે ભગવાન્ જ જોઈએ" તેવો દઢ નિર્ણય કરી ભગવાન્ સિવાય સઘળું મનમાંથી

કાઢી નાખી, પ્રયત્ન પરાયણ બને, સ્નેહ સંતપ્ત બને તેને પ્રભુ જરૂર મળે.

૧૨૬. આપણાં કર્મ કઠોર હોય, અપરાધ અનેક હોય અને પ્રમાણમાં ભજન ઓછું હોયતો ભજનથી શાંતિ કે ભગવાન્ મળવામાં વિલંબ થાય.

૧૨૭. નામરસાયણનું સેવન કરે પણ પથ્ય પાળે નહિ, ઔષધ ઉત્તમ લાવે, નિયમિત રોજ સેવન કરે, પણ ચરી (પરેજી) પાળે નહિ તો, ઔષધની અસર થાય નહિ, કવચિત્ વિપરીત અસર પણ દેખાય, તેમ ભગવાન્ ની ભક્તિ કરવાની રીતને અનુસરે નહિ તો હિત ન દેખાય.

૧૨૮. પ્રારબ્ધથી કદાચ ગરીબ ભલે હોઈએ, વિચારોથી ગરીબ ન થવું, કલ્પનાના કંગાલ ન રહેવું, ઉચ્ચ આદર્શો રાખવા, મંગલ વિચારો કરવા.

૧૨૯. નિરાશામય વિચારો જીવનમાં થકવી નાખે. ઉત્સાહમય વિચારો જીવનને ઉલ્લાસમય બનાવે.

૧૩૦. વિચારો એ માનવનું સૂક્ષ્મસ્વરૂપ છે. સ્થૂલશરીર સ્વસ્થ ન હોય, સારું ન હોય, તો બેચેની લાગે છે, તેમ સૂક્ષ્મ સ્વરૂપમય વિચારો સારા-સ્વસ્થ ન હોય તો પણ ક્યાંય ચેન ન મળે. સાદું જીવન અને સારા વિચાર માનવને ઉન્નત બનાવે છે.

૧૩૧. ઓછામાં ઓછી જરૂરિયાત રાખીને જે માણસ જીવે છે; એને ભગવાનનું ભજન કરવાનો સમય મળે છે. કોઈની ખુશામત કરવી પડતી નથી. સ્વસ્થ ચિત્તે ભગવાનને ભજાય છે.

૧૩૨. પ્રભુ તો પોતે સુખરૂપ છે. તેમાં પ્રીતિ થાયતો અનંત - અકલ્પ સુખ મળે. તેનો અનુભવ કરવા માટે બધેથી પ્રીતિ છોડવી અને પ્રભુમાં જોડવી.

૧૩૩. માણસ જીવનભર બનેલા પ્રસંગોને મનમાં ભરી રાખે છે. નવરાશના વખતે પશુ બધું બહાર કાઢીને વાગોળે, તેમ માનવ ભૂતકાળમાં બની ગયેલા પ્રસંગોને વાતો અને વિચારોથી વાગોળ્યા કરે છે.

૧૩૪. ભગવાનની કથામાં પ્રીતિ કરવાથી ભગવાનમાં અચલભાવ થાય; અને ભગવાનના ભક્તનો સંગ પણ મળે, બીજાં પણ અનેક ગૌણ ફલ પ્રાપ્ત થાય. રાગદ્વેષ તથા સઘળી અવિદ્યાને દૂર કરનારું જ્ઞાન થાય. અંતઃકરણ પ્રસન્ન થાય, પ્રાકૃત ગુણોમાં વૈરાગ્ય થાય, મોક્ષ દેનારી ભક્તિ મળે, ભક્તિયોગ સિદ્ધ થાય. આવો લાભ દેનારી હરિકથામાં કયા સદાચાર પરાયણને પ્રીતિ ન થાય?

૧૩૫. ભગવાનનું ભજન કરનારનો ભક્તિમાર્ગમાં પરમકલ્યાણનો ઉદય આટલો જ છે,-

(૧) ભગવદ્ ભક્તનો સંગ (૨) ભગવાનમાં અચલ ભાવ. જીવનમાં આ બે મળે તો ત્રીજુ કાંઈ શોધવા ન જવું, બીજી અપેક્ષા ન રાખવી.

૧૩૬. વર્ષમાં એક ક્ષણ પણ ભગવાનની કથામાં વ્યતિત કરી હોય તો એ હરાતી નથી.

૧૩૭. જગતમાં ઝાઝું જીવવાથી ઝંખનાઓ વધે, ઝેર વધે, ઝઘડા વધે. ટકી રહેવાનું કામ તો ઝાડ પણ કરે છે. ધમણ પણ શ્વાસ લે છે, મૂકે છે. આહાર પશુઓને પણ છે. માનવના દેહમાંથી નીકળતો મલ કૂતરાં-ભૂંડ નું ભોજન છે. વૃક્ષોના દેહમાંથી નીકળતાં ફલ માનવનું ભોજન છે, તેથી માત્ર ભોજનમાં મગ્ન, ભગવાનના ભજન વગરના અજ્ઞ માનવ અને પશુમાં ફેર શો?!

૧૩૮. ભગવાનનું નામ લેતાં જ હૈયું પીગળતું નથી, આંખમાં આંસુ

આવતાં નથી, શરીરે રોમાંચ થતાં નથી અને કંઠ ગદગદ્ થતો નથી, એ હૃદય નથી-પણ લોઢું છે.

૧૩૯. હૃદય ભગવદીય બન્યું હોય ત્યારે, ભગવન્નામ લેતાં આંખમાં આંસુ આવે, શરીરે રોમાંચ થાય, વાણી ગદ્ગદ્ બને! તેવા હૃદયમાં પ્રભુ પધારવાનો સંભવ છે.

૧૪૦. પોતાનું લાગે તેમાં જ પ્રીતિ દઢ થાય. પ્રભુ માત્ર પ્રભુ લાગે તો કદાચ પ્રીતિ થાય પણ પોતાના લાગે તો દઢ પ્રીતિ થાય.

૧૪૧. ભક્તિ વગરની સિદ્ધિ મા વગરની દીકરી જેવી દયાપાત્ર છે.

૧૪૨. ભગવાન્ પોતાના ધામ અક્ષરબ્રહ્મમાં વિરાજે છે. પોતાની 'રાધસ્' નામની સિદ્ધિ સાથે નિત્ય વિહારો કર્યા કરે છે. આ શક્તિની સમાન કે તેનાથી અધિક બીજી કોઈ શક્તિ નથી. તે સર્વશ્રેષ્ઠ છે.

૧૪૩. માત્ર વાતોથી શરણાગતિ ન થાય. પ્રયત્નથી પરખાય.

૧૪૪. જેના ચરણકમળનાં તત્પરતાથી ચિંતન અને સમાધિથી નિર્મલ થયેલી બુદ્ધિથી આત્મતત્ત્વનું દર્શન નિપુણલોકો કરે છે.

૧૪૫. આ કાંઈ જ ભગવાનથી જુદું નથી. જુદાં દેખાય છે, છતાં તત્ત્વતઃ જુદાં નથી. "વાસુદેવઃ સર્વમિતિ" બધું વાસુદેવમય છે. આ અખંડ બ્રહ્મવાદ છે. તેનું જ્ઞાન કે અનુભવ દુર્લભ છે, તેથી "स महात्मा सुदुर्लभः".

૧૪૬. ભગવાનમાં સર્વની સ્થિતિ છે. ભગવાન્ કરતાં કશુંય ભિન્ન નથી. જગત ભગવદ્રૂપ છે. આ બ્રહ્મવાદ છે.

૧૪૭. ભગવત્સેવા આધિદૈવિક યજ્ઞ રૂપ ગણાય છે.

૧૪૮. યજ્ઞના પદાર્થો ભગવદવયવોમાંથી ઉત્પન્ન થયા છે તે ભક્તિવાળાને પ્રત્યક્ષ સમજાય છે.

૧૪૯. વૈષ્ણવના હૃદયમાં માત્ર પ્રભુપ્રાપ્તિની ઉત્કંઠા હોય, તાપભાવ-આતુરતા હોય તો પ્રભુ હૃદયમાં પધારે.

૧૫૦. પ્રેમપૂર્ણ ચિત્ત સર્વત્ર વિરાજતા ભગવાનને જાણે છે, માણે છે.

૧૫૧. ભગવાનનાં ચરણ પ્રાપ્ત કરવા માટે કોઈ પણ યોગ્ય પ્રયત્ન કરનારનો સંસાર તે કાપી નાખે છે, ફરી સંસારમાં આથડવા આવવું પડતું નથી, આ લોક અને પરલોકમાં સર્વત્ર કલ્યાણ થાય છે.

૧૫૨. ભગવાનની સાક્ષાત્ ભક્તિ તો દુર્લભ છે; પણ પરંપરા ભક્તિમાં ગુણગાન ઉત્તમ છે.

૧૫૩. ભગવાનના ભક્તો જેના ઉપર દયા કરે, પોતાનો સંગ દઈ જેને પ્રભુને સાનુકૂલ બનાવે, તે સ્ત્રી-શુદ્ર કે અન્ય પાપ પરાયણ હોય તો પણ ભગવાનની માયાના સ્વરૂપને જાણે છે અને સરળતાથી માયાને તરી જાય છે; તો પછી જે સાંભળીને સમજી શકતાં હોય, એવા લોકો માયા તરી જાય એમાં તો કહેવાનું જ શું?

૧૫૪. ભગવાનની આ સર્વભવન સામર્થ્ય રૂપ માયાનું શ્રદ્ધાથી શ્રવણ કરનારને મોહ ન થાય.

૧૫૫. કથાથી મન નિઃસંગ થતું જાય, પછી પ્રભુમાં સ્થિર થાય. લોકસંગવાળું મન અનેક પ્રકારની લૌકિક-ઈચ્છાઓથી અશુદ્ધ રહ્યા કરે, શાન્તિ તેને કયાંય ન મળે. ઈચ્છાઓ અધૂરી રહે તેનો અસંતોષ અસહ્ય બને, અકળાવ્યા કરે.

૧૫૬. કથાનું સેવન કરનારે સાવધપણે બે પરિણામ તપાસવાં :-
(૧) મન નિઃસંગ બને (૨) મન પ્રભુમાં પરોવાય.

૧૫૭. શ્રદ્ધાપૂર્વક નિરન્તર લાંબા સમય સુધી આદરથી થતું શ્રવણ ફલદાયક બને છે.

૧૫૮. સાવધપણે, સમજીને સાંભળનારનું હૃદય કમલ જેવું કોમલ બને, તેમાં પ્રભુ પધારે છે. સ્વાભાવિકપણે તે (શ્રવણ) હૃદયના બધા દોષો દૂર કરે છે. નિર્દોષ હૃદયવાળો, પ્રેમભર્યો ભક્ત ભગવાનના ચરણનો આશ્રય ક્યારેય છોડતો નથી.

૧૫૯. ક્ષર અને અક્ષર કરતાં ભગવાન્ શ્રેષ્ઠ છે.

૧૬૦. ભગવાન્ કૃપાથી ભગવાનની શરણાગતિ થતાં, જ્યારે સંદેહ વગર "ભગવાન્ મારા સ્વામી છે" તેમ જીવને સમજાય, ત્યારે આ માયા મોહ કરાવતી નથી. ઊંઘમાંથી ઉઠતાં જેમસ્વપ્ન ચાલ્યું જાય, તેમ માયાથી થયેલો મોહ દૂર થાય, અહંતા-મમતા નીકળી જાય, આસક્તિ ન રહે, પ્રભુનો સાનુભવ મળે, જીવ કૃતાર્થ બને.

૧૬૧. પ્રભુની કૃપા વિના કોઈ પુરુષાર્થ સિદ્ધ ન થાય.

૧૬૨. પ્રયત્નપૂર્વક જે ભગવત્કાર્ય કરે છે તે મુખ્ય છે, ભગવાન્ તેથી અતિ સંતુષ્ટ થાય છે. ભગવત્સેવા કરે છે તે મધ્યમછે. સ્વાર્થ માટે સેવા કરે તે સામાન્ય છે. પ્રેમથી તન્મય થઈ પ્રભુનું સુખ સંપાદન કરવું તે સેવા છે. સેવાથી સ્વામી સરલતાથી સંતુષ્ટ થાય.

૧૬૩. વિશ્વાત્મક ભગવાન્ ત્રણ સ્વરૂપે સર્વત્ર વ્યાપક છે, તેથી તેની ઓળખ ત્રણ પ્રકારે છે. ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ ત્રણે દેહ (આત્મા)ને આધારે રહે છે. તે અધ્યાત્મછે. તેનો અભિમાની આધ્યાત્મિક છે. તેમને પ્રેરણા દેનાર દેવતા આધિદૈવ છે. તેનો અભિમાની આધિદૈવિક છે. એ બંન્ને એક જ હોવા છતાં, તેમાં ભેદ પાડનાર આધિભૌતિક દેહ છે. આ ત્રણે પ્રભુનાં સ્વરૂપ છે. ત્રણેને એક બીજાની જરૂર કામકરવા માટે રહે છે. એકલાં કાંઈ કરી શકતાં નથી.

॥ શ્રીહરિઃ ॥

તૃતીય સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો બાહુ-સર્ગલીલા-(મહા)ભુત, તન્માત્રા, (સુક્ષ્મભુતો), ૧૧ ઈન્દ્રિયો, બુધ્ધિ નો જન્મ, કુલ પ્રકરણ ૧૦ - બંધસૃષ્ટિ (ગુણાતીત, સગુણસૃષ્ટિ, કાલસૃષ્ટિ, મુક્તજીવ સૃષ્ટિ, ઉપોદ્ઘાત), મુક્ત સૃષ્ટિ (તત્ત્વમુક્તિ, કાળમુક્તિ, ગુણાતીત મુક્તિ, સગુણ મુક્તિ, જીવ મુક્તિ)-અધ્યાય ૧૯ (૬+૩+૨+૧+૭), ૧૪ (૫+૧+૨+૧+૫) કુલ અધ્યાય ૩૩

૧૬૪. ગીતામાં કહ્યું છે : કામ, ક્રોધ અને લોભ નરકના દરવાજા છે, પતન કરાવનારા છે, તે હૃદયમાં ભરાઈને બેઠા હોય, ત્યાં સુધી શાંતિ ન મળે, મુક્તિ ન મળે.

૧૬૫. પેઢીઓનાં પુણ્યનો ઉદય થાય ત્યારે સાધુપુરુષનો સહવાસ મળે. પેઢીઓનાં પુણ્ય પરવારી જાય ત્યારે સાધુપુરુષ નારાજ થઈને સંગ છોડીદે ઘરમાંથી ચાલ્યા જાય, તેની સાથે બધાં પુણ્ય પણ જાય છે.

૧૬૬. સંસારના સઘળા શોક છોડી સેવાકથામાં રત રહે તે કૃતાર્થ બને.

૧૬૭. સેવા, શ્રવણ, કીર્તન, સ્મરણથી પ્રભુની પાસમાં રહેવા છતાં, હૃદયમાં પ્રભુપ્રાપ્તિનો સંતાપ ન હોય, તેવા અપક્વ લોકોને પ્રભુ દર્શન દેતા નથી.

૧૬૮. સંસારીઓના મનમાં કડવા અનુભવથી વેર, દ્વેષ વધે છે. દ્વેષથી દુઃખ વધે છે, અશાંતિ વધે છે. સજ્જનોના મનમાં કડવા અનુભવોથી વૈરાગ્ય વધે છે. લોકો વૃથાવાદ-ગતિ-સ્મૃતિમાં વખત વેડફે છે. પરિણામે પ્રભુ-ભજન માટે સમય શોધવા છતાં દેખાતો નથી.

૧૬૯. "હે નાથ ! અમને સમજ દેજો. અમે તમારી સેવા કેમ કરી શકીએ ?

નહિ તો અમારી પાસેનું સઘળું અમારા સુખમાં વ્યર્થ વેડફાઈ જશે સેવાની સાચી સમજ પ્રમાણે વર્તવાનું સામર્થ્ય દેજો, નાથ!”

૧૭૦. જ્યાં હૃદયમાં પ્રેમપૂર્વક ભગવાનનું નિત્ય ગુણગાન થાય છે તેવા ભગવન્માર્ગરૂપ (વૈકુંઠ ભગવાન્ કે ભક્તો) ની સેવા ઓછા તપવાળાને મળવી મુશ્કેલ છે. યજ્ઞ કે જ્ઞાન કરતાં પણ ભગવદ્ભક્તોની સેવા ઉત્તમ છે.

૧૭૧. દુર્ભાગ્યથી બુદ્ધિ બગડી હોય તેવા લોકો જ આપનાથી (ભગવાનથી) વિમુખ રહે. મોજશોખમાં મસ્ત બને. લૌકિક લાલચથી ઈચ્છેલા તુચ્છ સુખ માટે અનેક અશુભ કર્મ હંમેશા કર્યા કરે. લૌકિક ઈચ્છાઓ તો અગ્નિ જેવી છે, સદા મનમાં સળગ્યા કરે, બુઝાય નહિ, સૌ તેનાથી મૂંઝાય.

૧૭૨. પશુ હોય તેને જ ભગવાનની કથામાં રસ ન થાય, કથા નીરસ લાગે. માત્ર ચાર પગે ચાલે તે જ પશુ નહિ પણ પેટ ભરવામાં પરાયણ તે પશુ. પ્રભુની કથા પ્રેમપૂર્વક સાંભળે કે સંભળાવે, પ્રભુની સેવા કરે તેના પર પ્રભુ પ્રસન્ન થાય.

૧૭૩. પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત કરવી કઠિન છે, પ્રભુ પ્રસન્ન થયા પછી કાંઈ જ પ્રાપ્ત કરવું કઠિન નથી.

૧૭૪. અભિમાન ઉન્નતિમાં અવરોધ કરે, આગળ વધતાં અટકાવે. ભક્તિ (નમ્રતા, દાસભાવ) હોય તે જ આગળ વધે, પ્રભુ પર્યંત પહોંચે.

૧૭૫. બ્રાહ્મણો ભગવાનના મુખ રૂપ છે. ભગવાન્ યજ્ઞ રૂપે અગ્નિમાં થતાં હોમથી જેટલાં પ્રસન્ન થતા નથી, તેટલા પ્રભુને સર્વકર્મ સમર્પણ કરનાર બ્રાહ્મણને કરાવવાથી પ્રસન્ન થાય છે.

૧૭૬. મનને નિર્મલ રાખવું હોયતો, સતત જાગૃત રહેવું પડે. મનને બગીચા જેવું બનાવવું હોય તો માળીની જેમસતત સાવધ અને પ્રયત્નશીલ રહેવું પડે.

૧૭૭. કોઈ માણસ પોતાના મોંએ પોતાના દોષોનો એકરાર કરે, તો તેના દોષો ઘટે,-દોષોના એકરારથી દીનતા આવે.

૧૭૮. નિષ્કપટ ભજનથી ભગવાન્ પણ પ્રસન્ન થાય, પ્રભુની પ્રસન્નતાથી સઘળાં સુખ મળે.

૧૭૯. બ્રાહ્મણ અને ભક્ત વ્યર્થ વખાણ કોઈનાં ન કરે, સૌમાં વિરાજેલી ભગવાનની વિભૂતીને ઓળખી, ભગવાનને માન આપે.

૧૮૦. સૌમાં ભગવાન્ વિરાજે છે. કોઈનો પણ દ્વેષ કરવાથી ભગવાનનો દ્વેષ થાય. કોઈની સાથે વેર, કડવાશ, કપટ, કઠોરતા વગેરે કરવાથી તે ભગવાન્ સાથે કર્યા ગણાય. આમ કરનારને શાન્તિ કયાંય મળે નહિ, કયારેય મળે નહિ. કોઈની સાથે કડવાશ કરીને આપણે આપણી શાન્તિ આપણા હાથે જ ગુમાવીએ છીએ.

॥ શ્રીહરિઃ ॥

ચતુર્થ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો બાહુ-વિસર્ગલીલા-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ સિધ્ધ કરનાર પુરૂષોની કથા-કુલ પ્રકરણ ૪ -ધર્મ, અર્થ, કામ, મોક્ષ - અધ્યાય ૭+૫+૧૧+૮ - કુલ અધ્યાય ૩૧

૧૮૧. કોઈને પણ સન્માર્ગે સંતોષ દેવો તે ઈશ્વર પૂજન છે. દ્રવ્યની દૃષ્ટિ, લાલચ તો કલેશ વધારે છે.

૧૮૨. વિવાહમાં અને વ્યવહારમાં વચમાં રહેનારને યશઃ ન મળે. સારુ થયુ તો પોતાના ભાગ્યે થયુ સૌ ગણે અને કાંઈ બગડે-ઝગડે તો જેણે કરાવ્યું હોય તેને તરત અપવાદ આપે.

૧૮૩. મોટાની મોટાઈ નાનાની ભૂલો ભૂલી જવામાં છે.

૧૮૪. પતિ, પ્રભુ કે ગુરૂની આજ્ઞા ન માનનારનું મંગલ ક્યાંથી થાય?

૧૮૫. ભક્તો કોઈ સાથે વૈર ન કરે. વૈર સ્નેહના સ્વૈરને અટકાવે, વૈર તો પશુબુદ્ધિ છે, પ્રભુ તેનાથી પ્રસન્ન ન થાય.

૧૮૬. સ્વમાનશીલને અપમાનનો આઘાત સહેવો અઘરો છે.

૧૮૭. કોઈની ભૂલો યાદ રાખીએ અને એની વાતો કર્યા કરીએ તો, આપણા મનમાં એ વ્યક્તિ પ્રત્યે કટુતા જ થાય, ક્યારેય મીઠાશ ન થાય. સ્નેહ સાચવવો અને વધારવો હોય તો કોઈની ભૂલ દેખાય તો, તેને વિચાર અને વાતોથી વાગોળ્યા કરવી નહિ. સ્હેજ કાંઈક વાંકુ પડતાં બહાર લોકો પાસે તેનું વર્ણન કરનાર સંબંધી હશે, પણ સ્વજન કે સુજન નથી. મોટાની મોટાઈ નાનાની ભૂલો ભૂલી જવામાં છે, સ્નેહથી સમજાવીને સુધારી લેવામાં છે. જ્ઞાન, અધિકાર, સ્થાન વગેરેમાં અધૂરા તે બધા નાના, ક્ષમા યોગ્ય ગણાય.

૧૮૮. રુચિ બીજાનો દોષ જુએ, નીતિ પોતાનો દોષ જુએ, સુનીતિ સન્માર્ગ સુઝાડે છે.

૧૮૯. પ્રભુને પ્રસન્ન કરવા માટે દઢ નિર્ધારપૂર્વક સર્વસ્વ છોડીને પ્રયત્ન પરાયણ થનારને પ્રભુ ઉદારતાથી સન્માર્ગ અને સત્સંગ જરૂર આપે છે. પ્રસન્ન થઈને પોતે પણ પ્રકટ થાય છે. સંસારમાં સંતાપ સતાવે નહિ તેવો સુગમ માર્ગ બતાવ્યો.

૧૯૦. પોતાના કરતાં અધિક ગુણિયલને જોતાં આનંદ માણવો, ઈર્ષ્યા ન કરવી. પોતાના કરતાં ઉતરતાંને જોઈને દયા કરવી, તિરસ્કાર ન કરવો, સમાનને જોઈને સ્નેહ કરવો, સખ્ય કરવું, વૈર ન કરવું.

૧૯૧. માનવને સન્માર્ગે વાળે વત્સલ માતા અને વત્સલ પુરુષો-ભગવદ્ભક્તો બંનેના સંગે બાલક ભક્ત બને-દિવ્ય બને. માની મમતા અને ભક્તનો ભાવ જીવનના માર્ગને ઉજ્જવલ બનાવે. સંતાનને સન્માર્ગે વાળવા માં આંસુ સારતી હોય, સંતો સ્નેહ કરતા હોય તો, પથ્થર શાં પુત્ર કે પુત્રી પીગળે, પ્રભુનાં માર્ગે વળે.

૧૯૨. અનુગ્રહ કરવાની ઉતાવળ ભગવાનને છે. માનવને કૃપા મેળવવાની ઝંખના નથી તેટલી આતુરતા પ્રભુને કૃપા કરવાની છે.

॥ શ્રીહરિઃ ॥

પંચમ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો ઊરુ-સ્થાન લીલા-વૈકુંઠ ભગવાનનો વિજય એ સ્થિતિ (સ્થાન) સૌને સૌની મર્યાદામાં સ્થાપવા પ્રાકૃત-અપ્રાકૃત-પદાર્થમાત્રને વશ કરવાની પ્રભુની લીલા-કુલ પ્રકરણ-૨-પ્રાકૃત પદાર્થનો જય અને આત્માનો જય-અધ્યાય ૨૪+૨ - કુલ અધ્યાય ૨૬.

૧૯૩. સામાન્ય સંસારીમાં પણ ભગવાન્ પોતાના ગુણો મૂકે, તો તે સર્વોત્તમ-સામર્થ્યવાળો બને.

૧૯૪. અણગમતી છતાં હિતની વાત ગળે ઉતારવી હોય તો સ્નેહથી સમજાવાય. છોકરાંને છાંછીઆ ન થાય, તિરસ્કાર કરનારને સામે તિરસ્કાર જ મળે. સંતાન પ્રત્યે સ્નેહ સ્વાભાવિક હોય, પણ તેને વાણી, વર્તનમાં વણી લઈને વ્યકત કરવો હિતવર્ધક છે.

૧૯૫. ભગવાન્ પોતાની ઈચ્છાથી સૌને વિવિધભાવ આપે છે, પોતાની ઈચ્છાનુસાર અનુભવ આપે છે.

૧૯૬. આપણું સર્વસ્વ આલોક-પરલોક સંબંધી સઘળું ભગવાન્ જ છે. સર્વ ભાવથી ગોપીશ ભગવાન્ શ્રીકૃષ્ણની જ સેવા સર્વથા કરવી જોઈએ. તે આપણું સઘળું (કાર્ય) કરશે.

૧૯૭. પ્રભુને ધરવાથી પ્રસાદી હોવું તે મુખ્ય છે, પ્રસાદી પધરાવીને પ્રસાદી બનાવી લેવું તે ગૌણ છે. ખાવા-પીવામાં તો ખૂબ જ સાવધ રહેવું. સાત્ત્વિક, શુદ્ધ, સાદું, પવિત્ર અલ્પ ભોજન લેવું.

૧૯૮. મનમાં અનેક વૃત્તિઓ-વિકારો ઉદ્ભવે છે. મન વશ કરે નહિ તો, માનવ ભવમાં ભટકયા કરે છે. મન વશ કરવા રાંગ છોડવો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર-એ છ અંદરના દુશ્મનને જીતવા. આત્મતત્ત્વને ઓળખવું, અહંતા-મમતા છોડવી.

૧૯૯. પ્રમાદ કરે તો મન માલિક બની બેસે સાવધ બની સંયમ સાધે તો, મન સહાયક બને.

૨૦૦. ગુરૂ અને હરિના ચરણની સેવા કરવી. ગુરુ અજ્ઞાન દૂર કરે, જ્ઞાન આપે, પ્રભુને ઓળખાવે. હરિ દુઃખ હરે, સુખ આપે.

૨૦૧. પ્રભુએ દીધેલી સાનુકૂળતાનો સદુપયોગ ન કરતાં, પ્રમાદ અને પ્રકૃતિ પરાયણ પ્રાણી પ્રમોદમાં ભાન ભૂલે છે, કર્તવ્ય અને અકર્તવ્યના વિવેકની મર્યાદા તોડે છે. પરિણામે પાપ રૂપ કર્મથી પીડાય છે.

॥ શ્રીહરિઃ ॥

ષષ્ઠ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો ઊરુ-પોષણ લીલા-ભગવાનનો અનુગ્રહ કાલ, કર્મ, સ્વભાવ થી પર પ્રભુના સામર્થ્યરૂપ કૃપાની કથા કુલ પ્રકરણ ૩-નામ, (રૂપ) ધ્યાન અને અર્ચન-અધ્યાય ૩+૧૪+૨ - કુલ અધ્યાય ૧૯

૨૦૨. ભૂલ કરવી જેટલી ભયાનક નથી, તેટલું ભૂલનું ભાન ન થાય-તે ભયાનક છે.

૨૦૩. ભગવાનની અલ્પભક્તિ પણ પાવન કરે છે. ભગવાન્ પોતાના ભક્તોનાં સઘળાં પાપ-દોષ દૂર કરે છે, છતાં ભક્તમાં જો કાંઈ પોતાની ઉત્તમતાના ભાનથી અભિમાન હોય તો કાંઈ પાપ થવા સંભવ રહે; છતાં ભગવાન્ પોતાની કૃપાથી તેનો ઉધ્ધાર કરે છે.

૨૦૪. સાચા માર્ગદર્શક-ગુરુ વિના, જીવનનૌકા ભવસાગરમાં સલામત ન રહે. ઈન્દ્રિયના વિષયો અને અંતઃકરણની વાસનાના વિષ, જીવનને વિષમય બનાવી દે. સંપત્તિ, સત્તા અને સંસારના સહચરમાં જીવતાં, શાંતિ અને સન્માર્ગ માટે સદ્‌ગુરુ અવશ્ય જોઈએ.

૨૦૫. "પ્રભુ પ્રસન્ન થાય"-એ એક જ જીવન ધ્યેય વિપ્ર અને વૈષ્ણવનું હોય. પોતાનું સર્વસ્વ પ્રભુની પ્રસન્નતા માટે સમર્પણ કરી દેવાની તેની તૈયારી હોય.

૨૦૬. પ્રભુપરાયણને તો જીવનમાં જગદીશની ઝાંખી અને મરણમાં મધુર માધવનું મિલન લાગે.

॥ શ્રીહરિઃ ॥

સપ્તમ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો કરકમલ-ઊતિ લીલા-કર્મવાસના-કુલ પ્રકરણ ૩-અસદ્‌વાસના, સદ્‌વાસના, મિશ્રવાસના-અધ્યાય ૫+૫+૫- કુલ અધ્યાય ૧૫

૨૦૭. સામાન્ય કૃપા તો સૌને મળેલી છે. જીવવા માટે પોષણ તથા રક્ષણ, શરીર, સમજ અને શક્તિ ભગવાને આપ્યાં છે.

૨૦૮. વાસના પણ પ્રતિકૂલ સંયોગોમાં મનમાં દબાઈને બીજ રૂપે રહે છે. સાનુકૂલ સંયોગોમાં પુનઃ ક્રિયા રૂપે પ્રકટ થાય છે. સત્કાર્ય કે ભક્તિ કરનારના મનમાંથી પણ, અસદ્‌વાસના દૂર થઈ ન હોય તો, સાનુકૂલતા મળતાં તે અસત્કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે. પરિણામે, પ્રભુના બહાને, ધર્મના અંચળા ઓથે, વિકારનો વિકાસ થાય, પતન થાય.

૨૦૯. કૃપાસિંધુ કૃષ્ણના કૃપાબિંદુ રૂપે મળેલા શરીર, સંપત્તિ, સામર્થ્ય, સ્વજન વગેરે સર્વસ્વનું સેવકબુદ્ધિથી સમર્પણ, શ્રી હરિના સુખ માટે થાય તે સદ્‌વાસનાવાળા હૃદયમાં મોતી રૂપે શોભે. સૌના હિત માટે સદુપયોગ થાય તે મોતી જેવું લાગે. અન્યના અહિતમાં ઉપયોગ કરે તેમાં તો અસ્તિત્વ પણ ન રહે.

૨૧૦. કોઈ મલિન વિચાર અંતઃકરણમાં આવવા દેવો નહિ. મંગલ, મંજુલ, મધુર વિચારો રાખવા.

૨૧૧. જિજ્ઞાસા એટલે વિચાર. સાંભળીને, વાંચીને વિચારે તે કાંઈ પૂછે. આચરવું કે સમજવું હોય તે વિચારે છે, ન સમજાતાં પૂછે છે, પણ આજે અનેક સાંભળે છે, વાંચે છે, છતાં પૂછનારા ખૂબ ઓછાં હોય છે.

૨૧૨. વ્યક્તિમાં પણ સ્વાભાવિક ગુણદોષ હોઈ શકે. ન ગમતી બાબતોમાં મૌન રહીને, થોડું સહન કરી લઈને, પ્રભુથી વિરુધ્ધ ન હોય તેવા વ્યવહારમાં પોતાના અભિપ્રાયનો આગ્રહ જતો કરીને સાનુકૂળતા સધાય.

૨૧૩. વૈભવ, વપુ, વિદ્યા, વિત્ત, વિશિષ્ટતા વગેરેનું અભિમાન માનવને ઉદ્ધત બનાવે છે. ઉદ્ધત અનેકને પીડે અને અન્યને પીડા કરવા માટે પોતાનાં સાધન વધારે, તેનાં ધર્માદિ પણ અન્યને પીડવા માટે હોય.

૨૧૪. વ્યવહાર અને વિલાસ છોડીને, પ્રભુની સેવા અને કથામાં પરાયણ રહેવું, તે વનવાસ રૂપ ગણાય. રાગ હોય તો, વનમાં પણ જીવન ભોગમય બને. વિરાગ ઘરમાં પણ જીવનને વૃન્દાવન બનાવી, વૃન્દાવન વિહારીને વસાવે.

૨૧૫. ભણીને ભગવાનને ભજે, તે સાચું ભણતર-વિદ્યાનું વળતર ! ભણીને ભગવાનને ભૂલે તે જીવનનું કળતર, વિદ્યાનું નડતર !

૨૧૬. પ્રભો ! આપ જ સૌનું અભીષ્ટ દેનારા, દષ્ટિથી કૃપા વિશિષ્ટ છો. તેથી અવશિષ્ટ (બાકી) રહેતું નથી, ક્લિષ્ટ (દુઃખી) થવાતું નથી.

૨૧૭. તન કથામાં હાજર હોય, ધન કદાચ ખર્ચાય, છતાં મન કૃષ્ણરંગમાં રંગાતું નથી, હરિરસે રસાતું નથી, તેથી કૃતાર્થ થવાતું નથી.

૨૧૮. ભગવાનના ભક્તો ભગવાનને યાદ રાખે, સંસારને ભૂલે. સંસારના ભક્તો સંસારને યાદ રાખે, ભગવાનને ભૂલે.

૨૧૯. સ્ત્રીઓ માટે પતિ અને પરિવારની સેવા ધર્મ છે. સંતોષ, સત્ય અને મધુર વાણી-વિનય અને સહનશીલતા સેવા માટે અનિવાર્ય ગુણો છે. નિપુણતા, ધર્મજ્ઞાન, પવિત્રતા, પ્રમાદ-રહિતપણું અને

સ્નેહ આવશ્યક છે.

૨૨૦. પુરુષ વ્યવહાર અને વ્યવસાયને વ્યવસ્થિત રાખે, સ્ત્રી પોતાના ગૃહસ્થાશ્રમને વ્યવસ્થિત રાખે. સ્ત્રી વ્યવહાર અને વ્યવસાયને ધર્મમય રાખવાની પ્રેરણાનો સ્રોતસ્ બને, સ્ત્રી ઘરને સ્વર્ગ બનાવી શકે છે.

૨૨૧. ૫૦ વર્ષ પછી વાનપ્રસ્થાશ્રમ, શેકેલું, બાફેલું, કાચું-સાનુકૂલ રીતનું એક વખત ભોજન, વ્યવહાર અને વ્યવસાયની વૃત્તિ અને પ્રવૃત્તિનો ત્યાગ, પ્રભુપરાયણતા, સંયમ, અલ્પ આવશ્યકતા-વાળું જીવન, તીર્થ સેવન, એકાન્તવાસ, સૌને હિતકારક-ઉપયોગી થાય તેવું આદર્શ જીવન અને અંતે ત્યાગ, ભગવાનમાં મતિથી વૃદ્ધાવસ્થામાં જીવન બોજારૂપ ન બને, મંગલમય થાય.

૨૨૨. પેટ ભરાય તેટલું પોતાનું, અધિકની અપેક્ષા અપરાધ રૂપ ગણાય. સાદી વાત-રસોડામાં રસોઈ ગમે તેટલી હોય, પણ પેટ ભરાય તેટલું પોતાનું. વધારે જમનાર માંદો પડે. તે દંડ છે. તેમ સંપત્તિમાં, જરૂર કરતાં વધારે હોય તો અનેક અનર્થ આવે, તે દંડ છે.

૨૨૩. મહાપુરુષોની ચરણસેવા તલવાર છે. તેનાથી વિજયી તથા સફલ થવું. અચ્યુત ભગવાનનું બલ મેળવી, દોષરૂપ શત્રુઓનો સંહાર કરી, પ્રભુ પ્રાપ્ત કરવા. સાવધ ન રહે તો ઈન્દ્રિયરૂપ ઘોડા તોફાની બને, રથ ફેંકાઈ જાય, દેહ વ્યર્થ વેડફાઈ જાય.

॥ શ્રીહરિઃ ॥

અષ્ટમ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો જમણો સ્તન-મન્વન્તર લીલા-સદ્‌ધર્મ-કુલ-પ્રકરણ ૪-આપત્તિમાં હરિસંસ્મરણ, સંપત્તિમા દાન, વિપત્તિમાં સ્વોક્ત નિર્વાહ, મત્સ્યચરિત-અધ્યાય ૪+૧૦+૯+૧ - કુલ અધ્યાય ૨૪

૨૨૪. સંપત્તિ એક માત્ર પોતે વાપરે તો ઉપભોગ થાય, અનેકના કામ સાધે તો ઉપયોગ થાય, પ્રભુ સ્વીકારે તો વિનિયોગ થાય.

૨૨૫. શરણાગતિ કરનારને શરણની અનન્યતા અને દૃઢતા જોઈએ. ''શરણ'' શબ્દ ''ઘર'' અને ''રક્ષક''ના અર્થ માં છે. ઘરની દીવાલોની અંદર રહે-મર્યાદામાં રહે તેને ઘરના આશ્રયનો લાભ મળે. રક્ષક પાસેથી રક્ષણ જોઈએ તો તેને અનુકૂલ રહેવું પડે.

૨૨૬. સાનુકૂલ રૂપ કે વિનાશાત્મક 'વિકરાલ' પ્રતિકૂલ રૂપ સંયમી, સ્વધર્મરત, ભગવદભિમુખને ડરાવી કે ડગાવી શકે નહિ. સાનુકૂલતા ડગાવે છે. પ્રતિકૂલતા ડરાવે છે.

૨૨૭. ધર્માનુકૂલ કોઈ પણ રીતે કોઈ પણ પ્રાણીને સંતોષ દેવો તે પ્રભુભજન છે. સાધુપુરુષો પોતાના પ્રાણના ભોગે પણ અન્યના પ્રાણને રક્ષે છે.

૨૨૮. ભગવાનને નિર્દોષ અને સર્વોત્તમ સમજીને તેમને જ મેળવવાની ઈચ્છાથી જીવ શરણાગત બને તો ભગવાન્ જરૂર તેનો અંગીકાર કરે છે.

૨૨૯. ભગવાન્ તર્કથી ન ઓળખાય, ભગવાનની વાતો માત્ર બુદ્ધિ થી ન સમજાય. તેમાં પોતાની બુદ્ધિ કે સમજશક્તિની મર્યાદા સ્વીકારી લેવાય; પણ શંકા, અશ્રદ્ધા કે આક્ષેપ ન થાય, ભગવાનની વાતો શ્રદ્ધાથી, ભક્તિથી, કૃપાથી સમજાય. ભગવાન્ બુદ્ધિથી ન સમજાય, હૃદયથી સમજાય.

૨૩૦. ''અજિતેન્દ્રિયને જગતભરનાં સુખ પણ સંતોષી ન શકે.'' જરૂર પૂરતાં અન્ન, વસ્ત્ર અને વાસસ્થાન જીવનમાં આવશ્યક છે. તે ત્રણમાં જેને સંતોષ ન થાય, તેને સામ્રાજયથી પણ સુખશાંતિ ન મળે, સંતોષમાં સુખ છે. અસંતોષની આગ સદા બાળે છે.

૨૩૧. પ્રભુએ બે પગલાં માં બલિનું સર્વસ્વ લીધું. ''હું અને મારું'' બેમાં માનવનું સઘળું સમાઈ જાય છે. તે પહેલાં પ્રભુ લે. અહંતા-મમતા જાય. ''સઘળું પ્રભુનું છે.'' -તેમ સમજાય, પછી પ્રભુ પ્રેમથી અંગીકાર કરે, પુષ્ટિમાર્ગીય આત્મનિવેદનના ગદ્યમંત્રમાં પહેલાં સર્વસ્વ-સમર્પણ છે; પછી આત્મસમર્પણ છે.

૨૩૨. ''હું પ્રભુનો છું, સઘળું પ્રભુનું છે'' - તેમ સમજી પ્રભુનું પ્રભુને અંગીકાર કરાવીને જીવે તો સૌભાગ્યસંપન્ન થાય છે.

૨૩૩. શરણાગતિથી પ્રભુસંબંધ સુદૃઢ થાય. ભવસાગર ભગવાનના આશ્રયથી તરી જવાય. નૌકાને મત્સ્ય ફેરવે તેમ ફરે. પ્રભુ રાખે તેમ સંસારમાં રાજી રહીને પ્રભુને ઓળખવાના અને પ્રસન્ન કરવાના પ્રયત્નોમાં પરાયણ રહેવાય.

॥ શ્રીહરિઃ ॥

નવમ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો સ્તન-ઈશાનુકથા લીલા-ભગવાન્ અને ભગવાનને અનુસરનારા ભક્તોના ચરિત્ર-કુલ પ્રકરણ ૨ -હરિના અવતાર અને તે (ઈશ) ને અનુસરનારાઓ (સૂર્યવંશ અને ચન્દ્રવંશ)-અધ્યાય ૧૩+૧૧ - કુલ અધ્યાય ૨૪

૨૩૪. પ્રભુમાં પ્રીતિ થતાં "શ્રીકૃષ્ણ જ મારુ સર્વસ્વ છે, સ્વામી છે." તેવી ભાવના અંતઃકરણમાં દ્દઢ થાય ભક્તિ તેનાથી વધતી જાય.

૨૩૫. પુષ્ટિમાર્ગમાં ગાયમાં વ્રજભક્તો તથા ગિરિરાજની ભાવના છે. કૃષ્ણને તો ગાય અતિપ્રિય છે. ગાય સરલતા, દીનતા અને પવિત્રતાનું પ્રતીક છે.

૨૩૬. મન ભગવાનમાં સ્થિર રાખવા માટે તન અને ધનનો વિનિયોગ કૃષ્ણ સેવામાં કરવો. સ્વજનને પણ સેવામાં સાથે લેવાં. તન સેવામાં વપરાય-સેવકધર્મ કરે તો અહંતા છૂટે. ધન અને સ્વજન સેવામાં વપરાતાં મમતામુક્ત થવાય. અહંતામમતા જતાં નિર્દોષ થયેલું મન નિર્દોષ ભગવાનમાં લાગે.

૨૩૭. પ્રભુના સંબંધથી કાર્ય પણ સેવા બની જાય. વાસણ ઘસવાં ઘરનું કામ છે, પણ પ્રભુના ઉપયોગનાં વાસણ માંજવા તે સેવા કહેવાય છે. વાસણ ઘસવાની ક્રિયા તો બંનેમાં છે. તેને કામ સમજવાથી કંટાળો આવે,ક્લેશ થાય, કટુતા પણ ક્યારેક આવે. સેવા સમજવાથી આદર, ઉત્સાહ અને આનંદ લાગે, જરૂર છે માત્ર સમજ બદલવાની, કાર્યને પ્રભુનું બનાવી દેવાની.

૨૩૮. ભગવાનનો યશઃ તો શ્રેષ્ઠ તીર્થરૂપ છે. તેમાં નિર્મલ અંતઃકરણવાળા ભક્તો માટે કથામૃતરૂપ જલ ભરેલાં છે. કાનરૂપ અંજલિ દ્વારા માત્ર એક વખત આચમન પણ કરીને માનવ બધી કર્મવાસનાઓને દૂર કરી દે છે.

॥ શ્રીહરિઃ ॥

દશમ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનું હૃદય-નિરોધ લીલા-ભગવાનનું પોતાની શક્તિયો સહિત અનુશયન (ક્રીડા)-કુલ પ્રકરણ ૫ - જન્મ, તામસ, રાજસ, સાત્ત્વિક અને ગુણ-અધ્યાય ૪+૨૮+૨૮+૨૧+૬ - કુલ અધ્યાય ૮૭ + પ્રક્ષિપ્ત ૩

૨૩૯. શ્રી કૃષ્ણની ઓળખ તો સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ, એ નવ લીલા લક્ષણથી થાય, દશમી આશ્રય લીલા છે.

૨૪૦. નન્દ વગેરે ગોવાળીઆઓ હર્ષથી કૃષ્ણ અને બલરામની વાતો કરતાં, સુખ જાણતા, જીવનભર કોઈ વેદના તેમણે જાણી નહિ. ભગવાનની વાતો અને વિચારો કરવાથી પણ કોઈ દુઃખ દેખાય નહિ, પ્રભુમગ્ન થઈ જવાય.

૨૪૧. શ્રીકૃષ્ણમાં આવી ઉત્તમતાના અનુભવે ઉત્કટ રુચિથી મન મગ્ન થાય, બીજું કાંઈ રુચે નહિ, કોઈ આત્મીય લાગે નહિ.

૨૪૨. ભગવાન્ તો સર્વથી શ્રેષ્ઠ છે. સર્વના સ્વામી પુરુષોત્તમ છે, છતાં પોતાના ભક્તોને અનુકૂલ બને છે. ભક્તોના સ્વભાવને અનુકૂલ લીલા ભગવાન્ કરે છે. ભગવાનની આ અત્યંત ઉદારતા ભક્તવત્સલતા કૃપા છે.

૨૪૩. ભગવાન્ ચિત્ર કે મૂર્તિ નથી, સાક્ષાત સ્વરૂપ છે. ભગવાન્ પોતે જ છે. તેની સેવા થાય છે તે સાધનરૂપ સેવા થઈ પ્રભુ સ્વયં પ્રસન્ન થઈને પ્રકટ થાય, માગીને આરોગે, સાનુભવ આપે તે પછીની સેવા ફલરૂપ છે.

૨૪૪. દુઃખ દેખાય તો ડરવું નહિ, ડગવું નહિ, દુભાવું નહિ, ગભરાવું

નહિ. દુઃખતો પ્રભુના પધારવાની વધાઈ રૂપ છે. સ્વયં ભગવાનના પ્રિયજનોને પણ દુઃખ પડયું છે, તેથી તો પ્રભુ જલદી પધારે છે.

૨૪૫. પૃથ્વીનો પાપરૂપ ભાર ઉતર્યા પછી, અસુરોની પીડાથી તેને થયેલો ક્લેશ પણ દૂર કરવો પડે, તે તો પરમાનન્દરૂપ પ્રભુના ચરણસ્પર્શ વગેરેથી જ સંભવે, તેથી તે ભક્તોનાં દુઃખ દૂર કરી આનંદ દેવા માટે પરમાનંદ રૂપ પુરુષોત્તમ ભગવાન્ કૃષ્ણ પોતે જ પ્રકટ થયા.

૨૪૬. ભક્તોના દુઃખ ભગવાન્ સહી શકતા નથી. ભક્તોના દુઃખ દૂર કરી, સુખ દેવા પ્રભુ પ્રકટ થાય છે. ભક્તોને અસહ્ય દુઃખો સહન કરવા સાન્ત્વન પણ પ્રભુ અપાવે છે. સઘળાં દુઃખ સહન કરવાં, ધૈર્ય રાખવું, પ્રભુની કૃપાની રાહ જોવી, પ્રભુમાં અચલ વિશ્વાસ રાખવો.

૨૪૭. ઉત્તમ વસ્તુ કે વ્યક્તિ પણ ભગવાનની સેવામાં ઉપયોગી થાય તો જ કૃતાર્થ બને. સેવામાં સ્નેહ અને સાવધતા જોઈએ.

૨૪૮. ભગવદિચ્છા બલવતી છે. અભિમાનવાળાને સારી સાચી હિત ની વાત કહેવામાં આવે તો પણ અવળી પડે, ઉશ્કેરાય અભિમાનથી અનર્થ વધારે આચરે પરિણામે અભિમાનીનો સર્વનાશ થાય છે. અભિમાની દુરાગ્રહથી પોતાના હાથે જ પોતાનો નાશ નોંતરે છે.

૨૪૯. જીવો ભગવાનની શરણાગતિથી કૃતાર્થ થાય છે. જ્ઞાન, અજ્ઞાન કે પ્રીતિથી પ્રભુને શરણે જાય તેનું સઘળું ભગવાન્ સંભાળે છે. અશક્ય કે શક્ય કાર્યો પણ પ્રભુની શરણાગતિથી જ થાય.

૨૫૦. પ્રભુના ચરણમાં ચિત્ત રાખવા માટે શ્રવણ, કીર્તન, સ્મરણ, ચિંતન જરૂરી છે. પ્રયત્ન વિના ચિત્તની પ્રવૃતિ થાય તે સ્મરણ કહેવાય. પ્રયત્ન પૂર્વક ચિત્તની પ્રવૃત્તિ ચિંતન કહેવાય. ચિંતનમાં પ્રભુના

સ્વરૂપની કલ્પના હોય તે ધ્યાન ગણાય.

૨૫૧. સેવા સ્વામીને અનુકૂલ થાય, વાણી, વર્તન વિચારમાં "આનાથી મારા પ્રભુ પ્રસન્ન થશે ?" તેવો વિચાર જોઈએ પ્રભુ અપ્રસન્ન થાય તેવું કાંઈજ સેવકથી ના થાય.

૨૫૨. અમે શુચિ (સોય) થી વિધાઈશું, સુકુમાર છતાં સહન કરશું, પવિત્રતા માટે પીસાય છતાં ભીંસાય તેના પર પ્રભુ પ્રસન્ન થાય, પુષ્પમાં શુચિ વેધ પછી જ સૂત્ર પ્રવેશ સંભવે છે. ફૂલ સોયથી વિંધાય પછી દોરામાં પરોવાય છે શુચિનો અર્થ પવિત્રતા થાય છે. પવિત્રમાં પ્રભુ પ્રીતિ પાંગરે છે. સરલ, કોમલ, પવિત્ર, આતુર, પ્રેમપૂર્ણ હૃદયવાળા જીવોનો ભગવાન્ અવશ્ય અંગીકાર કરે છે.

૨૫૩. સંસારમાં સરનાર પણ શ્યામસુંદરના શરણમાત્રથી સ્થિર થાય, મુક્ત થાય.

૨૫૪. બ્રાહ્મણ દ્વિજ, પક્ષીઓ પણ દ્વિજ, ચન્દ્ર દ્વિજરાજ. ચન્દ્રવંશભૂષણ પ્રભુ પ્રકટ્યા હતાં. એક દ્વિજના વેદગાને બીજાં દ્વિજને જાણે પ્રેર્યા ! દ્વિજરાજ-વંશમણિને વધાવ્યા.

૨૫૫. આપણે ઉત્સવથી આનંદ માણીએ છીએ. ભક્તો આનંદથી ઉત્સવ માણે છે.

૨૫૬. પુષ્ટિમાર્ગની સમૃદ્ધિ છે.-ઉષ્ણભાવ ! દાસ્ય, વાત્સલ્ય, સખ્ય અને મધુર રૂપે આ સઘળી સમૃદ્ધિ પ્રભુ પધારતાં પ્રકટ થઈ !

૨૫૭. ભગવાનના નામ અને સ્વરૂપના સ્મરણ માત્રથી ભય દૂર થાય, અભય મળે. માનવ જીવન પણ વન જેવું વિકટ છે. કઈ આપત્તિ કયા સમયે કોના તરફથી કેવી રીતે આવશે ? તે કાંઈ નિર્ણિત નથી. કોઈ પણ આપત્તિ, કોઈ પણ સમયે કોઈના તરફથી કોઈપણ રીતે

આવી શકે છે.

૨૫૮. અંતરમાં તમોગુણ અને રજોગુણ હોય તે, રજઃથી ભરેલી આંખ જગતમાં કાંઈ જુએ નહિ. પોતાના કરતા સારુ, સાચુ, ઉત્તમ તેને દેખાય નહિ. તમઃથી સામાની ઉત્તમતાથી અંતરમાં અકળામણ અસહ્ય થાય, ભગવાન્ વિરાજતા દેખાય નહિ. પોતાના દોષ દેખે, તેનામાં દીનતા આવે. દીનતાવાળાને દીનાનાથના દર્શન થાય.

૨૫૯. ગુરુકૃપાથી પ્રભુકૃપા સરલતાથી થાય છે. પ્રભુકૃપાનો સીધો અનુભવ જીવને સમજાતો નથી. દુઃસંગત્યાગ પણ તેમાં જરૂરી છે. સત્ત્વશુધ્ધિ મર્યાદામાર્ગીય છે. તેમાં ગુરુનો ઉપદેશ કૃપા રૂપે કૃતાર્થ કરે છે!

૨૬૦. પ્રભુમાં પ્રીતિ કરે તે મહાભાગ્યશાળી ! પ્રભુમાં પ્રીતિ કરનારનો પરાભવ કોઈ કરી શકતા નથી. શત્રુઓનો સંતાપ શ્રીહરિમાં સ્નેહ કરનારને રહેતો નથી ! જેમ ભગવાન્ જેના પક્ષમાં છે તેવા દેવોને દાનવો જીતી શકતા નથી તેમ!

૨૬૧. દાસથી દોષ ન જોવાય, ઉપાલંભ ન અપાય. સ્વામી કરે તે સારુ એમ સમજવું. સખ્ય પ્રભુ આપે તો કદાચ સમાનભાવે કાંઈ કહેવાય. સમાન ભાવ સ્વતઃ લઈ ન લેવાય. ! "**भली यह खेलवेकी बान**" - કહો ! જાગૃત ગુરુ જ સેવકને સન્મતિ આપે.

૨૬૨. પ્રભુ માટેના ત્યાગમાં નિત્ય પ્રસન્નતા હોય છે. પ્રીતિપૂર્ણને ત્યાગ કરવો પડતો નથી, ત્યાગ સ્વાભાવિક થઈ જાય છે. પ્રભુ મળે છે.

૨૬૩. પ્રેમ હોય ત્યાં પ્રતિકૂલતામાં પણ પરિશ્રમ ન લાગે, પ્રસન્નતા અનુભવાય.

૨૬૪. ભક્ત ક્યારેક સંસારાસક્ત બને, લૌકિક-કાર્યરત થાય, તો પણ ઉદાર ભગવાન્ તેના સ્વલ્પ સ્નેહનો સ્વીકાર કરે છે.

૨૬૫. સ્વરૂપ ન વધવા છતાં, દોરડાં દરેક વખતે બે બે આંગળ જ ટૂંકા પડે ને ! કયું ગણિત કે વિજ્ઞાન આનો હિસાબ કે નિર્ણય કરી શકે ? કઈ સાબિતી સંભવી શકે ? તેમાં તો પ્રમાણ ભક્તો કે ભાગવત. શ્રદ્ધા જીવની અને લીલા ભગવાનની ! લૌકિક યુક્તિથી ભગવાનની લીલાની વાતો ન સમજાય.

૨૬૬. ભગવાનના ભક્તો પણ વૈરાગ્યવાળા હોય છે, ભગવદ્ભક્તોની કૃપાથી અધમનો પણ ઉદ્ધાર થાય છે. પોતાના સેવકોના સંગથી પણ, દુષ્ટ ઉપર પણ ભગવાન્ દયા કરે છે. કૃષ્ણના દાસના દર્શનથી પણ દિવ્યતા મળે છે.

૨૬૭. હાથ નીચેના માણસો પણ નીતિવાળા હોવા જોઈએ. દોષ દેખાય તો દંડ દેવો જોઈએ. દોષ દૂર કરવો જોઈએ, દોષનો બચાવ ન થાય.

૨૬૮. ધન-મદથી તો સદ્બુદ્ધિ ક્યારેય થતી જ નથી. સદ્બુદ્ધિ તો સત્પુરુષોના સેવનથી મળે છે. સત્પુરુષોના સેવનથી બુદ્ધિ ચિત્ત રૂપ બની પ્રભુ તરફ ઢળે છે.

૨૬૯. ભગવાન્ સામે ચાલીને, પોતે પરિશ્રમ કરીને પણ, ભક્તોના કૃપાપાત્રોનો ઉદ્ધાર કરે છે. ભક્તના શાપથી પણ ભગવાન્ સામે ચાલીને મળે, તો ભક્તની સેવાથી-કૃપાથી શું ન મળે ?

૨૭૦. સ્નેહાળ શિષ્યને ગુરુ ગુહ્ય વાતો પણ વગર પૂછ્યે કહી દે છે. પ્રયત્ન વગર પ્રાપ્ત કરવાનું સામર્થ્ય સ્નેહમાં છે. જ્ઞાન દે તે ગુરુ. તેના પ્રત્યે આદર ન હોય તો કદાચ પેટ ભરવાનું ભણતર મળે; પણ કૃતાર્થ કરનારી વિદ્યા તો ન જ મળે.

૨૭૧. સામાન્ય-લોકો પોતાની ભૂલો સંતાડવા મથે છે, વ્યર્થ બચાવ કરે છે, તેથી ભૂલો વધે છે. સચવાઈ રહે છે. જ્ઞાની અને ભક્ત તો

પોતાની ભૂલો જાહેર કરે છે ; તેથી ભૂલો ઘટે છે, દૂર થાય છે. પોતાની ભૂલને ભૂલી જવી કે ભૂલાવી દેવી તે ભૂલ કરવા કરતાં પણ ભયંકર છે.

૨૭૨. અનુમાનથી નિર્ણય કરવા ટેવાયેલા લોકો સીધી વાત પણ શ્રદ્ધાથી સ્વીકારતા નથી.

૨૭૩. સંસાર કે સ્વાર્થમાં લપટાયાં પછી જ જૂઠાણું જીભે અને હૈયે રમે છે. અસત્યમાં આળોટનારને સાચું હોય તેમાં પણ શંકા જ પડે છે, સારુ કે સાચું સ્વીકારી શકતો નથી.

૨૭૪. મહાપુરુષોનું અનિષ્ટ કરવા જનાર પોતે જ પોતાના પાપથી નાશ પામે છે.

૨૭૫. ભગવાનની વાતોથી દુઃખ દેખાય પણ નહિ, સુખ મળે. પ્રભુ મગ્ન રહેવાય.

૨૭૬. જીવ તો ભગવાનનો અંશ છે, જન્મ્યો ત્યારથી ભગવાનનો દાસ છે.

૨૭૭. કુટુંબજીવનની આ એક ઉપકારક આવશ્યકતા છે. રાત્રે ઘરનાં સભ્યો એકઠાં મળે. દિવસભરના પ્રસંગોની છણાવટ થાય, અભિપ્રાયોની આપ-લે થાય. મુક્ત મને સૌ પોતાની વાત કહી દે, તો અણસમજ, કલેશ, અભાવ, સંઘર્ષ, શંકા વગેરે ઊભાં ન થાય.

૨૭૮. ભક્તોનું કામ કરવામાં પ્રભુ ક્ષણનો પણ વિલંબ સહી શકતા નથી.

૨૭૯. સત્ત્વસ્વરૂપ ભગવાનની સેવા વિના શુદ્ધિ સંભવે ક્યાંથી ?

૨૮૦. ભક્તરૂપે જન્મ મળવો, ભક્તોની વચમાં-સત્સંગમાં-ભગવદ્‌ભજનનો લાભ મળવો, તે મહાભાગ્યરૂપ છે.

૨૮૧. જીવ કૃષ્ણનો સેવક ન બને ત્યાં સુધી જ ઘર વગેરેમાં અનુરાગ વિવેક-ધૈર્યને હરનાર ચોર જેવો છે, ઘરજેલ છે. પુત્રાદિમાં મોહ તે બેડીઓ છે. કૃષ્ણસેવા કરનાર માટે તો આ ત્રણે કૃતાર્થતાનાં સાધન છે. શાસ્ત્રસંમત છે.

૨૮૨. કૃષ્ણનો દાસ ન બને ત્યાં સુધી ભય છે, દાસ બન્યા પછી અભય છે.

૨૮૩. પૈસાથી સુખ, શાંતિ કે સ્નેહ મળતાં નથી, પ્રભુ પ્રસન્ન થતા નથી. પૈસા અમર નથી બનાવતા, પામર બનાવે છે.

૨૮૪. કૃષ્ણને જાણનારને માટે સઘળું ભગવદ્રુપ જ છે, બીજું કાંઈ છે જ નહિ. જગત કૃષ્ણનું બીજુ રૂપ છે, કૃષ્ણને જાણતાં કાંઈ જ જાણવાનું બાકી રહેતું નથી.

૨૮૫. ભગવાનની મંજુલ પ્રત્યક્ષવાણી સાંભળનારના સર્વ વિષયો-દોષોને દૂર કરે છે.

૨૮૬. ભક્તની કૃપા હોયતો ઝેરી વાતાવરણમાં પણ પ્રસન્નતાથી જીવી શકાય છે.

૨૮૭. પ્રભુને શોધે, ભગવન્માર્ગે ચાલે, ભગવાન્ અને ભક્તોને અનુસરે, તે પ્રભુ પાસે પહોંચે.

૨૮૮. "મારા પ્રભુને શું ગમશે ?" તેવો વિચાર જીવનનાં નાનાં મોટાં બધા કામમાં રહે, પ્રભુ પ્રસન્ન થાય તેવું જીવાય, તો કૃતાર્થ થવાય. અંતઃકરણ સ્નેહભર્યું શુદ્ધ હોય તો પ્રભુ સ્વયં પ્રેરણા કરે, "પ્રભુને શું ગમશે?" -તે જરૂર સમજાય, શ્રી ભાગવત વગેરે દ્વારા પણ સમજાય.

૨૮૯. ભક્તોના જીવનપ્રસંગો વિચારવા, અંતઃકરણના દોષો ભગવદાવેશવાળા ભગવદીય દ્વારા દૂર થાય. તેમાંથી પ્રસન્નતા મળે, કૃપાથી કૃતાર્થ થવાય.

૨૯૦. કલ્યાણ માટે કાયાને કસવી-તપઃ, શાસ્ત્રમાં કહેલી રીતે

શ્રવણાદિથી ભગવાનનું ભજન-ભક્તિ લીલામાંના જીવો માટે આ વિદ્યા પણ અલૌકિક છે. શ્રીગોપીજન-વ્રજભક્તોને પણ તે પ્રાપ્ત થઈ છે.

૨૯૧. આંખ અને મોં લૌકિક-વિષયોમાં બંધ રાખે, લૌકિક-દૃશ્યો, વૃથાસ્વાદ અને વૃથાવાદથી દૂર રહે તેને-ભગવદ્ રસમાં રુચિ રહે. ભગવદ્ રસ માણે તેને પ્રલોભન કે ભય ચલિત કરી ન શકે, જીવન લલિત બને-ફલિત બને.

૨૯૨. પ્રભુની પરોક્ષમાં ગુણગાન થાય. પ્રત્યક્ષમાં સેવા સર્વોત્તમછે. અનવસરમાં કથા અને અવસરમાં સેવા સતત સ્નેહથી થાય તો કૃતાર્થ થવાય.

૨૯૩. પ્રભુના ચરણમાં ધરેલાં તુલસીજી સૂંઘવાથી પણ દાસધર્મની સ્ફુર્તિ થાય. ભક્તિ રૂપ છે તે તો !

૨૯૪. અમારા પુરુષોત્તમતો માણવાના, ઈચ્છીએ તેમ નિકટમાં આણવાનાં !

૨૯૫. વનસ્પતિ તો વૈષ્ણવ છે, દુઃખીને દેખીને દયાથી દ્રવી જાય તે વૈષ્ણવ.

૨૯૬. વૈષ્ણવતો દયાળુ હોય, દુઃખી પર દયા કરે.

૨૯૭. **વિદ્યાના પાંચ પર્વો**	**મર્યાદા માર્ગીય**	**પુષ્ટિ માર્ગીય**
(૧) વૈરાગ્ય	ગુણદોષના વિચારે સંસારમાં રાગનો અભાવ તે - વૈરાગ્ય	પ્રેમપ્રભાવથી કૃષ્ણ સિવાય બધે જ રાગનો અભાવ તે - વૈરાગ્ય
(૨) સાંખ્ય	પ્રકૃતિ પુરુષ - તત્ત્વની સમજ તે-સાંખ્ય	પુરુષોત્તમનું રસાત્મક રૂપે જ્ઞાન તે - સાંખ્ય
(૩) યોગ	ચિત્ત - વૃત્તિનો નિરોધ	ચિત્ત પ્રભુમાં એકતાન રહે
(૪) તપ	કલ્યાણ માટે કાયાને કસવી	(૧) ભગવાનના વિરહમાં તીવ્ર સંતાપ કે સેવામાં કાયાને કસવી. (૨) પ્રભુ સંબંધી લીલાશાસ્ત્ર વિચાર
(૫) ભક્તિ	માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વાધિક સ્નેહ.	મુક્તિ વગેરે સર્વ ઈચ્છા રહિતની ભક્તિ.

૨૯૮. પ્રતિકૂળતામાં પણ પ્રભુના દોષ ના દેખાય ત્યારે પ્રસન્નતા મળે.

૨૯૯. સઘળુ ભગવાન્ માટે જ છે; તે સમજાય તો જીવન ભગવદીય થાય.

૩૦૦. પ્રભુ પધારે તેથી વધારે મંગલ સમાચાર ભક્તોને કયા હોય ?

૩૦૧. ભક્તસંગ પણ ભગવત્કૃપા વિના ન મળે.

૩૦૨. દીનતાપૂર્વકની શરણાગતિથી. "મારાથી કાંઈ બની શકતું નથી, મારા પર મારા પ્રિય પ્રભુ કઈ રીતે પ્રસન્ન થાય ?!" - આવી તીવ્ર વેદનાથી મથામણ કરનારમાં દીનતા આવે, તેને શરણાગતિથી - સફલતા મળે.

૩૦૩. મન પ્રભુમાં મગ્ન રહે, તે જ મુખ્ય છે. પણ પ્રભુ ભૂલાય, તો માનવ દાનવ શો બની જાય.

૩૦૪. પ્રતિપલ પ્રભુની પવિત્ર પ્રેમલ સ્મૃતિ તો જીવનનું બલ છે, ફલ છે.

૩૦૫. સન્નિષ્ઠ ભક્તો તો સદૈવ પોતાના પ્રિય પ્રભુનેજ શોધ્યા કરતા હોય.

૩૦૬. ભગવત્સુખ માટેની સતત વૃત્તિ-પ્રવૃત્તિની સ્વાભાવિક્તાનો માર્ગ ભક્તિમાર્ગ છે. પલેપલ તેમાં તો પ્રભુ માટે જ વીતે છે. જે ક્ષણે લાગે કે આપણે નવરા છીએ, તે ક્ષણે જ જીવન વેડફાઈ રહ્યુ છે.

૩૦૭. મરતાં પહેલાં મધુર માધવ ન મળે તો આત્મઘાત કર્યો ન ગણાય ! આ સમજી ને આવા અપરાધમાંથી ઉગરવા, સર્વોત્તમ જીવનધ્યેય માટે જીવતા માનવનાં જીવનમાં, નવરાશ-નિરાશા કે નિષ્ક્રિયતાને સ્થાન કયું હોય ?

૩૦૮. "પ્રભુની પ્રસન્નતા મેળવો, પ્રભુમાં પ્રીતિ કરો," તે માટે જરૂરી કમાવ, તે માટે યોગ્ય ખાન-પાન-વિહાર વગેરે કરો, નોકરી-ધંધા તે માટે સાધન સમજીને કરો; પણ તે સાધનને જ લક્ષ્ય ન બનાવી દો. આમ સમજીને જીવીએ તો, કરીએ છીએ તેજ કરવા છતાં, સેવાનુરૂપ ભક્તિમાર્ગીય-જીવન થઈ જશે. આ પુષ્ટિભક્તિમાર્ગીય-જીવન-સંદેશ છે.

૩૦૯. સેવા-કથામાં આસક્ત હોય તેના જીવનમાં અનર્થ ન થાય. પુષ્ટિ-ભક્તિમાર્ગની તો તે બે આંખ છે, પ્રેમમાર્ગના પક્ષીની પાંખ છે- અવસર માં સેવા, અનવસરમાં કથા.

૩૧૦. આગ્રહથી કાંઈ કરાવે, તો સ્વામીને શ્રમથાય ને ! સ્વેચ્છાએ થાય તેમાં સુખ, પરેચ્છાએ થાય તેમાં પરિશ્રમ આ ભક્તિવિવેક છે.

૩૧૧. ભક્તોના જીવનમાં તો સ્વધર્મ સિવાય આગ્રહ ન હોય. આગ્રહ હોય તો વિગ્રહ થાય ! આગ્રહ વગર પણ ઈચ્છેલું કરાવવાનું સામર્થ્ય છે. - સ્નેહમાં. તેમાં તો-સમર્પણમાં સફલતા છે. ભક્તિમાર્ગની આ રમણીય કોમલતા છે.

૩૧૨. સમય અને શક્તિ પ્રભુસંબંધ વગર વ્યર્થ વેડફાયને ! કોઈ વર્તન એવું ન જોઈએ કે જેથી પ્રભુ-પ્રેમપૂર્ણ હૃદયમાં પરિવર્તન આવે, સંસારના આ વર્તન શરૂ થાય.

૩૧૩. આપણા હૃદયમાં તીવ્રતાપ જુએ, સાચો સદ્ભાવ જુએ તો પ્રકટ થાય, પ્રસન્ન થાય, પ્રાપ્ત થાય. પ્રભુ પ્રસન્ન થઈને પ્રત્યક્ષ મળ્યા નથી; ત્યાં સુધી આપણે પોતે પોતાને ભલે સારાં-સાચાં માનીએ કે મનાવીએ. પ્રભુએ તો યોગ્ય નથી જ માન્યા. નિર્દોષ પ્રભુ પધાર્યા છે તો વિશ્વરક્ષા માટે પોતાના સિવાય પ્રાણ જતાં જુએ, તો રક્ષા માટે જરૂર પધારે.

૩૧૪. સાચો સથવારો શ્રીહરિનો. જન્મથી મરણ સુધીમાં ક્ષણ પણ એકલાં આપણને તે નથી રાખતાં. હૃદયમાં અને વ્યાપક રૂપે પણ સદૈવ સાથે જ વિરાજે છે. આપણે તેમને દેખતા-ઓળખતા-જાણતા-માણતા નથી. તેથી વ્યર્થ વિકલ બની જઈએ છીએ. આ "સખા" ને સમજીએ સ્નેહ કરીએ, શરણાગતિ કરીએ. સંબંધ તેમની સાથે સુદૃઢ કરીએ, તો સંતાપ ક્યારેય કશો પણ ન લાગે.

૩૧૫. સંસાર તો સર્પ જેવો, સુંવાળો છતાં ભયંકર, વિષભર્યો ! અજ્ઞાન-અંધને અનુકૂળ લાગે, સમજતા-વિચારશીલને તો વ્યાકુળ બનાવે. દૃષ્ટ કે અદૃષ્ટ દ્વારા આપ જ તેને અટકાવનારા છો. મન તો આપનામાંજ આકર્ષાય છે. આપ જ અભયપ્રદ પતિ રૂપ જ છો.

૩૧૬. સર્વ ધર્મ છોડીને શરણે જનારને કૃષ્ણ કૃતાર્થ કરે જ છે ને ! પ્રભુનો અનન્ય બને, તેને માટે તો પ્રભુ પણ અનન્ય બને; પ્રમુમાટે સર્વ પરિત્યાગ કરનારનો પરિત્યાગ પ્રભુ ક્યારેય ન જ કરે, તેને માટે પ્રભુ સર્વ ત્યાગ કરે સર્વથા રક્ષા કરે જ.

૩૧૭. પ્રવાહમાં માત્ર કહી જવું-સાંભળી જવું, પણ વિચારવું કે પૂછવું

નહિ, તે તો પ્રમાદને પોષે છે.

૩૧૮. સાચો પ્રયત્ન તો શંકાનું સમાધાન સુયોગ્ય-સ્થળે મેળવવાનો થાય, તો શ્રદ્ધા સુદૃઢ બને.

૩૧૯. ભગવન્નામ લેવા માત્રથી પોતે અને સર્વ-શ્રોતા પણ પાવન થાય, તો ચરણસ્પર્શથી શું ના થાય?

૩૨૦. ભક્તોનાં ચિત્તતો ભગવાનને જ અનુસરે; ચુંબકીય-સોય જેમ ઉત્તર-દિશામાં જ રહે તેમ. બીજી કોઈ વસ્તુ તેમના ચિત્તને સ્પર્શે પણ નહિ.

૩૨૧. વિદ્યા તો વિનમ્ર બનાવે. વિદ્યા થી પણ ભગવાન્ ન મળે, કૃપાથી મળે. અભિમાન જતાં દીનતાથી મળે.

૩૨૨. મનમાં મનોરથ ભગવાનના થાય, વ્યર્થ કલ્પના કે વાતો નહિ. મંદિરે દર્શનમાં જતાં કે કથામાં જતાં-આવતાં સૌને શીખવા જેવો આ સદાચાર છે.

૩૨૩. ભગવન્માર્ગે ચાલે-જીવે તેને ભક્તિ થાય જ. ભક્તિ તો કામના કૃષ્ણની કરાવે; ચિંતા દૂર કરે.

૩૨૪. સૌ ભગવાનની માયાથી મોહિત થઈને, "હું-મારું"-કરતાં ભવમાં ભટકે છે. સ્વપ્નશાં સ્વજનસંગ-સુખને સાચાં સમજે છે. અનિત્યને નિત્ય સમજે છે. અંધ સૂર્યને ન દેખે, તેમ પરમાનંદદાતા પ્રભુ સુગમ છતાં આવા લોકોને દેખાતા નથી, પ્રભુને છોડીને સૌ મૃગજલ શાં સુખ પાછળ દોડે છે - વિમુખ બને છે.

૩૨૫. પ્રભુ હૃદયમાં પધારે, ભાવથી હૃદય ભરાઈ જાય, પછી ચિંતા રહી જ ક્યાં શકે?

૩૨૬. ઉત્તમવસ્તુ જોતાં પોતાને ભોગવવાનું મન થાયતો, ભવમાં ભૂલા પડાય, ભગવાનને ભોગ ધરવાનું મન થાયતો ભવમાં ભૂલેલા પણ પાર પહોંચી જાય.

૩૨૭. ભગવાનની ઉત્તમતા અને વસ્તુની ઉત્તમતા સમજીને, સ્નેહથી ઉત્તમરીતે અંગીકાર કરાવનાર તો પોતે ઉત્તમબની જાય.

૩૨૮. સઘળું ઘરનું કામકે જીવન વ્યવહાર પ્રભુની પ્રસન્નતાના વિચારથી કરવો.

૩૨૯. પ્રભુની તેમાં ભાવનાં કરતાં સઘળું કામકરતી વખતે પણ ઉત્કટ ભાવે પ્રભુનું ગાન કર્યા કરો.

૩૩૦. પ્રતિપલ પ્રભુનું-લીલાનું-ચિંતન કર્યા કરો.

૩૩૧. નિરાશા હોય ત્યાં નિષ્ફળતાને નિમંત્રણ દેવું ન પડે, સ્વતઃ આવે.

૩૩૨. ગુરુનો સંતોષ શું ન આપે !? ગુરુ પ્રસન્ન થાયતો યોગીને દુર્લભ વૈકુંઠ (લોક કે નાથ) આપી દે, સુલભ કરી દે.

૩૩૩. ભગવાનનાં બની ગયેલાં-ભગવદીયનું મન ભટકે નહિ, ભગવાન્ સિવાય બીજું કાંઈ તે ઈચ્છે પણ નહિ.

૩૩૪. ભક્ત દ્વારા જ્ઞાન મળે તો ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય. જ્ઞાની દ્વારા મળે તો જ્ઞાનમાર્ગમાં પ્રવેશ થાય.

૩૩૫. અમારાં શરીર-વાણી અને મન કૃષ્ણપરાયણ જ થાવ ! આ જ જીવન - સાફલ્ય છે, સર્વોત્તમ ઉત્કર્ષ છે. અમારાં મનની વૃત્તિઓ કૃષ્ણના ચરણકમલના આશ્રયવાળી થાવ! વાણી તેમનાં નામનું રટણ કરનારી થાવ ! કાયા તેમને વંદન વગેરેમાં હો ! સર્વફલદાતા ઈશ્વરની ઈચ્છાથી, કર્માનુસાર કયાંય પણ ભટકતાં અમારાં સર્વ મંગલાચરણથી, અમારી સર્વોત્તમ દૃઢરતિ ભગવાન્ કૃષ્ણમાં થાવ!

૩૩૬. સેવા-દર્શન વગેરે કરે, સાથે રહે, છતાં પ્રભુને પિછાને નહિ, તે દુર્ભાગી.

૩૩૭. સ્વામી સેવકને ત્યાં પધારે, તેથી સેવકનું મોટું માન-સૌભાગ્ય-બીજું શું હોય!

૩૩૮. અનર્થ આચરે તેનું અધઃપતન થાય.

૩૩૯. સઘળું સ્વાર્થ માટે કરનારો-સમજનારો-સંસારી જીવનભર સૌને પીડે, સ્વાર્થ સાધે. "મારી પાસે આટલું છે."-"અસ્તિ"; અને "હું આટલું મેળવીશ"-"પ્રાપ્તિ" તે બેમાં સદા મગ્ન રહેનારો, જીવન વ્યર્થ વેડફી દે, અંતે વૃદ્ધાવસ્થા આવે.

૩૪૦. ભક્ત તો ભય અને લોભ વગરનો હોય. ભક્તિથી વાસના પણ નષ્ટ થાય.

૩૪૧. ભક્તોનાં કાર્ય તો ભગવાન્ જ પહેલેથી કરી રાખે છે. ભક્તોને તો માત્ર નિમિત્તભૂત જ થવાનું ને !

૩૪૨. ઉદારતા ન હોયતો લોભથી બધા લાભ ગુમાવે, કલેશ થાય.

૩૪૩. પ્રભુપ્રાપ્તિના પ્રયત્નમાં પ્રબલ પ્રતીક્ષા, પ્રેમપૂર્ણ ભક્તો જ કર્યા કરે ને ?

૩૪૪. ભક્ત ભગવાનને મળવા આતુર છે, તો ભગવાન્ તો ભક્તને મળવાં અત્યાતુર છે !

૩૪૫. શરીર અને સંપત્તિ પ્રદર્શન માટે ન હોય; સાનુકૂળ સેવા માટે સુરક્ષિત રખાય.

૩૪૬. શરણસ્થનું રક્ષણ અને પોષણ અચિન્ત્ય- રીતે ભગવાન્ કરે છે.

૩૪૭. અવિશ્વાસ પ્રભુમાં કરે તેને નિઃશ્વાસ વિના શું મળે ?

૩૪૮. પિતૃમુખી કન્યા અને માતૃમુખ પુત્ર ધન્ય ગણાય.

૩૪૯. ભગવાન્ ભક્તિથી જેવા પ્રસન્ન થાય, તેવા બીજા કશાથી ન થાય.

૩૫૦. દ્વેષથી ક્લેશ પોષાય, શાંતિ શોષાય.

૩૫૧. લક્ષ્મીના દાસ તો અનેક, કૃષ્ણના દાસ તો કોઈક ! તેવા વિજ્ઞ તો

પૈસા માટે નહિ, પ્રભુ માટે પ્રયત્ન કરે.

૩૫૨. મનથી બગડે, અને મોંથી બબડે, તે સાચી સહનશીલતા નથી.

૩૫૩. વાણી વ્યગ્ર ન થાય, મન મલીન ન બને, સ્વાન્તઃમાંથી સ્નેહ ન ખૂટે, વર્તન ઉગ્ર ન બને, પ્રસન્ન-કોમલ-મધુર મંગલ રહીને, મૌનપણે, સંઘર્ષ વગર, સેવારત રહેવાય-તેવી મનની શક્તિ-સહનશીલતા. તેનાથી સૌ સહેલાઈથી વશ થઈ જાય, વિજય મળે.

૩૫૪. ભગવદ્ધર્મની અપેક્ષા રાખે, તેને અન્યધર્મો બાધક ન થાય.

૩૫૫. લોકમાં માન મળે કૃષ્ણપણાથી, પ્રેમથી કૃષ્ણના બની જવાથી.

૩૫૬. તીર્થ કે દેવ કે કોઈ પણ જીવ ભગવાનની સંમતિ વગર, ભગવાનના કે ભક્તના વિરોધીનો પક્ષ લે તો નષ્ટ થાય.

૩૫૭. કૃષ્ણચરણનું શરણતો કર્મ, જ્ઞાન અને ભક્તિમાર્ગમાં પણ અનિવાર્ય છે; છતાં સ્મૃતિ તેની સૌને રહેતી નથી. અવરોધો અનેક આવે છે. કૃપા કૃષ્ણ કરે, સદૈવ તેમનાં ચરણકમલની યાદ રહે, તો ફરીઆદ જીવનમાં કાંઈજ ન રહે ! ચરણધ્યાન કરનાર સર્વત્ર ફરે, છતાં તે નિર્ભય રહે.

૩૫૮. ભગવાનનું ચરણજલ સ્વર્ગમાં મન્દાકિની, પાતાલમાં ભોગવતી અને પૃથ્વી પર ગંગારૂપે સૌને પાવન કરે છે.

૩૫૯. ભગવાન્ કે ભગવદીયની નિંદા સાંભળતા જ ચાલ્યો ન જાય તેનું પતન થાય.

૩૬૦. જીવ કરવા કાંઈક ઈચ્છે અને થાય કાંઈક બીજું જ ! અદ્ભુત છે ને આ પણ ! આ વિશ્વ જ અદ્ભુત ચરિત છે ભગવાન્નું !

૩૬૧. ભક્તોની જીવનરીતિ પણ, સંસારીને ભીતિરહિત જીવનનીતિ શીખવીને, પ્રભુમાં પ્રીતિ કરાવે છે.

૩૬૨. જેના વગર જીવતા ન રહેવાય, જીવન વ્યવહાર અટકી પડે, તે જ

જરૂરિયાત; બાકીની તો જંજાળ !

૩૬૩. ભદ્રતા, મધુરતા, કોમલતા, સરલતા જો ભાષા અને ભાવમાં હોય તો સમજાવવામાં સફલતા જ મળે.

૩૬૪. સર્વને ભૂલી, છોડી, ભગવાનમાં મન પરોવે, તેને ફલ રૂપે ભગવાન્ જ મળે.

૩૬૫. ભક્તોના મુખે ભગવાનની વાતો સાંભળવાથી લૌકિક જીવોનો ઉદ્ધાર થાય.

૩૬૬. મહાપ્રભુજીની સેવા-કથામાં જેની આસક્તિ દઢ થાય, તે જીવનપર્યંત ભક્તિમાર્ગમાંથી નષ્ટ ન થાય.

૩૬૭. સેવ્યને સંતોષ થાય તે જ સેવા ! સેવકનું ચિત્ત તેમાંજ પરોવાયેલું હોય, તો જ તે બને ને ! માત્ર અમુક ક્રિયાઓ કરીને, સેવાનો સંતોષ પોતે ન માની લેતાં, કૃષ્ણ પ્રસન્ન થાય તેવો જીવનવ્યવહાર બને, તો કૃષ્ણસેવા કરી ગણાયને ! વાણી-વિચાર-વર્તન-વેષ, વ્યવહાર-વ્યવસાય-વિત્ત-વપુ વગેરે પ્રભુ પ્રસન્ન થાય તેવા, કૃષ્ણનિષ્ઠ, મંગલ-મધુર-મૃદુ જોઈએ.

૩૬૮. મન ચંચલ હોવાથી સુલભ ક્યાંથી થાય ? સઘળી સફળતા મળે છે ગુરૂભક્તિથી. મન વશમાં રહે તેમ નથી, તેમ જાણીને ડાહ્યા માણસે યોગ માટે યત્ન કરવો નહિ; ગુરુસેવાપરાયણ થઈને સદા ભક્તિ જ કરવી, તેની ટેવ પાડવી, આવર્તન કરવું.

૩૬૯. શાંતિ અને અભય ભગવાને પાસેથી જ મળે દયાયુક્ત જ્ઞાન, ભગવદ્ધર્મ, દયાયુક્ત વૈરાગ્ય, અણિમા વગેરે અષ્ટધા ઐશ્વર્ય, અંતઃકરણને નિર્મલ કરે તેવો યશ; ભગવાન્ દ્વારા જ સંભવે.

॥ શ્રીહરિઃ ॥

એકાદશ સ્કન્ધ

શ્રીગોવર્ધનનાથજીનું મસ્તક-મુક્તિલીલા (અન્યથા રૂપના ત્યાગ પૂર્વક સ્વરૂપમાં સ્થિતિ)-પ્રકરણ ૨-જીવમુક્તિ, બ્રહ્મમુક્તિ-કુલ અધ્યાય ૨૯ + ૨ = ૩૧

૩૭૦. વિશ્વના વિસ્મરણપૂર્વક કૃષ્ણાસક્તિ થાય છે. તેમને કઈ મુક્તિ બાકી રહે ?

૩૭૧. અવતારદશામાં ભગવાને ભક્તોને સ્વરૂપ દ્વારા કૃતાર્થ કર્યા. અનવરતારદશામાં કથાથી પણ સૌને કૃતાર્થ કરે છે.

૩૭૨. સેવામાં સંકટ ઘણાં, અંદરના દોષોરૂપ દૈત્યો અને બાહ્ય પરિસ્થિતિ રૂપ પાપ પીડ્યા કરે; છતાં શરણાગતિ અને સ્નેહ હોય ત્યાં શાપ કે પાપ શું કરે છે ?

૩૭૩. ભગવન્માર્ગમાં રહીને ભગવદ્ધર્મોનું શ્રવણ-સેવન કરવુ આવશ્યક છે. પ્રકટ છે તેનો પ્રભાવ, સાંભળતા જ તે સ્વાન્તઃને સ્વાનુકૂલ બનાવી દે છે.

૩૭૪. અભય માટે અચ્યુતની ચરણસેવા વિના અન્ય કોઈ સરલ અને સફલ ઉપાય નથી.

૩૭૫. સેવક તો સ્વામીનો સ્વભાવ જાણે ! અચ્યુત તો કોઈને ચ્યુતપણ ન થવા દે ને ! તેમની સમીપમાં જઈને યોગ્ય રીતે સેવન કરવું. તે ઉપાસના માત્ર ધ્યાન વગેરે નહિ, પણ ચરણકમલની ભક્તિ રૂપ તે છે. કમલતો શીતલતા, સુંદરતા, કોમલતા અને રસયુક્ત હોય. પ્રભુનાં ચરણકમલ - સેવનથી સર્વાત્મપણે સર્વ ભય દૂર થઈ જાય.

૩૭૬. પ્રેમવિહ્વલતાથી ઉતાવળમાં, ગુરુ કે શાસ્ત્રનું ઉલંઘન થતાં, કે સાધન ત્યાગ થતાં પણ, તેમાં નિષ્ફળતા કે ફલવિલંબ થાય નહિં, પ્રભુ પ્રસન્નતાથી પ્રાપ્ત થાય.

૩૭૭. આદર સૌનો છતાં અનન્યતા તો એકમાં, આમ, શરણાગતિ કરે તેને (૧) પ્રેમલક્ષણાભક્તિ (૨) ભગવદ્દનુભવ અને (૩) અન્યત્ર વૈરાગ્ય ત્રણે એક સાથે મળે; સ્વાદિષ્ટ ઉત્તમભોજન કરતાં, કોળીએ કોળીએ સંતોષ (સ્વાદ), પોષણ (સામર્થ્ય) અને ભૂખનાશ, ત્રણે સાથે મળે તેમ

૩૭૮. (પ્રતિમા કે ચિત્રાદિ) માં જ પ્રભુ છે. - તેમ સમજીને શ્રદ્ધાથી સેવે, પણ સર્વત્ર વિરાજતા પ્રભુને સમજે નહિ, ભગવદ્ભક્તો કે વિપ્ર વગેરેમાં ભાવ રાખે નહિ, તે તો પ્રાકૃત છે.

૩૭૯. પુષ્ટિમાર્ગમાં તો માયા સેવા માટે દાસી રૂપે ભગવાનનાં આશ્રયે રહેલી છે.

૩૮૦. મમતા કરાવનારાં ચાર - (૧) ધન (૨) ઘર (૩) સ્વજન (૪) પશુ ચારે ખૂબ મળે, પણ ટકે કેટલું ? તે તો સમયે ચાલ્યા જનારાં. તેમનાથી પ્રીતિ કે સુખ શું ? શ્રીવલ્લભાચાર્યજી તો ધન-ઘર-સંગનો ત્યાગ કરવાની આજ્ઞા કરે છે; તેમ ન બને તો, કૃષ્ણસેવામાં તેનો વિનિયોગ કરાવવાનો સરલ સન્માર્ગ સમજાવે છે.

૩૮૧. ઉત્તમકલ્યાણ જાણવા ઈચ્છનારે, જીવન્મુક્ત, શબ્દબ્રહ્મ-પરબ્રહ્મમાં નિષ્ણાત (શાસ્ત્ર-સેવા-નિપુણ), હૃદયમાં વૈધદીક્ષાની જેમભગવજજ્ઞાનનું સ્થાપન કરવા સમર્થ, ઈન્દ્રિયનિગ્રહપૂર્વક બ્રહ્મનિષ્ઠ હોય તેવા ગુરુને શરણે જવું.

૩૮૨. ગુરુ અજ્ઞાન દૂર કરે, જ્ઞાન દે. ગુરુકૃપા વિના જ્ઞાન ફલિત ન થાય. કપટ વગર અનુકૂલ થતાં, ગુરુ - પ્રભુ - સંતુષ્ટ થાય તો (૧) સંસાર પ્રવાહમાંથી બહાર કાઢે (૨) કર્મ અને; (૩) જ્ઞાનમાર્ગમાં પ્રવેશ કરાવે, (૪) ભગવતધર્મોનું હૃદયમાં સ્થાપન કરે. આ ક્રમે સંસાર શ્રમ દૂર થાય.

૩૮૩. (૧) મન જ માનવને મૂંઝવે છે. બધેથી મનને પાછું ખેંચી લેવું, (૨) ભગવાન્ માટે જ સત્સંગ કરવો (૩) દુઃખી-હીન ઉપર દયા રાખવી, કલ્યાણ ઈચ્છવું (૪) સમાન સાથે સ્નેહ રાખવો (૫) ઉત્તમપ્રત્યે આદર રાખવો (૬) પ્રાણીમાત્ર તરફ દેશકાલાનુસાર યથોચિત વ્યવહાર રાખવો. ભવપ્રવાહમાંથી શાંતિના આ છે છ ઉપાય.

૩૮૪. જેમ ભક્તિ સ્વતંત્ર છે, તેમ ગુરુ સેવા પણ સ્વતંત્ર રીતે ફલ દે છે.

૩૮૫. આ આદિનારાયણ, મર્યાદા-ભક્તિમાર્ગમાં મૂલભૂત છે. તેમના સ્વરૂપમાં આ ત્રિલોક સમાએલાં, તે આદિકર્તા આદ્યપુરુષપોતે ઉત્પત્તિમાં રજોગુણ થી બ્રહ્મા, સ્થિતિમાં સત્વગુણથી વિષ્ણુ અને લયમાં તમોગુણથી રુદ્રરૂપ છે, તેથી પ્રજામાં સતત ત્રણે ચાલે છે.

૩૮૬. અંતઃકરણ વશ ન હોય, કામનાઓ શાંત ન થઈ હોય, તેવા સામાન્યાધિકારી-પ્રાકૃતભક્તોએ ભગવાન્ વિરાજતા હોય ત્યાં રહીને, અલૌકિક ભગવદ્-ગાનથી, અન્યથાવાદ દૂર કરીને, શુદ્ધહૃદયે કૃષ્ણની સેવા કરવી.

૩૮૭. ભગવાનને ભજે નહિ તે તો ભવમાં ભટકે, પણ ભગવદ્ ભક્તોને અયોગ્ય આચરતા માની લઈને, નિંદા કરે, તેની તો કોઈ યોગ્યતા જ રહેતી નથી.

૩૮૮. અશાંત ઈચ્છાઓ તો અકળામણ અને અથડામણ આપે છે.

૩૮૯. અસંયમથી લોકો તો અનાચાર પણ આચરે છે.

૩૯૦. પુરુષરૂપ ભગવાનના મુખ, બાહુ, ઉરુ અને ચરણમાંથી ચારે વર્ણ પ્રકટ થયા છે. આશ્રમપણ પ્રભુમાંથી પ્રકટ્યા છે.

૩૯૧. સામાન્યસુખ માટે મથનારા, અભિમાનમત્ત થઈ ભક્તોનો ઉપહાસ કરનારા, વૃથાવાતો-વિચારો કરનારા, જીવન વ્યર્થ વેડફે છે.

૩૯૨. પરસ્ત્રી-સંગ, માંસ-ભક્ષણ અને મદ્યપાન તો માનવને દાનવ બનાવે છે.

૩૯૩. ધન તો માત્ર ધર્મ માટે છે, વૈભવ-વિલાસ માટે નહિ.

૩૯૪. ભગવદ્વિમુખ લોકો જીવતાં અને મર્યા પછી નરક દુઃખ જ ભોગવે છે.

૩૯૫. ભગવાનની પ્રસાદી સર્વવસ્તુઓથી જીવન વ્યવહાર ચલાવનાર, દાસધર્મ-પરાયણ ભક્તો તો માયાને જીતે છે.

૩૯૬. સત્પુરુષો સંયમપૂર્વક સર્વત્યાગથી પણ કઠિનતાથી સદ્ગતિ મેળવે છે.

૩૯૭. ભક્તો-ભૃત્યો-તો કૃષ્ણની વાતો કરીને સંસારસાગરને અનાયાસે સરલતાથી તરી જાય છે.

૩૯૮. વિશ્વને ભગવદાત્મક જોનારો, પુનઃ વિપત્તિ-સંસારને-પ્રાપ્ત થતો નથી.

૩૯૯. ઈન્દ્રિયોનું સુખ તો સ્વર્ગમાં અને નરકમાં પણ મળે છે. દેહધારીને ઈચ્છા વગર દુઃખ આવી પડે છે, તેમસુખ પણ સમયે મળે છે. સુજ્ઞે સુખની શોધ કરવી નહિ.

૪૦૦. પિંગલાએ આશા છોડી. આશા તો ફક્ત એક શ્યામની જ, બીજી આશા નિરાશાની.

૪૦૧. અન્ય ઈન્દ્રિયો જીતવાં છતાં, માનવ જીભ જીતે નહિ, ત્યાં સુધી તે જિતેન્દ્રીય નથી.

૪૦૨. જીભ જિતી તેણે જગ જિત્યું વૃથાસ્વાદ અને વૃથાવાદ છોડતાં આ શીખવે છે.

૪૦૩. વૈરાગ્યથી હૃદયમાં રમતાં પતિ-શ્યામ સમજાય.

૪૦૪. કૃષ્ણકૃપા હોય તો વિપત્તિમાં વૈરાગ્ય થાય, નહિ તો વિકલતા વધે.

૪૦૫. સમૃદ્ધિમાં હર્ષ અને વિપત્તિમાં વિષાદ ન કરવો.

૪૦૬. દેહ-વૈરાગ્ય-વિવેકમાં હેતુરૂપ છે. મોક્ષ કે પ્રભુસેવાનું સાધન બને તેવું શરીર છે. સંસારી સૌ શરીરમાં પ્રીતિ કરી, શરીર સુખ માટે મથે છે; દેહ તો વૃક્ષ જેવો, તેમાં વિકાર થયા કરે છે; પોતાનો લાગે છતાં પારકો ! ઈન્દ્રિયો વિષયમાં આકર્ષે, ભોગ-રોગમાં માનવજીવન વ્યર્થ વેડફાય છે. શરીર સુખતો પશુને પણ મળે છે. પ્રભુ તો પુરુષને પ્રકટ કરીને પ્રસન્ન થયા છે.

૪૦૭. પ્રકૃતિના ગુણો અને કર્મથી બચવા આ લોક કે પરલોકનાં સુખની ઈચ્છા છોડી, જીવે તો ભગવન્નિષ્ઠ થવું, શરીરને ભજે તે સુખી ન થાય.

૪૦૮. સર્વને પ્રભુવશ જાણનારને બંધન થતું નથી. તે બધી ઈચ્છાઓને દૂર કરી દે, સાનુકૂલતા દેનારની સ્તુતિ કે પ્રતિકૂલતા દેનારની નિંદા ન કરે, ગુણ દોષથી પર રહે, આત્મારામરહે, મનન પ્રભુનું કરે.

૪૦૯. કાયા, કુટુંબ, કંચન અને કલાને કૃષ્ણસેવાથી કૃતાર્થ કરવા.

૪૧૦. સાચો પુષ્ટિમાર્ગીય સત્સંગ જેને મળે તેના તો અન્યસંગ સઘળા છૂટી જાય.

૪૧૧. ભગવાન્ માટે જ ભગવદીયોનો સંગ તે સત્સંગ !

૪૧૨. ભગવત્સુખ માટે પણ પોતાના સિવાય અન્ય કોઈ દેખાયું નહિ !! ભગવાન્ વિના ક્ષણ પણ રહી ન શકતાં પ્રિયાજીઓને તો, ભગવાનને થતા ગોપીજનવિરહના વિચારે, પોતાના દુઃખ કરતાં પણ, પ્રિય પ્રભુનું દુઃખ અસહ્ય લાગે છે ! પુષ્ટિપ્રેમછે ને !

૪૧૩. ગીધ જેવા લોલુપ લોકો સંસારમગ્ન રહે છે ! હંસ જેવા વિવેકીજનો

સંસાર થી પર પ્રભુને ભજે છે.

૪૧૪. જીવનમાં ઉપયોગી બધી જ વસ્તુઓમાં, વિવેકબુદ્ધિથી વિચાર કરીને વ્યવહાર થાય.

૪૧૫. મનને મલિન બનાવે તેવા ખાવા-પીવાના કે વાપરવાના પદાર્થો, વિવેકી માનવથી ખવાય, પીવાય કે વપરાય નહિ.

૪૧૬. ડાહ્યા માણસે તો પ્રમાદ છોડવો, પ્રયત્ન કરવો.

૪૧૭. અજ્ઞાની તો વસ્તુકે વ્યક્તિને વિભુરૂપે જોતો નથી. ! પરિણામે સુખ-સાધન-સગવડ-સ્વજન માટે મથે છે; મુશ્કેલીમાં મુકાય છે; મૂંઝાય છે, અંતે વ્યર્થ મરે છે; પણ પ્રભુ માટે પ્રયત્ન કરતો નથી.

૪૧૮. ભગવાન્ કૃષ્ણને આત્મનિવેદન કરનાર, અંતઃકરણને પ્રભુમાં પરોવનાર, સર્વ તરફથી નિરપેક્ષ-ભક્તને, આત્મારૂપ ભગવાન્ દ્વારા જે સુખ મળે, તે વિષયમાં ચિત્તવાળા લોકોને ક્યાંથી મળે ? ભગવાન્થી જેના મનને સંતોષ છે, તેને તો સર્વત્ર સુખ જ છે.

૪૧૯. ભગવાન્માં ચિત્ત રાખનારને અન્યની ઈચ્છા પણ થતી નથી. ભગવત્સ્વરૂપબલથી જ તે તો સુખી છે.

૪૨૦. બ્રહ્મા, શંકર, સંકર્ષણ, લક્ષ્મીજી કે સ્વાત્માથી પણ, ભક્તો વધુ પ્રિય છે, ભગવાનને !

૪૨૧. ભગવાન્ કેવલ ભક્તિથી વશ થાય; અન્ય કોઈ સાધનથી નહિ, ભક્તિ જેવું કોઈ પાવક નથી.

૪૨૨. સિદ્ધિમાં સમાય નહિ, પ્રસિદ્ધિમાં પડે નહિ, તે કૈવલ્ય કે મોક્ષ ને પામે.

૪૨૩. આપણામાં દેખાતી કોઈ ઉત્તમતાને આપણી સમજીને અભિમાન ન કરવું, ભગવાનની દયાથી મળેલી સમજીને, ભગવાનને સાનુકૂલ રીતે શરણે રહેવું.

૪૨૪. શમ, દમ, તપઃ, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરલતા, ભગવદ્ભક્તિ, દયા અને સત્યઃ આ બ્રહ્મણ્યદેવતાનો સ્વભાવ છે. તે જેનામાં હોય તે બ્રાહ્મણ.

૪૨૫. સૌને ઉપકારક બનીને સ્વધર્માનુકૂલ જીવતાં, મુખ્ય-રીતે પ્રભુસેવારત રહેવાય, સુખ-સાધનો, સ્વજન, શરીરમાં આસક્ત ન થાય, આસક્ત બને તે અકળાતો રહે અથડાતો રહે.

૪૨૬. ધર્મ કે ભગવાનને જ મુખ્ય રાખીને, તે ધ્યેય માટે સૌ સ્વજન જીવે, તો એક ધ્યેયથી સૌ એક બને.

૪૨૭. કડવાશ, કંટાળો કે કઠિનતાથી કૌપીન પહેરવામાં તો કાયરતા છે.

૪૨૮. મૌનવ્રત-વાણીનોદંડ, કામનાત્યાગ-મનનો દંડ અને પ્રાણાયામ-દેહનો દંડ છે; આ આંતર-ત્રિદંડ વગર, બાહ્યદંડ ધરવાથી યતિ થવાય નહિ.

૪૨૯. સંસારસંબંધી વિષયોમાંના સુખદ લાગતા પદાર્થોમાં "ગુણ" ગણવો, દુઃખદમાં "દોષ" ગણવો - આ સમજ (દૃષ્ટિ) જ "દોષ" છે. સંસારમાં ગુણદૃષ્ટિથી ગણાતાં સુખ અને દોષદૃષ્ટિ ગણાતાં દુઃખ, બંનેનો ત્યાગ "ગુણ" છે.

૪૩૦. ભગવાન્ સાનુકૂલ છે, કૃપા છે; તેથી તો સુદુર્લભ મનુષ્યશરીર મળ્યું છે, માત્ર કોઈ સાધનથી નહિ. સંસારસાગર તરવામાં તે વહાણ જેવું ઉપયોગી છે. ઈન્દ્રિય-શક્તિ, સમજ વગેરેથી તે કાર્યસમર્થ છે. ગુરુ જેવા સફલ સુકાની છે. અન્ય કોઈ તો દ્રવ્ય લઈને જલાશયની પાર ઉતારે; આ તો ઉપદેશ દઈને પાર ઉતારે ! પવન સાનુકૂલ છે, -પ્રાણવાયુને શરીરમાં પ્રાણ હોય તો પ્રયત્ન કરી શકે ને ! ભગવાન્ કૃપા કરીને સાનુકુલ-માર્ગપ્રદ છે. આટલાં

સાધન સુલભ હોવા છતાં, સંસારસાગર તરવાનો પ્રયત્ન પણ ન કરે, તે તો આત્મઘાતી છે.

૪૩૧. અહંતા-મમતાનો નાશ થતાં, “હું કાઈ જ કરતો નથી” - તે સર્વથા અહંકાર દૂર થતાં, શરીરાભિમાની જીવ, જ્યારે પોતાના સ્વરૂપમાં રહેલો હોય ત્યારે, તે કૃતાર્થ (મુક્ત) કહેવાય છે. આપણું સ્થૂલશરીર તો દેખાય છે. લિંગશરીર સુક્ષ્મવાસનામય છે, દેખાતું નથી.

૪૩૨. “હું કરું છું-ભોગવું છું” - એ અહંકાર સંપૂર્ણ દૂર થતાં, જીવ પોતાના પ્રકાશધર્મમાં સ્થિત થાય, ત્યારે કૃતાર્થ કહેવાય.

૪૩૩. કષ્ટથી ઊંચાં સ્થાન મેળવે, પણ કૃષ્ણચરણનું સેવન ન કરે, અનાદર કરે, તેનું પતન થાય.

૪૩૪. ભગવાને સુંદર સ્વરૂપથી વિવિધ વિહારો કરી તેના પવિત્ર યશઃથી સૌની કૃતાર્થતા વિચારી.

૪૩૫. ભગવદીયોનું ભ્રમણ તો ભૂતલ પર પ્રાણીમાત્રનું પ્રિય કરવા માટે હોય છે. દેવ તો દુઃખ પણ દે સદાચાર અને મર્યાદાના રક્ષક સાધુતો સારું જ કરે.

૪૩૬. ભક્તોના ધર્મનું કાનથી શ્રવણ પછી વાણીથી અનુપઠન-કીર્તન, મનથી ધ્યાન, અથવા પ્રેમપૂર્વક આદર, કે માત્સર્ય વગર અનુમોદન પણ કરે તો; દેવ કે દુનીઆનો દ્રોહી પણ પાવન બને, ભક્તધર્મ આવો દિવ્ય, તો ભગવદ્ધર્મનો તો મહિમા કેવો ? !

૪૩૭. ઉત્તમ ભક્તોના સંગમાં ભગવદ્ધર્મો થાય, તો સફલ થવાય. પોતાનું ચિત્ત ન બગડે તેમ, તેમના લૌકિક-વ્યવહારો ન જોતાં, ભજન માટે જ ભક્તસંગ થાય.

૪૩૮. જેના મનમાં કામ ઉત્પન્ન થતો જ નથી, કદાચ ઉત્પન્ન થાય તો કર્મ

સંભવતુ નથી, કદાચ કર્મ કરે તો વાસના સંભવતી નથી, વાસુદેવ ભગવાનના અનન્ય આશ્રયે દઢ શરણાગતિ થી રહે છે, તે ભાગવતભક્તોમાં ઉત્તમછે.

૪૩૯. સર્વ કર્તવ્ય છોડીને સર્વાત્મભાવે ભગવાન્ કૃષ્ણને શરણે જનાર, કોઈનો ગુલામ કે ઋણી રહેતો નથી.

૪૪૦. વર્ણાશ્રમધર્મ તો, (૧) સમાજને સુવ્યવસ્થિત-એક-અખંડ, ભાવયુક્ત રાખે (૨) કુટુંબકલેશમાંથી બચાવે (૩) આજીવિકાને પણ યોગ્ય રીતે દે (૪) સૌને સુખ-શાંતિ દે (૫) કલ્યાણ કરે (૬) પ્રભુમાં પ્રીતિ દે.

૪૪૧. અન્યત્ર આથડતા, આસક્ત થતા મનને, સાત્ત્વિકબુદ્ધિથી વશમાં લઈ ભગવચ્ચિંતનમાં પરોવી દેવું.

૪૪૨. શ્રદ્ધાથી કથા વગેરેનું સેવન કરવું. વારંવાર આમ ભજતાં, હૃદયમાં પ્રભુ પધારે, કામના દૂર થઈ જાય. હૃદયમાં ભગવદ્દર્શન થતાં, અહંતા-મમતા વગેરે બંધનો ભેદાઈ જાય, સંશયો છેદાઈ જાય, કર્મો ક્ષય પામે.

૪૪૩. ભક્તિયુક્ત, પ્રભુપરાયણ, પ્રભુરતને તો ભક્તિમાં ઉપયોગ ન હોય તેવાં, જ્ઞાન-વૈરાગ્ય નકામા છે.

૪૪૪. દેખાતા કે સંભળાતા જગદ્રુપે ભગવાન્ જ સર્જાય છે. પ્રભુ પોતે સર્જે છે. વિશ્વરૂપ ભગવાન રક્ષાય છે, વિશ્વાત્મા પોતે જ રક્ષે છે. વિશ્વરૂપ ભગવાન હરાય છે, વિશ્વાત્મા ઈશ્વર પોતે જ હરે છે. અખિલ વિશ્વ અખંડ બ્રહ્મરૂપ છે.

૪૪૫. અહંકારયુક્ત જીવ, કાલરૂપે નિયામક થયેલા ભગવાનની કાલવ્યવસ્થાને વશ થઈને સર્વત્ર અથડે છે, અનેક ઉચ્ચ-નીચ યોનિઓમાં ભટકે છે. વિચિત્ર સંસાર છે. મનનશીલ માનવે

જગતના આદિ-મધ્ય-અંતમાં રહેલા કારણરૂપ ભગવાનને જાણવા.

૪૪૬. વેદમાં તો જ્ઞાનીઓને પણ મોહ થાય છે. નિર્મલ ચિત્તવાળા પ્રભુના શરણાગતને યથાર્થ જ્ઞાન થાય છે.

૪૪૭. અવિદ્યા યુક્ત સંસારી જીવને આત્માનું ભાન સ્વતઃ થતું નથી. પરમાત્મા તેનું દાન કરે છે.

૪૪૮. લોકો તિરસ્કાર કરે, છતાં કલ્યાણ-કાર્ય છોડવું નહિ. ભક્તો વિના આ કોનાથી બને ? !

૪૪૯. ગ્રહ, દેવતા, કાલ, કર્મ, જન વગેરે જીવના સુખ-દુઃખમાં કારણ નથી; પણ જીવે પોતે મનમાં કલ્પેલી અહંતા-મમતા રૂપ ભ્રાન્તિ, સુખ-દુઃખનું કારણ છે.

૪૫૦. મનની શાન્તિ તે પરમયોગ છે.

૪૫૧. ભગવાનના શરણાગતને કાલ-કર્મ કે સ્વભાવ કાંઈ કરી ન શકે.

૪૫૨. બધી ઈન્દ્રિયો મનને વશ છે ; મન કોઈને વશ નથી. મન ભયંકર દેવ છે, બલિષ્ઠ છે. તેને વશ કરે તે જ દેવ દેવ છે.

૪૫૩. મનથી થતી અહંતા-મમતાથી રાગ-દ્વેષમાં સૌ પીડાય છે.

૪૫૪. આ પ્રકૃતિ, પુરુષ અને કાલ તો બ્રહ્મ-ભગવાન્ જ છે.

૪૫૫. શ્રીહરિને સંતુષ્ટ કરી શકાય તેવું માનવ શરીર મેળવીને ભગવત્સન્નિષ્ઠ રહે તે આનંદનિધિ ભગવાનને પ્રાપ્ત કરે છે.

૪૫૬. સેવા સમજીને હર્ષ અને સ્નેહથી જ ભગવત્કાર્ય કરવાં, ભગવદ્ભક્તોના સહવાસમાં રહેવું.

૪૫૭. સુર-અસુર-મનુષ્ય-ભક્તોનાં જીવનમાંથી સદાચાર સમજીને સેવવો એકાકી કે સર્વસંગમાં, ઉલ્લાસથી ભગવાનનાં યથાર્થ સેવા-કથા વગેરે સત્ર કરવાં-કરાવવાં.

૪૫૮. ભગવદ્ભાવ ન થાય ત્યાં સુધી સૌનો સમાદર કરવો, મન, વાણી, કાયાથી, વ્યવહારવૃત્તિથી સર્વત્ર ભગવદ્ભાવ રાખવો. આ છે- સર્વથી સરલ, સુયોગ્ય ઉપાય.

૪૫૯. સ્પર્ધા, ઈર્ષા, તિરસ્કાર વગેરે દોષોથી દૂર રહેવું.

૪૬૦. પ્રભુની પ્રસન્નતાની બુદ્ધિથી થતાં કાર્યો આરંભવામાં નાશ થતો નથી, દોષ કે પ્રતિબંધ તેમાં સંભવતા નથી.

૪૬૧. "મારે ભગવાન્ જ જોઈએ છે"- એવો દૃઢનિર્ધાર કૃતાર્થ કરે.

૪૬૨. "બ્રહ્મવાદ (શુદ્ધાદ્વૈત)થી બુદ્ધિ કૃષ્ણમાં દૃઢ કરો"- બુદ્ધિથી દૃઢ શરણાગતિ અને સ્વાન્તઃથી સર્વોત્કૃષ્ણ સ્નેહ કોને કૃતાર્થ ન કરે ? આ જ્ઞાન હૃદયમાં રાખે, તેને પરબ્રહ્મ પ્રાપ્ત થાય.

૪૬૩. માનવ સર્વ કર્મ છોડે, કૃષ્ણને આત્મનિવેદન કરે; ત્યારે ભગવાન્ તે કૃપાપાત્રનો ઉદ્ધાર કરવા. -પોતાનો બનાવવા ઈચ્છે. -વરણ કરે; ત્યારે નિશ્ચિત રીતે તે જીવને અમૃતત્ત્વને પ્રાપ્ત થાય, ભગવાન્ તેને પુરુષોત્તમભાવ આપે.

૪૬૪. "ભક્તોના સંસારભયને દૂર કરવા, વેદ પ્રકટ કરનાર પ્રભુએ, ભ્રમરની જેમ વેદસાર-જ્ઞાનવિજ્ઞાન સાર-કાઢ્યો, મોહિનીરૂપે શરણાગત દેવોને અમૃતપાન કરાવ્યું હતું તેમ મનમોહન પુરુષોત્તમ ભગવાને આ સારરૂપ અમૃતનું નિજ ભૃત્યવર્ગને પાન કરાવ્યું તે શ્રીકૃષ્ણને હું નમું છું !"

૪૬૫. નિષ્કપટ શુદ્ધ સેવક ભાવે, સત્ય રીતે, આ ભગવાનને સુખ થાય તેમ, સમજીને સેવા કરે છે; તેનું સર્વરીતે ભરણપોષણ ભગવાન્ કરે છે.

૪૬૬. વાદળ વીંધીને જતી વિજળીની ગતિ કોઈને સમજાતી નથી, તેમ કૃષ્ણગતિ કોઈને સમજાતી નથી.

૪૬૭. ઈર્ષા-અવજ્ઞા-અનાચારથી પરસ્પર સંઘર્ષ માં સર્વનાશ થાયને !

૪૬૮. લોકોને આ ભાન કરાવે છે. કેશવે કુલોપસંહારલીલા કરી આ કર્મફલ નથી. ભગવદિચ્છાથી થતી લીલા છે.

૪૬૯. ધીમે ધીમે કૃષ્ણને સ્મરતાં, કૃષ્ણની પ્રસન્નતા માટે જ સર્વકર્મ કરવાં. ક્રિયાપ્રધાન-મન, અને જ્ઞાનપ્રધાન-ચિત્ત, પ્રભુમાં જ પરોવી દેવાં, ભગવદ્ધર્મોમાં અંતઃકરણપૂર્વક રતિ કરવી.

॥ શ્રીહરિઃ ॥

દ્વાદશ સ્કન્ધ

શ્રીગોર્વધનનાથજીનો ડાબો કરકમલ-આશ્રયલીલા (સર્વમાં ઉત્પત્તિ-સ્થિતિ-લય જેનાથી થાય છે તે બ્રહ્મમાં સ્થિર થવું)-કુલ પ્રકરણ-૫-શ્રીકૃષ્ણાશ્રય-જગદાશ્રય-વેદાશ્રય-ભક્તિયોગાશ્રય-શ્રીભાગવતાશ્રય-૩+૨$^{૧}/_{૨}$+૧$^{૧}/_{૨}$+૩+૩-કુલ અધ્યાય ૧૩

૪૭૦. ભક્તિયોગ; બીજા કોઈ કપોલકલ્પિત ઉપાયોથી કલ્યાણ ન થાય. પાપ અને પાખંડપ્રચુર આ કરાલ કલિકાલમાં તો પ્રાયઃ સૌ કપટ, કલેશ, કટુતા, કઠોરતા, કુભાવમાં ડૂબકાં ખાય છે ને ! કમાણી, કીર્તિ અને કામિનીની કામનાઓમાં કલ્યાણને કચડે છે.

૪૭૧. અશક્ય કે સુશક્ય સર્વકાર્યમાં, સર્વદા સર્વત્ર સરલપણે સફલ થવાય, સર્વથા શ્રીહરિની શરણાગતિથી.

૪૭૨. પાપીને પણ પીડયા વિના, દુષ્ટને દુભવ્યા વિના, નીચને નીચું જોવડાવ્યા વિના, ઉત્તમને અભિમાન આવવા દીધા વિના, ઉદારતાથી સૌનો ઉદ્ધાર કરે છે - આશ્રય !

૪૭૩. "ભગવાન્ મારા રક્ષક છે." - તેવું માત્ર ભાન થાય, તે તો આશ્રયના આરંભની નિશાની રૂપ છે. આ આશ્રય, ભક્તોની ભક્તિને પોષે તે ઉત્તમ!

૪૭૪. શ્રીઆચાર્યજીમાં, ભગવાનમાં, ભક્તિમાર્ગમાં કે આશ્રયમાં, વિશ્વાસ વગર તો વિકલ થવાય; સકલ સાધન કરવા છતાં સફલ ન થવાય.

૪૭૫. વિશ્વાસથી તો અંતિમ શ્વાસ સુધીમાં, નિઃશ્વાસ મૂકવાનો અવસર ન આવે.

૪૭૬. કમાણી અને કીર્તિમાં કચડાતા લોકોને કરાલ કાલ દેખાય છે તો

ખરો; પણ સમજાય છે ક્યાં ? આશામાં આંધળા બનીને આથડે છે ને સૌ ! સંપત્તિ તથા સત્તા શોધવામાં, અને ભોગવવામાં સ્વજનોને પણ સંઘર્ષ સદા સતાવે છે. સંતાપ તે સૌને કરાવે જ છે ને ! ચક્રવર્તીઓ પણ ચાલ્યા ગયા, માનવ માત્ર મરવાનો છતાં મોહ છૂટે છે કયાં ?

૪૭૭. કલિયુગમાં લોકો હીનદૃષ્ટિવાળા, વિષયલંપટ, દ્રવ્યહીન થશે; સ્ત્રીઓ ધર્મવિમુખ સ્વચ્છન્દી-થશે; સત્તાવાળાઓ પ્રજાને લૂંટનાર-પીડનારા થશે; પાખંડ પ્રસરશે; સાચા શાસ્ત્રસિદ્ધાંતો દુર્લભ થઈ જશે.

૪૭૮. ભગવાન્ કૃષ્ણ હૃદયમાં વિરાજતા, અંતઃકરણની જેવી સંપૂર્ણ શુદ્ધિ થાય તેવી શુદ્ધિ,વિદ્યા (શાસ્ત્રસેવન) તપ; સદાચાર કે સદ્‌વિચાર, દેવતાની ઉપાસના, પ્રાણાયામ, યોગ, વગેરે મૈત્રી સર્વપ્રત્યે દયા, કે સર્વહિત કાર્ય, તીર્થસેવન-સ્નાન, યાત્રા કે વાગ'; વ્રત, દાન કે જપથી પણ ન થાય.

૪૭૯. દોષનિધિ કલિનો એક મહાગુણ, કૃષ્ણકીર્તનથી જ કલિમાં કૃતાર્થ થવાય.

૪૮૦. સત્યયુગમાં કૃષ્ણધ્યાન, ત્રેતામાં યજ્ઞ અને દ્વાપરમાં પરિચર્યા દ્વારા જે ફલ મળે તે કલિમાં કૃષ્ણકીર્તનથી મળે.

૪૮૧. અનેક પ્રકારના દાવાગ્નિથી પીડાએલા, અતિદુસ્તર સંસારસાગરને તરવા ઈચ્છતા, લોકો માટે પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણના લીલા-કથારસના નિરંતર સેવનરૂપ નૌકા સિવાય બીજું કાંઈ તરવાનું, પાર ઉતરવાનું સલામત સાધન નથી.

૪૮૨. માયા મોહિત મન જ જીવને ભટકાવે છે, જગદીશનો થતાં અટકાવે છે.

૪૮૩. પોતાના હૃદયમાં વિરાજતા ભગવાનનું ચિંતન પોતે એકાગ્ર મનથી કરવું.

૪૮૪. કોમલ હૃદયના ભગવાન્ કે ભગવદીયોની કરુણાથી, આ કરુણા-કૃપા-પણ માત્ર આશીર્વાદ રૂપે નહિ; પણ આશાને પૂર્ણ કરતા અનાદિ-નિધન-હરિના શ્રવણરૂપે ફલિત થઈ છે.

૪૮૫. ભગવદ્‌લીલા શ્રવણથી ભગવત્‌સ્વરૂપ શ્રવણ જ ગણાય. કથા કૃષ્ણરૂપે મળે - તે ફલ. સંસારના સંતાપમાં સંતપ્ત જીવો પર, કોમલ કૃષ્ણ ભક્તો તો સ્વાભાવિક રીતે જ કૃપા કરે ને ! છતાં ઉપકાર ન ચઢાવે.

૪૮૬. સર્વત્ર અને હૃદયમાં ભગવાનને અનુભવે, ભગવાનને ગાય અને ભગવાનનો થાય.

૪૮૭. "હું-મારું" -એ તો દુર્જનતા છે. તેનાથી દુર રહે, તે પ્રભુપદને પામે. વિવાદ કે વૈર ન કરવું, ગુણાનુવાદ ભગવાનના ગાવા.

૪૮૮. ભગવાન્ તો ઉત્તમ-અધિકારી ભક્તો દ્વારા પણ ભક્તિનું દાન કરે છે.

૪૮૯. ભક્તો દ્વારા કૃપા થતાં સર્વજ્ઞ ભગવદનુકૂલ થવાય. તેવો ભક્તિમાર્ગ છે.

૪૯૦. ભગવાનનો મહિમા જાણી સ્નેહથી સર્વભાવે શરણે જવું. કામના કોઈ બીજી ન રાખવી.

૪૯૧. ભક્તોનો પણ મહિમા સમજી, તેમની પણ ભક્તિ કરવી.

૪૯૨. બ્રહ્મા વગેરે દેવો જેનું દિવ્ય-સ્તવન કરે, સામગાન કરનારા ગાન કરે. યોગીજન તેમાં મન પરોવીને ધ્યાન કરે, જેની પાર કોઈ પહોંચી શકે નહિ, તે દશલીલા વિશિષ્ટ-ભગવાન્ શ્રીકૃષ્ણને નમન.

૪૯૩: જીવ ભગવાનને બીજું શું કરી શકે ? ! (૧) શરણાગતિ અને (૨) સ્નેહ; તેમાં તો સમર્પણનો સુભગ સુમેળ છે. આ બે જ ઉપાય સૌને કૃતાર્થ થવા માટે છે.

૪૯૪. જીવનમાં સુખ-શાંતિ જોઈએ, સફલતા જોઈએ, અમૃત જેવા ઉત્તમ લાભ-મોક્ષ કે ભક્તિ-જોઈએ, તો તેનો સરલ ઉપાય છે, - (૧) સર્વભાવે શરણાગતિ શ્રીકૃષ્ણની (૨) સર્વભાવે સર્વસ્વ સમર્પણ-શ્રીકૃષ્ણને.

૪૯૫. શ્રીમદ્ ભાગવત રસાસ્વાદનું સેવન કરે તેને અન્યત્ર આસક્તિ ન સંભવે, કૃતાર્થ કૃષ્ણકૃપાથી થાય.

૪૯૬. શ્રીમદ્ ભાગવતનો આશ્રય ત્રિવિધ ફલ દે (૧) ગંગાવત - શુદ્ધિપ્રદ બને ભગવદીય બનાવે. (૨) અચ્યુત-ભગવન્માર્ગમાંથી ચ્યુત (ભ્રષ્ટ) ન થવા દે, સાયુજ્ય પ્રાપ્ત કરાવે. (૩) શંકરવત્-કલ્યાણ કરે, ભક્તિ આપે, ગુણગાનથી આનંદમગ્ન રાખે.

૪૯૭. શ્રીભાગવત અને ભગવાન્ કૃષ્ણ, પોતે જ "ફલ" છે- "રસ" પણ છે. તે સુલભ બને-શ્રીમદ્ભાગવતથી.

૪૯૮. શ્રીમદ્ભાગવત તો નિર્મલ પુરાણતિલક, વૈષ્ણવોનું પરમ પ્રિય જીવનધન છે. ધન તો માત્ર વ્યવહારમાં ઉપયોગી; આ તો આ લોક, પરલોકમાં સર્વોપયોગી ધનમાં અનર્થ સંભવે, ધન્ય ન થવાય. આ તો અનર્થ સર્વ દૂર કરે, ધન્ય બનાવે.

૪૯૯. શ્રીમદ્ભાગવત સકામને કઠિનતા વગર નિષ્કામબનાવે, નિષ્કકામને કૃષ્ણકામના દઈ કૃતાર્થ કરે. તેના શ્રવણ પ્રેમપૂર્વક પઠન, અને મનનથી ભક્તિ મળે, મુક્તિ શોધવી ન પડે; સંસાર બંધન, મરણભય, દુઃખ-દાવાગ્નિ દૂર થઈ જાય.

૫૦૦. સંસારસર્પ-દંશમાંથી પરીક્ષિતનો ઉદ્ધાર થયો તેમ સૌ સંસારી સંતપ્ત હોવા છતાં પણ, કૃષ્ણચરણ સેવનને જીવનનું મુખ્ય ધ્યેય બનાવીને, ભક્તની કૃપાપૂર્વક શ્રીમદ્ ભાગવતના સેવનથી કૃતાર્થ બને છે.

૫૦૧. શ્રી કૃષ્ણની આ વિસ્તૃત વાતોથી, ચિત્ત કૃષ્ણ ચરણે વિસ્તૃત થાય, તે તો ગુણપ્રદ છે. ચિત્ત કૃષ્ણમાં રહે, પરોવાય, તે તો સેવા ગણાયને! આ કૃષ્ણગાનમાંની સર્વ ઉત્તમતાઓ શ્રીકૃષ્ણ-શ્રીકૃષ્ણાસ્યની જ છે.

"॥ श्रीकृष्णः शरणं मम ॥"

શ્રીહરિઃ
“આનંદમય હરિની આનંદરૂપા લીલા”
શ્રીમદ્-ભાગવત-શાસ્ત્ર
રસ-મહાસાગર
પ્રકરણ - વિભાગ
પ્રથમ-સ્કન્ધ, કુલ પ્રકરણ - ૩, કુલ અધ્યાય - ૧૯
શ્રીગોવર્ધનનાથજીનો જમણો - ચરણકમલ
(અંતઃકરણની યોગ્યતા-રૂપ) **અધિકાર - લીલા**
(કથાના અર્થ પ્રમાણે, શ્રીવલ્લભાચાર્યજીના મતાનુસાર)

સામાન્ય પ્રકરણ (૧)	અસામાન્ય પ્રકરણ (૨)	ગુણાતીત પ્રકરણ (૩)
(અધ્યાય-૧ થી ૯)	(અધ્યાય-૧૦ થી ૧૮)	(અધ્યાય - ૧૯)

(કથાના દેશકાલાનુસાર, મતાન્તર પ્રમાણે)

	હીનાધિકાર પ્રકરણ (૧) (અ. ૧ થી ૩)	મધ્યમાધિકાર પ્રકરણ (૨) (અ. ૪ થી ૬)	ઉત્તમાધિકાર પ્રકરણ (૩) (અ. ૭ થી ૧૯)
શ્રોતા -	શૌનકાદિ-૮૮૦૦૦ ઋષિયો	મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસજી	રાજા પરીક્ષિત
વક્તા -	સૂતજી (ઉગ્રશ્રવા)	દેવર્ષિ નારદજી	ભગવાન્ શ્રીશુકદેવજી
સ્થળ -	નૈમિષારણ્ય	વ્યાસાશ્રમ-“શમ્યાપ્રાસ”-સરસ્વતી-તટે	*ગંગાતટ*
(કાલ) સમય -	“સહસ્રસમ”-સત્ર (પ્રસંગ)	વ્યાસજીનો મનઃખેદ	*રાજા પરીક્ષિતનો પ્રાયોપવેશ*

શ્રોતા-વક્તા-લક્ષણ

(૧) હીનાધિકાર-પ્રકરણ

(અ. ૧ થી ૩)

	અ. ૧	અ. ૨	અ. ૩
શ્રોતા -	જિજ્ઞાસા (જાણવાની ઈચ્છા, - વિચાર)	અમાત્સર્ય (અદેખાઈનો અભાવ)	શ્રવણાદર
વક્તા -	પરંપરાથી શ્રીભાગવતાધ્યયન	ચાતુર્ય	શ્રીભાગવતનું (ગૂઢ) રહસ્ય-જ્ઞાન

(૨) મધ્યમાધિકાર - પ્રકરણ

(અ. ૪ થી ૬)

	અ. ૪	અ. ૫	અ. ૬
શ્રોતા -	ભગવત્કૃપા	ભગવદીયત્વ	ભગવદેકત્વ
વક્તા -	ભગવત્કૃપા	ભગવદીયત્વ	ભગવદેકત્વ

(૩) ઉત્તમાધિકાર - પ્રકરણ

(અ. ૭ થી ૧૯)

બે ચરણ - બે હસ્ત - બે ઊરુ - બે બાહુ - બે સ્તન - હૃદય - મસ્તક

(આ બાર પુરુષોત્તમનાં અંગ છે; અંગી (પુરુષોત્તમ) તેરમા છે.) (દઢ-વૈરાગ્ય ભગવાનમાં એકતાનતા રૂપ છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન્ છે. તે બાર - અંગવાળા પુરુષથી અધિક છે, તેના સૂચક આ તેર અધ્યાય છે.)

શ્રોતા - દઢ-વૈરાગ્ય
વક્તા - દઢ-વૈરાગ્ય

દ્વિતીય-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૦
શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-ચરણકમલ


સાધન-લીલા
(દશલીલાવાળા ભગવાનનું શ્રવણ)
તત્ત્વધ્યાન
પ્રકરણ (૧)
(અ. ૧-૨)
હૃત્પ્રસાદ
પ્રકરણ (૨)
(અ. ૩ - ૪)
મનન
પ્રકરણ (૩)
(અ. ૫ થી ૧૦)


(૧) તત્ત્વધ્યાન-પ્રકરણ
(અ. ૧-૨)
સ્થૂલધ્યાન (વિરાટ્-પુરુષ-ધ્યાન)
(અ. ૧)
સૂક્ષ્મધ્યાન (પ્રાદેશમાત્ર-સ્વરૂપધ્યાન)
(અ. ૨)


(૨) હૃત્પ્રસાદ-પ્રકરણ
(અ. ૩-૪)
શ્રોતાના હૃદયની પ્રસન્નતા (શ્રદ્ધા)
(અ. ૩)
વક્તાના હૃદયની પ્રસન્નતા (શ્રદ્ધા)
(અ. ૪)


(૩) મનન-પ્રકરણ
(અ. ૫ થી ૧૦)
ઉત્પત્તિ
(અ. ૫ થી ૭)
અનિત્યમાં
જનન
(અ. ૫)
નિત્ય-પરિચ્છિન્નમાં
સમાગમ
(અ. ૬)
નિત્ય-અપરિચ્છિન્નમાં
પ્રાકટ્ય
(અ. ૭)
ઉપપત્તિ
(અ. ૮ થી ૧૦)
આશંકા
(અ. ૮)
ઉત્તર
(અ. ૯)
ફલ
(અ. ૧૦)

વિશેષ-વિચાર : આ સ્કન્ધના ત્રીજા અધ્યાયમાં શ્રોતાની શ્રદ્ધા (હૃદયની પ્રરાન્નતા) કહેલી છે. તેમાં શ્રોતા શૌનકની શ્રદ્ધા સ્પષ્ટ દેખાય છે, પરીક્ષિતની નહિ! ચોથા અધ્યાયમાં વક્તા શ્રીશુકની પ્રસન્નતા સ્પષ્ટ દેખાય છે, સૂતની નહિ! આવા સંદેહમાં સમાધાન સ્પષ્ટ છે. ત્રીજા અધ્યાયમાં પહેલા બાર શ્લોકમાં વિવિધ કામનાથી થતા અન્યદેવોના ભજનથી થતી બહિર્મુખતા અને શ્રીકૃષ્ણ-ભજનથી સર્વકામના અને મોક્ષની સુલભતા બતાવી છે. આમ, શ્રોતાના અનન્યભજન-પ્રોત્સાહનથી ઉત્તમ શ્રોતા પરીક્ષિતની તેવી શ્રદ્ધા નિશ્ચિત દર્શાવી છે. (તે પ્રથમસ્કન્ધમાં પણ છે.) બાકીના શ્લોકોમાં હીનાધિકારી શ્રોતા શૌનકની શ્રદ્ધા, સકામઃઅજ્ઞાની કે નિષ્કામજ્ઞાની માટે પણ ભગવદ્-ભજન વગર દેહ-ઈન્દ્રિયોની નીષ્ફલતાના નિરૂપણથી, સંદેહ ન રહે તેમ, દર્શાવી છે. આમ, પ્રત્યાહાર-ન્યાયે, મધ્યમાધિકારીની શ્રદ્ધા પણ ઉક્તપ્રાય છે. ચોથા અધ્યાયના પહેલા અગિયાર શ્લોકો શ્રોતા પરીક્ષિતની શ્રદ્ધા (ઉત્સાહ), (પ્રસન્નતા)ના સૂચક છે. તે પૂર્વશેષ-રૂપ છે. પછીના શ્લોકો નમન-પ્રાર્થના-થી ઉત્તમ-વક્તા વિરક્ત શ્રીશુકની પ્રસન્નતા (શ્રદ્ધા-ઉત્સાહ)ના સૂચક છે. વક્તાના અધિકાર-વિચારે આ બંને તેના જ ભાગરૂપ છે. સૂતજીએ કહેલા પહેલા ચાર શ્લોકો સ્વોત્સાહ-બોધક છે. અહીં પણ પ્રત્યાહાર-ન્યાયે, મધ્યમાધિકારી-વક્તા પણ ઉક્ત પ્રાય છે. આમ, સર્વ શ્રોતા-વક્તા-નો ઉત્સાહ (શ્રદ્ધા - હૃદયની પ્રસન્નતા) અહીં સિદ્ધ છે.

તૃતીય-સ્કન્ધ, કુલ પ્રકરણ-૧૦, કુલ અધ્યાય-૩૩
શ્રી ગોવર્ધનનાથજીનો જમણો-બાહુ

(લૌકિક-અલૌકિક) સર્ગ-લીલા
(ભૂત-માત્રા-ઈન્દ્રિય-બુદ્ધિનો જન્મ)


બંધસૃષ્ટિ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૧૯)
મુક્તસૃષ્ટિ
પ્રકરણ (૨)
(અ-૨૦ થી ૩૩)

(૧) બંધસૃષ્ટિ-પ્રકરણ
(અ. ૧ થી ૧૯)


(સ્વતઃ ભગવાન્ કરે છે)
ગુણાતીત
પ્રકરણ (૧)
(અ-૧ થી ૬)
સગુણસૃષ્ટિ
પ્રકરણ (૨)
(અ-૭ થી ૯)
કાલસૃષ્ટિ-(તત્ત્વસૃષ્ટિ)
પ્રકરણ (૩)
(અ-૧૦ થી ૧૧)
(ભગવદિચ્છાથી થાય છે.)
મુક્તજીવ-સૃષ્ટિ (તથા નામ-સૃષ્ટિ)
પ્રકરણ (૪)
(અ-૧૨)
મુક્તજીવ-સૃષ્ટિ (ઉપોદ્ઘાત)
પ્રકરણ (૫)
(અ-૧૩ થી ૧૯)

(૨) મુક્તસૃષ્ટિ-પ્રકરણ
(અ. ૨૦ થી ૩૩)


તત્ત્વમુક્તિ
પ્રકરણ (૬)
(અ-૨૦ થી ૨૪)
કાલમુક્તિ
પ્રકરણ (૭)
(અ-૨૫)
ગુણાતીત-મુક્તિ
પ્રકરણ (૮)
(અ-૨૬-૨૭)
સગુણમુક્તિ
પ્રકરણ (૯)
(અ-૨૮)
જીવમુક્તિ
પ્રકરણ (૧૦)
(અ-૨૯ થી ૩૩)

તૃતીય-સ્કન્ધ

(મૈત્રેય-મતાનુસારી પ્રકરણ-વિભાગ)


અધિકાર
પ્રકરણ (૧)
(અ-૧ થી ૪)
સર્ગ (સૃષ્ટિ)
પ્રકરણ (૨)
(અ-૫ થી ૧૨)
ઉપપત્તિ
પ્રકરણ (૩)
(અ-૧૩ થી ૨૦)
ફલ (મુક્તિ)
પ્રકરણ (૪)
(અ-૨૧ થી ૩૩)
ગુણાતીત
(૧)
(અ-૫-૬)
સગુણ
(૨)
(અ-૭ થી ૯)
કાલ
(૩)
(અ-૧૦)
તત્ત્વ
(૪)
(અ-૧૧)
મુક્ત (જીવ)
(૫)
(અ-૧૨)
મોક્ષ
(૬)
(અ-૧૩)
બંધ
(૭)
(અ-૧૪ થી ૨૦)
ભક્તિ
(૮)
સાંખ્ય
(૯)
યોગ
(૧૦)
પુંમુક્તિ
(અ-૨૧ થી ૨૪)
સફલામુક્તિ
(અ-૨૫)
(અ-૨૬-૨૭)
યોગ
(અ-૨૮-૨૯)
વૈરાગ્ય
(અ-૩૦-૩૧)
સર્વનિર્ધાર
(અ-૩૨)
મુક્તિ
(અ-૩૩)

ચતુર્થ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૪, કુલ અધ્યાય-૩૧
શ્રી ગોવર્ધનનાથજીનો ડાબો-બાહુ


વિસર્ગ-લીલા
(પુરુષાર્થ)
ધર્મ પ્રકરણ (૧)
(અ-૧ થી ૭)
અર્થ પ્રકરણ (૨)
(અ-૮ થી ૧૨)
કામ પ્રકરણ (૩)
(અ-૧૩ થી ૨૩)
મોક્ષ પ્રકરણ (૪)
(અ-૨૪ થી ૩૧)
(૧) ધર્મ-પ્રકરણ
(અ-૧ થી ૭)
અગ્નિષ્ટોમ
ઉક્થ્ય
ષોડશી
અતિરાત્ર
અપ્ત
અર્યામ
વાજપેય
(સાત-યજ્ઞ-સંસ્થા)
(૨) અર્થ-પ્રકરણ
(અ-૮ થી ૧૨)
સાધનથી
(અ-૮)
સાધ્યથી
(અ-૯)
મનૂપદેશથી
(અ-૧૦)
દોષનિવૃત્તિથી
(અ-૧૧)
ફલપ્રાપ્તિથી
(અ-૧૨)
(૩) કામ-પ્રકરણ
(અ-૧૩ થી ૨૩)
પૃથુ-આવિર્ભાવ-પ્રકરણ
(અ-૧૩ થી ૧૬)
સર્વકામ-પ્રકરણ
(અ-૧૭ થી ૧૮)
સ્વકામ-પ્રકરણ
(અ-૧૯ થી ૨૩)
(૪) મોક્ષ-પ્રકરણ
(અ-૨૪ થી ૩૧)
બ્રહ્મભાવ-પ્રકરણ
(અ-૨૪ થી ૨૮)
સાયુજ્ય-પ્રકરણ
(અ-૨૯ થી ૩૧)

વિશેષ - વિચાર : ૧. **ધર્મ**નું ફલ ભગવત્પ્રાપ્તિ છે; ૨. **અર્થ** અલબ્ધપૂર્વ (પહેલાં કોઈને ન મળ્યો હોય તે) છે; ૩. **કામ** લબ્ધપૂર્વ (પહેલાં પ્રાપ્ત) છે; ૪. **મોક્ષ** બ્રહ્મભાવ (જીવન્મુક્તિ) અને (જીવ) મુક્તિ-રૂપ છે. બીજાં સાધનોની મર્યાદાથી પ્રાપ્ત થાય તેવાં ધર્મ-અર્થ-કામ-મોક્ષને ભગવાને પોતાના સામર્થ્યથી દક્ષ-ધ્રુવ-પૃથુ-પ્રચેતસને પ્રાપ્ત કરાવ્યાં. તે ભગવાનના પૌરુષ (સામર્થ્ય)થી થતી લીલા અહીં કહેલી છે. આ મોક્ષસાધક વિસર્ગ છે.

પંચમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૬, કુલ અધ્યાય-૨૬
શ્રી ગોવર્ધનનાથજીનો જમણો-ઊરુ

સ્થાન-લીલા

(વિકુંઠ-વિજય, પદાર્થોનું તેમની તેમની મર્યાદામાં સ્થાપન)

(પ્રાકૃત-અપ્રાકૃત-પદાર્થમાત્રને વશ કરવાની પ્રભુની લીલા સ્થાનલીલા છે.)

સ્થાન (સ્થિતિ) (રૂઢાર્થ પ્રમાણે)


પ્રાકૃત-પદાર્થ જય
પ્રકરણ (૧)
(અ-૧ થી ૨૪)
આત્માનો જય
પ્રકરણ (૨)
જીવ (આત્મા)
(અ-૨૫)
બ્રહ્મ (પરમાત્મા)
(અ-૨૬)

(જેના આધારે રહેવામાં આવે તે સ્થાન, સ્થિતિ તે જ સ્થાન. અમુક પુરુષને અમુક કર્મ કરવાથી અમુક સ્થાન મળે, તે સ્થિતિ (મર્યાદા-નિયમ) છે. તેવો પ્રભુનો વિશિષ્ટ-જય દેશ-કાલ આત્મામાં છે.)

સ્થાન-લીલા (યૌગિકાર્થ પ્રમાણે)


દેશ
ભૂઃ
ભુવઃ
સ્વઃ
કાલ
આત્મા
જીવાત્મા
પરમાત્મા
(૧૨) માસ
(૫) ઋતુઓ
(૩) લોકો (ત્યાં વસનારા)
(૧) આદિત્ય (સૂર્ય)

(હેમંત - શિશિરને એક ગણીને ઋતુઓ પાંચ છે.)

(દેશ-કાલ-આત્મામાં એક સાથે સ્થિતિ માત્ર ભગવાન્ જ કરી શકે છે. તે ભગવાનનો વિજય છે. તેમાં કાલ ભગવાનની ચેષ્ટા-રૂપ હોવાથી ભગવદ્વશ છે, સ્વરૂપસ્થિતિમાં વિઘ્ન-રૂપ નથી, તેથી બે જ વિભાગ રહે છે,-આત્મા કે સ્વરૂપમાં સ્થિતિ અને દેશ-સ્થિતિ)

સ્થાન (લીલા)


સ્વરૂપ (આત્મા-કાલ)માં સ્થિતિ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૧૫)
ભગવાનથી
પ્રકરણ (૧)
(અ-૧ થી ૬)
યોગથી
પ્રકરણ (૨)
(અ-૭ થી ૧૪)
જ્ઞાનથી
પ્રકરણ (૩)
(અ-૧૫)
દેશમાં સ્થિતિ
પ્રકરણ (૨)
(અ-૧૬ થી ૨૬)
ભૂઃ
પ્રકરણ (૪)
(અ-૧૬ થી ૨૦)
ભુવઃ
પ્રકરણ (૫)
(અ-૨૧ થી ૨૩)
સ્વઃ
પ્રકરણ (૬)
(અ-૨૪ થી ૨૬)

વિશેષ - વિચાર : ૧. મહાપુરાણનાં દશ લક્ષણોમાં ત્રીજું "વૃત્તિ" છે. લૌકિકરીતે, આજીવિકા સૌની સ્થિતનું સાધન છે. અહીં સૌને સૌની મર્યાદામાં સ્થાપવામાં કારણભૂત ભગવાનની જે "સ્થિતિક્રિયા" તે "સ્થાન" છે. આમ, સ્થિતિના સાધનમાં આજીવિકા અને ભગવાનની સ્થિતિક્રિયા સમાન હોવા છતાં પણ, જેમ ચોથા સ્કંધમાં મોક્ષસાધક વિસર્ગ કહેલ છે. તેમ, અહીં મોક્ષસાધક સ્થિતિસાધન પણ અલૌકિક કહેલ છે. ચોથા સ્કન્ધમાં, અન્ય સાધન-મર્યાદાથી મળતાં ધર્માદિ પુરુષાર્થ દક્ષાદિને ભગવાને પોતાના પૌરુષ (સામર્થ્ય)થી પ્રાપ્ત કરાવ્યાં; તે લીલા કહી છે. અહીં પંચમસ્કંધમાં તો ભગવાનની મર્યાદા-રૂપા જ લીલાનું નિરૂપણ છે. તે અલૌકિક સ્થાનલીલા છે. ૨. સર્વ વેદોનું તાત્પર્ય તો બ્રહ્મમાં જ છે, તેથી તેમાં સંસારાસક્તોને વૈદિકકર્મમાં પ્રેરવા માટે કહેલાં ત્રિલોકસ્થિતિ-રૂપ ફલ દેતાં કર્મો વેદોક્ત હોવા છતાં વેદમાર્ગીય નથી. વેદમાર્ગ તો ચિત્તશુદ્ધિ કરાવતાં કર્મથી આત્મામાં; અને ભગવાન્ આત્મા છે,- તેવા જ્ઞાનથી પરમાત્મામાં સ્વરૂપ-સ્થિતિ કરાવે છે, તેથી તેનું જુદું પ્રકરણ નથી. ૩. બધા ગ્રહોને કાલના ગુણરૂપે હોય તેમ ભગવાન્ જ જ્યોતિશ્ચક્રમાં મૂકે છે. તે પણ કાલ પર વિજય છે. બધાં કર્મનું ફલ ભગવાન્ જ દે છે. કર્મ ભગવદ્રૂપ છે. આ પ્રભુનો કર્મ પર વિજય છે. જીવોનું કર્તૃત્વ પણ ભગવાનથી જ છે. વેદો પણ સ્વરૂપસ્થિતિ સ્વસામર્થ્યથી નહિ, ભગવાનના સામર્થ્યથી જ કરાવે છે. વેદો પ્રભુપરાયણ છે. ભગવાન્ નિ:સંગ છતાં મુક્તજીવોના આધાર-રૂપ છે. આમ, આત્મા પર પણ ભગવાનનો વિજય છે. અન્યથી આ કાલ-દેશ-આત્મા-પર વિજય સંભવતો નથી. આ ત્રણેની સ્વેચ્છાથી સ્થિતિ બદલવાનું પણ સામર્થ્ય પ્રભુનું છે.

ષષ્ઠ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૯
શ્રી ગોવર્ધનનાથજીનો ડાબો-ઊરુ

પોષણ-લીલા
(ભગવાનનો અનુગ્રહ)


નામ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૩)
શ્રવણ (અ-૧)
કીર્તન (અ-૨)
સ્મરણ (અ-૩)
ધ્યાન
પ્રકરણ (૨)
(અ-૪ થી ૧૭)
*રૂપના ચૌદ ગુણો (અ-૪ થી ૧૭)
અર્ચન
પ્રકરણ (૩)
(અ-૧૮-૧૯)
બાહ્ય (અ-૧૮)
આભ્યન્તર (આન્તર) (અ-૧૯)

* (૧) રૂપથી-મોક્ષદાતા, (૨) રસ વડે-આનન્દદાયક, (૩) ગન્ધ દ્વારા-ભક્તિપ્રદ, (૪) સ્પર્શથી-સર્વસંતાપશામક, (૫) નાદથી-મનોહર, (૬) યોગ વડે-સ્વરૂપમાં પ્રવેશપ્રદ, (૭) દ્વેષથી-મૃત્યુ પછી મોક્ષદાતા, (૮) સ્વામિરૂપે-સર્વસુખપ્રદ, (૯) હીનભાવે-દુઃખદ, (૧૦) કેવલ (સત્ય)-રૂપે-સકલ પુરુષાર્થપ્રદ, (૧૧) જ્ઞાનથી-યોગદાતા, (૧૨) ભિન્નરૂપે (જાણવાથી) -મૃત્યુપ્રદ, (૧૩) જેવા છે તે જ્ઞાનથી-જ્ઞાનદ, (૧૪) સ્નેહથી-વશ થનારા.

પુષ્ટિ (કર્મ-કાલ-સ્વભાવ-બાધક ભગવત્સામર્થ્ય)


કર્મ
અધિષ્ઠાન (અ-૧)
કર્તા (અ-૨)
કરણ (અ-૩)
ચેષ્ટા (અ-૪)
દૈવ (અ-૫)
કાલ
બાર માસ (કુલ) (અ-૧૨)
સ્વભાવ
દૈવ (અ-૧)
આસુર (અ-૧)

સપ્તમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૫
શ્રી ગોવર્ધનનાથજીનો જમણો-કરકમલ

ઊતિ-લીલા
(કર્મ-વાસના)


અસદ્વાસના
પ્રકરણ (૧)
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ) અથવા (અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા, દૈવ)
(અ-૧ થી ૫)
સદ્વાસના
પ્રકરણ (૨)
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ) અથવા (અધિષ્ઠાનાદિ પાંચ)
(અ-૬ થી ૧૦)
મિશ્રવાસના
પ્રકરણ (૩)
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ) અથવા (અધિષ્ઠાનાદિ પાંચ)
(અ-૧૧ થી ૧૫)


કર્મ
આધ્યાત્મિક
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ) અથવા (અધિષ્ઠાનાદિ પાંચ)
આધિદૈવિક
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ) અથવા (અધિષ્ઠાનાદિ પાંચ)
આધિભૌતિક
(અ-૫)
(અવિદ્યાનાં પાંચ પર્વ) અથવા (અધિષ્ઠાનાદિ પાંચ)

અષ્ટમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૪, કુલ અધ્યાય-૨૪
શ્રી ગોવર્ધનનાથજીનો જમણો-સ્તન

મન્વન્તર-લીલા
(પ્રાકૃત-વાસના-નાશક-સદ્ધર્મ)


હરિસંસ્મરણ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૪)
ધર્મ
(અ-૧)
અર્થ
(અ-૨)
કામ
(અ-૩)
મોક્ષ
(અ-૪)
દાન
પ્રકરણ (૨)
(અ-૫ થી ૧૪)
સ્વોક્ત-નિર્વાહ
પ્રકરણ (૩)
(અ-૧૫ થી ૨૩)
સાધન પ્ર.
(અ-૧૫ થી ૧૭)
દાન પ્ર.
(અ-૧૮ થી ૨૦)
દાનફલ પ્ર.
(અ-૨૧ થી ૨૩)
મત્સ્યચરિત
પ્રકરણ (૪)
(અ-૨૪)
સત્ત્વસત્ત્વ
સત્ત્વરજ
સત્ત્વતમ
રજસત્ત્વ
રજોરજ
રજસ્તમ
તમસત્ત્વ
તમોરજ
તમસ્તમ
નિર્ગુણ

નવમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૨, કુલ અધ્યાય-૨૪
શ્રી ગોવર્ધનનાથજીનો ડાબો-સ્તન

ઈશાનુકથા-લીલા
(હરિના અવતાર અને તે (ઈશ)ને અનુસરનારાઓની કથા)


હરિના અવતાર
તે (ઈશ) ને અનુસરનારાઓ

ઈશાનુકથાનું ફલ
(અ-૨૪)


દુઃખ-નિવારણ
(મર્યાદા-ભક્તિ-કથા)
(અ-૧ થી ૧૩)
(ત્રિગુણ-મિશ્રણથી)
(સગુણ, હરિને અનુસરનારાઓ દ્વારા)
(અ-૧ થી ૯)
ભગવચ્ચરિત્ર દ્વારા
(અ-૧૦ થી ૧૨)
(હરિને અનુસરનારા)
(જ્ઞાની દ્વારા)
(અ-૧૩)
જ્ઞાનનિષ્ઠ ભક્તકથા
સુખ-પ્રાપણ
(પુષ્ટિ-ભક્તિ-કથા)
(અ-૧૪ થી ૨૪)


સુખ - પ્રાપણ
હરિને અનુસરનારાઓ દ્વારા
(અ-૧૪ થી ૨૩)
ભગવાનથી
(અ-૨૪)
(હરિને અનુસરનારા)
કર્મ
(અ-૧)
શ્રીરામ-ચરિત ક્રિયાશક્તિ
(અ-૧૦)
ભક્તિ
(અ-૧)
શ્રીરામ-ચરિત ભક્તિનિષ્ઠા
(અ-૧૧)
જ્ઞાન
(અ-૧)
શ્રીરામ-પુત્રવંશ જ્ઞાનશક્તિ
(અ-૧૨)
દેવકૃપાયુક્ત ભક્તકથા
(અ-૧)
દેવરૂપ ભક્તકથા
(અ-૨)
દેવપોષક ભક્તકથા
(અ-૩)
સર્વાત્મભાવ યુક્ત ભક્તકથા
(અ-૪)
ભક્તમહિમા, બ્રહ્મભાવ કરતાં ભક્તિની શ્રેષ્ઠતા
(અ-૫)
બ્રહ્મસમ ભક્તકથા
(અ-૬)
ધૈર્યયુક્ત લોકોદ્ધાર પરાયણ ભક્તકથા
(અ-૭)
સ્થિરકાર્ય કર્તા લોકોદ્ધાર સ્વભક્ત કથા
(અ-૮)
પરમલોકોપકારક ઉદ્ધારક ભક્તકથા
(અ-૯)
સ્વાનુભવ-પુષ્ટભક્તકથા
(અ-૧૪)
શ્રીપરશુરામ ચરિત
(અ-૧૫)
શ્રીપરશુરામ ચરિત
(અ-૧૬)
ભોગયુક્ત વૈદિક ભક્તકથા
(અ-૧૭)
શુદ્ધાન્તઃકરણ યુક્ત ભક્તકથા
(અ-૧૮)
ભોગરત ભક્તકથા
(અ-૧૯)
અતિસમર્થ ભક્તકથા
(અ-૨૦)
અતિધૈર્યયુક્ત ભક્તકથા
(અ-૨૧)
સમર્થધીર ભક્તકથા
(અ-૨૨)
પરમભક્તિયુક્ત ભક્તકથા
(અ-૨૩)
ભક્તિના ફલરૂપ ભગવત્પ્રાદુર્ભાવ
(અ-૨૪)
ઈશાનુકથા લીલા
(અ-૨૪)
સૂર્યવંશ પ્રકરણ (૧)
(અ-૧ થી ૧૨) અથવા (અ-૧ થી ૧૩)
ચન્દ્રવંશ પ્રકરણ (૨)
(અ-૧૩ થી ૨૪) અથવા (અ-૧૪ થી ૨૪)

* અથવા
૧. સૂર્યવંશમાં-ચન્દ્રવંશ-ઉપક્રમ-પ્ર. - અ. ૧
૨. સૂર્યવંશ પ્ર. અ-૨ થી ૧૩
૩. ચન્દ્રવંશ પ્ર. અ-૧૪ થી ૨૪

દશમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૫, કુલ અધ્યાય-૮૭+પ્રક્ષિપ્ત અ-૩
શ્રી ગોવર્ધનનાથજીનું-હૃદય

નિરોધ-લીલા

(૧. વિશ્વમાં પોતાની શક્તિયો સાથે ભગવાનની લીલા, પોતાની શક્તિયો સહિત ભગવાનનું અનુશયન;)
(૨. ભક્તોની પ્રપંચ-વિસ્મૃતિ-પૂર્વક ભગવદાસક્તિ), (૩. ભક્તોના પ્રપંચનો અભાવ, અલૌકિક-દેહની પ્રાપ્તિ)


જન્મ-પ્રકરણ
પ્રકરણ (૧)
(અ-૪)
તામસ-પ્રકરણ
પ્રકરણ (૨)
(અ-૨૮)
રાજસ-પ્રકરણ
પ્રકરણ (૩)
(અ-૨૮)
સાત્ત્વિક-પ્રકરણ
પ્રકરણ (૪)
(અ-૨૧)
(સાત્ત્વિકોમાં (પ્રમાણ) જ્ઞાન સ્વાભાવિક હોવાથી અહીં પ્રમાણ-પ્રકરણ નથી.)
ગુણ-પ્રકરણ
પ્રકરણ (૫)
(અ-૬)
પ્રમાણ પ્ર.
*(અ-૭)
(અ-૫ થી ૧૧)
પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય
(કૌતુકલીલા)
(પ્રચલિત અ. ૧૨-૧૩-૧૪)
પ્રમેય પ્ર.
*(અ-૭)
(અ-૧૨ થી ૧૮)
સાધન પ્ર.
*(અ-૭)
(અ-૧૯ થી ૨૫)
ફલ પ્ર.
*(અ-૭)
(અ-૨૬ થી ૩૨)
પ્રમેય પ્ર.
*(અ-૭)
(અ-૬૧ થી ૬૭)
સાધન પ્ર.
*(અ-૭)
(અ-૬૮ થી ૭૪)
ફલ પ્ર.
*(અ-૭)
(અ-૭૫ થી ૮૧)


જન્મ-પ્રકરણ
રાજસ-પ્રકરણ
ગુણ-પ્રકરણ
પ્રમાણ પ્ર.
*(અ-૭)
(અ-૩૩ થી ૩૯)
પ્રમેય પ્ર.
*(અ-૭)
(અ-૪૦ થી ૪૬)
સાધન પ્ર.
*(અ-૭)
(અ-૪૭ થી ૫૩)
ફલ પ્ર.
*(અ-૭)
(અ-૫૪ થી ૬૦)
વ્યૂહ પ્રાકટ્ય-વાસુદેવ
વિષય - શ્રીકૃષ્ણાવતારનો હેતુ
(અ-૧)
સંકર્ષણ
ભગવાનનો પ્રાકટ્યનો ઉદ્યમ
(અ-૨)
પ્રદ્યુમ્ન
રૂપાન્તર સ્વીકાર
(અ-૩)
અનિરુદ્ધ
માયાથી નાટ્ય
(અ-૪)
ઐશ્વર્ય
(અ-૮૨)
વીર્ય
(અ-૮૩)
યશઃ
(અ-૮૪)
શ્રી
(અ-૮૫)
જ્ઞાન
(અ-૮૬)
વૈરાગ્ય
(અ-૮૭)

* પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ-પ્રકરણોનાસાતે અધ્યાયોમાં સામાન્યતઃ ક્રમશઃ, ૧. ઐશ્વર્ય, ૨. વીર્ય, ૩. યશઃ, ૪. શ્રી, ૫. જ્ઞાન, ૬. વૈરાગ્ય (ભગવાનના આ છ ધર્મ) તથા ૭. ધર્મી (ભગવાન્)નું વર્ણન છે. તામસ-ફલ-પ્રકરણમાં, સર્વત્ર સાતે રૂપે લીલા હોવા છતાં, ક્રમશઃ મુખ્ય છે, - ૧. ઐશ્વર્ય, ૨. વીર્ય, ૩. યશઃ, ૪. શ્રી, ૫. ધર્મી, ૬. વૈરાગ્ય, ૭. જ્ઞાન.

વિશેષ - વિચાર : ૧. લોકમાં તથા ગીતાજી-વગેરેમાં સાત્ત્વિકને ઉત્તમ, રાજસને મધ્યમ અને તામસને હીન ગણેલા સામાન્યતઃ દેખાય છે. આ સ્વભાવક્રમછે. અહીં ભગવત્-સ્વરૂપ-સન્નિષ્ઠ (દૃઢાગ્રહવાળા) ભક્તોને તેમના ભાવાનુસાર તામસ-ભાવવાળા (ઉત્તમ) ગણેલા છે, પછી રાજસભાવવાળા ભક્તો, પછી સાત્ત્વિક-ભાવવાળા ભક્તો છે. ભક્તોના આ ભાવાનુરૂપ ભગવાનની લીલાઓ તામસ-રાજસ-સાત્ત્વિક છે. અહીં લોક-વેદથી ક્રમની વિપરીતતા પુષ્ટિ છે. ૨. દશમસ્કન્ધના પૂર્વાર્ધમાં (અ. ૧ થી ૪૬) અઢી પ્રકરણો છે, - જન્મપ્ર. + તામસ પ્ર. + અર્ધું (પ્રમાણ-પ્રમેય) રાજસ પ્ર; ઉત્તરાર્ધમાં (અ. ૪૭ થી ૮૭) પણ અઢી પ્રકરણો છે, - અર્ધું (સાધન-ફલ) રાજસ પ્ર. + સાત્ત્વિક પ્ર. + ગુણ પ્ર. આમ, પ્રકરણ-વિચારે વિભાગ છે, અધ્યાયસંખ્યા (૪૬ + ૪૧)ના વિચારથી નહિ. ૩. ગુણ પ્રકરણના છ અધ્યાયો, - ભગવાનના તે ગુણો (ભગ) સ્વતઃ સિદ્ધ છે, નિત્ય છે, કૃષ્ણ "સ્વયં ભગવાન્" છે, - તેમદર્શાવનારા છે. અન્યમાં તેમાંના કોઈ ગુણો ભગવદિચ્છાકાર્ય - પૂરતા જ, અનિત્ય, હોય છે.

એકાદશ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૨, કુલ અધ્યાય-૩૧
શ્રીગોવર્ધનનાથજીનું-મસ્તક

મુક્તિ-લીલા
(અન્યથા-રૂપના ત્યાગ-પૂર્વક સ્વરૂપમાં સ્થિતિ)


જીવમુક્તિ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૨૯)
બ્રહ્મભાવ (મુક્તિ) પ્ર.
(જ્ઞાનથી)
(અવિદ્યાનાશથી)
(વિદ્યાપ્રાપ્તિથી)
(અધિકારી-શ્રોતા-(નિમિ) જનક)
(વક્તા - નવ યોગેશ્વરો)
(અ-૧ થી ૫)
વૈરાગ્ય
(અ-૧)
સાંખ્ય
(અ-૨)
યોગ
(અ-૩)
તપઃ
(અ-૪)
ભક્તિ
(અ-૫)
સાયુજ્ય મુક્તિ પ્ર.
(ભક્તિથી)
(તત્ત્વાતિક્રમણથી)
(અધિકારી-શ્રોતા-ઉદ્ધવ)
(વક્તા - શ્રીકૃષ્ણ)
(અ-૬ થી ૨૯)
બ્રહ્મમુક્તિ
પ્રકરણ (૨)
(આસુર-વ્યામોહ-લીલા)
(મનુષ્ય-નાટ્ય-ત્યાગ)
(અ-૩૦-૩૧)
(અહંતા-ત્યાગ)
(અ-૩૦)
(મમતા-ત્યાગ)
(અ-૩૧)

દ્વાદશ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૫, કુલ અધ્યાય-૧૩
શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-કરકમલ

આશ્રય-લીલા

(સર્વનાં ઉત્પત્તિ-સ્થિતિ-લય જેનાથી થાય છે તે બ્રહ્મમાં સ્થિર થવું)

આશ્રય
- (હરિ) શ્રીકૃષ્ણાશ્રય પ્રકરણ (૧)
  - (અ-૩)
    - (અ-૧ થી ૩)
- જગદાશ્રય પ્રકરણ (૨)
  - (અ-૨॥)
    - (અ-૪ થી ૫॥)
- વેદાશ્રય પ્રકરણ (૩)
  - (અ-૧॥)
    - (અ-૫॥ થી ૭)
- ભક્તિયોગાશ્રય પ્રકરણ (૪)
  - (અ-૩)
    - (અ-૮ થી ૧૦)
- શ્રીભાગવતાશ્રય પ્રકરણ (૫)
  - (અ-૩)
    - (અ-૧૧ થી ૧૩)

ઈતિ શ્રીતત્ત્વાર્થદીપ-નિબન્ધાનુસારી પ્રકરણાધ્યાયાર્થ-વિભાગઃ સમાપ્તઃ ॥

વિશેષ - વિચાર : પ્રભુને પ્રસન્ન-પ્રાપ્ત-કરવા માટે પ્રેમ સિવાય કોઈ મુખ્ય સાધન નથી. તે પ્રેમનું નિશ્ચિત સાધન છે,- શ્રીમદ્-ભાગવત ! સંસારમાં વૈરાગ્ય-પૂર્વક, શ્રીભાગવતના યથાર્થ તાત્પર્યને સમજીને, ભક્તમુખે એક વખત શ્રવણ-માત્રથી કૃષ્ણમાં નિશ્ચિત પ્રેમથાય છે. શ્રીભાગવતાર્થના અજ્ઞાન કે અન્યથાજ્ઞાનથી ભક્તિ સંભવતી નથી. શ્રીભાગવત દ્વારા ભક્તિ તો વેલની જેમ વધતી રહે છે, શીઘ્ર કૃષ્ણ-ફલને પ્રાપ્ત કરાવે છે. આનંદ-રૂપ હરિની આનંદ-રૂપા લીલા સર્વદુઃખ હરનારી, સ્વતઃ પુરુષાર્થ-રૂપા છે. શ્રીભાગવત શબ્દતઃ અને અર્થતઃ શ્રીકૃષ્ણનું (નામાત્મક) સ્વરૂપ છે. તેના પાઠથી નિશ્ચિતરીતે કૃષ્ણ ધારણ થાય છે. અર્થતઃ જાણેલા આ ભગવાન્ ભક્તિનું પ્રદાન કરે છે.

"શ્રીહરિઃ"

"सा विद्या तन्मतिर्यया..."

"વિદ્યાનિધિ" (ટ્રસ્ટ) દ્વારા પ્રકાશિત ગ્રંથો

ક્રમ	ગ્રંથ નામ	ન્યોછાવર રૂ. (પોસ્ટેજ અલગ)
(૧)	શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ (પાંચમી આવૃત્તિ) શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રી સુબોધિનીજી આદિના આશય સહિત ગુજરાતી કથાત્મક	૩૦૦-૦૦
(૨)	સુમંગલ-નવનીત-સંચય : કથા પ્રવાસમાંથી નડિયાદની શ્રીગૌશાલા (ભગવન્મંડલીને લખેલાં પત્રો તથા સુમંગલ વાક્યો)	---
(૩)	સુલભ શાન્તિ (ગુજરાતી) પુષ્ટિમાર્ગના વિચાર - આચારનું સરલ નિરૂપણ	---
(૪)	સુલભ શાન્તિ (હિન્દી) પુષ્ટિમાર્ગના વિચાર-આચારનું સરલ નિરૂપણ	૨૦-૦૦
(૫)	કરાલ કલિકાલમાં કલ્યાણ કલ્યાણના ઉપાયો. શિક્ષાપત્ર-૧૯ નું વિવેચન	---
(૬)	ત્રિવિધ - નામાવલી શ્રીમહાપ્રભુજીએ રચેલ ભગવાનની ત્રિવિધલીલાનાં સારરૂપ નામ- બાલ-પ્રૌઢ-રાજલીલા	---
(૭)	દુઃખ દયાનું દાન શિક્ષાપત્ર-૧૦નું વિવેચન દુઃખ કર્મફલનથી	---

	દયાનું દાન છે.	
(૮)	જીવન-મંગલ પુષ્ટિમાર્ગીય પદાર્થનું નિરૂપણ	---
(૯)	શ્રીપુરુષોત્તમનામ-સહસ્રસ્તોત્ર શ્રીમહાપ્રભુજીના ગ્રંથનું અર્થ સાથે નિરૂપણ નમસ્કારાત્મક નામનિર્દેશ	૨૫-૦૦
(૧૦)	પત્ર-પરિમલ કથા પ્રવાસમાંથી નડિયાદની શ્રીગૌશાલા ભગવન્મંડલી ને લખેલાં પત્રો.	---
(૧૧)	વ્રજ-વિહાર વ્રજના લીલા સ્થળોનું સશાસ્ત્ર ઐતિહાસિક નિરૂપણ.	૬૦-૦૦
(૧૨)	શ્રીમદ્ ભાગવતમાં અદ્‌ભુત-વિજ્ઞાન-વિહાર (સંસ્કૃત-ગુજરાતી-અંગ્રેજી) શ્રીમદ્ ભાગવતમાંના અદ્‌ભુત વિજ્ઞાન પ્રસંગો.	૧૦૦-૦૦
(૧૩)	ગીતા-ગુંજન (હિન્દી) શ્રીમહાપ્રભુજીની દ્રષ્ટિએ ગીતા કથાસાર	---
(૧૪)	પુષ્ટિ-પુલિન ગાગરમાં સાગરની જેમપુષ્ટિમાર્ગીય શાસ્ત્ર-આચાર-સ્વરૂપ-સેવાનું નિરૂપણ.	૨૦૦-૦૦
(૧૫)	કુર્યાત્ સદા મઙ્ગલમ્ લગ્નનો વિધિ તથા મઙ્ગલાષ્ટક	૨૦-૦૦
(૧૬)	વિજ્ઞપ્તિ (હિન્દી) શ્રીગુસાંઈજીએ કરેલી વિજ્ઞપ્તિ-પ્રથમ સાન્વયાર્થ.	---

(૧૭)	શ્રીમદ્ ભાગવત - મહાપુરાણમ્ (સાત્વત-સંહિતા) (સંસ્કૃત) (બીજી આવૃત્તિ) શ્રી મહાપ્રભુજી સંમત પાઠભેદયુક્ત સાત્વત સંહિતા.	---
(૧૮)	પુષ્ટિ ત્રિવેણી પુષ્ટિપ્રભુ - પુષ્ટિભક્તિ-પુષ્ટિભક્તના ચરિત.	૩૦-૦૦
(૧૯)	શ્રીમદ્ ભાગવત - સિંહાવલોકન (અંગ્રેજી - હિન્દી - ગુજરાતી) શ્રીમદ્ ભાગવતનું સામાન્ય રેખાંકન.	૨૦-૦૦
(૨૦)	ગીતા-ગુંજન (અંગ્રેજી ભાષાંતર) શ્રીમહાપ્રભુજીની દષ્ટિએ ગીતા કથાસાર-આધુનિક લોકોની સુવિધા માટે અંગ્રેજીમાં.	---
(૨૧)	વાક્યવિનોદિની-અંગુલિ નિર્દેશ સાથે. શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ ના પ્રત્યેક સ્કંધમાંથી વાક્ય સંચય તથા ભગવાનની વિશ્વ-લીલા, ભારતીય - હિન્દુ - વૈષ્ણવ - રૂપ દર્શન. બ્રાહ્મણ ગૌરવ - વૈષ્ણવજીવન પદ્ધતિ	---

અન્યત્રથી પ્રકાશિત

(૧) શ્રી સ્વામિન્યષ્ટકમ્
શ્રી ગુસાંઈજીએ રચેલા સ્તોત્રનો ભાવાર્થ

(૨) ગુપ્તરસ
શ્રી ગુસાંઈજીના ગ્રંથનો ભાવાર્થ

(૩) શ્રીમદ્ભાગવત પ્રથમનજરે (ગુજરાતી)
શ્રીમદ્ભાગવતનું સામાન્ય અવલોકન

(૪) શ્રીમદ્ ભાગવત પ્રથમનજરે (અંગ્રેજી)
શ્રીમદ્ ભાગવતનું સામાન્ય અવલોકન

(૫) પુષ્ટિમાર્ગ
પુષ્ટિમાર્ગની સામાન્ય રૂપરેખા

(૬) પુષ્ટિમંગલ
પુષ્ટિમાર્ગીય સ્તોત્ર-કીર્તન-ધોળ-પદ વગેરેનો સંગ્રહ.

(૭) સંગ્રહકુંજ
વિવિધ સ્તોત્ર-પદ-કીર્તન વગેરેનો સંગ્રહ.

(૮) દ્વિજ-દિવ્યતા
યજ્ઞોપવીતના મંત્રોનું ગાયત્રીના વિવિધ અર્થો સાથે સામાન્ય નિરૂપણ.

(૯) નટવરપ્રભુની ગૌરવગાથા
અમદાવાદમાં વિરાજતા શ્રીનટવરલાલજી તથા પૂ.પા.ગો.૧૦૮ શ્રીનટવરગોપાલજી મહારાજશ્રીના જીવનનું સુરેખ સંકલિત નિરૂપણ.

(૧૦) પુષ્ટિબિન્દુ
પુષ્ટિમાર્ગીય કીર્તન-પાઠ-સ્તોત્રનો સ્વલ્પ સંગ્રહ